
# શ્રી રંગ જન્મશતાબ્દી સંકેત શતક

(કર્મકાંડ)



## રંગ અવધૂત મહારાજ

(નારેશ્વર)

સ્વસ્વરૂપમાં સ્થિર સર્વદા, બ્રહ્મનિષ્ઠ ને યોગીવરા,
દ્વિજકુલતિલક ને શાન્ત શ્રોત્રિય સંત કલિકલ્મષહરા.

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# કર્મની ગતિ

ઓ દુનિયાના દુઃખ હરનારા તું જાતે દુઃખી કેમ થયો ?
મા-બાપને જોયાં બંધનમાં પછી ગોકુળમાં તું કેમ ગયો ?

તું ચૌદ ભુવનનો છે સ્વામી,
ઘટ ઘટ વ્યાપી અંતર્યામી,
સુંદર સઘળાં સ્થળ છોડીને
તારો જન્મ જેલમાં કેમ થયો ?... ઓ દુનિયાના..

તું અજય અભય ને અવિનાશી,
પછી કો'ની બીકે તું ગયો નાસી ?
મધરાતે ને ભર વરસાદે
તું કે'ને શીદ હેરાન થયો ?... ઓ દુનિયાના..

તું જગદ્‌ગુરુ ને યોગેશ્વર,
ગીતા ભાગવતનો જ્ઞાનેશ્વર,
નિર્બંધ છતાં વ્રજ ગોવાલણના
બંધનમાં તું કેમ રહ્યો ?... ઓ દુનિયાના..

પ્રારબ્ધ સહુએ ભોગવવાનું,
કર્માધીન સુખ દુઃખ મળવાનું,
સંસારી એમાં શું સમજે ? પણ
પાપીગણુ તો સમજી ગયો... ઓ દુનિયાના..

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

| | | |
|---|---|---|
| મુદ્રક | : | અંબિકા પ્રિન્ટર્સ<br>અમદાવાદ.<br>(૦૭૯-૨૫૪૫૩૯૦૪) |
| ગ્રાફિક્સ | : | શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય<br>**'રાહ-રંગપ્રેમની'**<br>'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,<br>ગોપી-વિદ્યાનગર રોડ.<br>આણંદ- ૩૮૮ ૦૦૧.<br>(૦૨૬૯૨-૨૪૯૪૫૫) |
| પ્રકાશક | : | પ્રેમજયંતી સમિતિ<br>અમદાવાદ<br>૯૮૨૪૫ ૦૪૨૦૬ |
| આવૃત્તિ | : | દ્વિતીય<br>અક્ષય તૃતિયા, ૨૦૬૨,<br>રવિવાર, ૩૦મી એપ્રિલ, ૨૦૦૬.<br>(પરશુરામ જયંતી) |

**: પ્રેમ અમૃત વર્ષ :**

| | | |
|---|---|---|
| પ્રત | : | ૫૦૦ |

**રૂપિયા પચીસ**

# આશીર્વચન

**मत्तः परतरं नान्यत् किंचिदस्ति ।**

ભગવાન રંગાવધૂત ગુરુમહારાજની દૃષ્ટિમાં બધાં એના જ સ્વરૂપો છે. તેથી તેમને કોઈને માટે પણ અંશમાત્ર પક્ષપાત નથી. પરંતુ ગુરુમહારાજનો આ પક્ષપાતરહિત સ્વભાવ સહજ રીતે સમજવામાં આવતો નથી. એનો ગહનતાપૂર્વક વિચાર કરવાથી જ સમજવામાં આવે છે. જો આ સ્વભાવ કોઈની સમજમાં આવી ગયો તો તે ભગવાનનો ભક્ત બની જાય છે.

પૂ.શ્રીના આવા પક્ષપાતરહિત સ્વભાવને સમજવામાં મદદરૂપ બને એવાં શ્રીગુરુલીલામૃતનાં કેટલાક સંકેતોની વિગતે સમજ આપતી આ પુસ્તિકા વાચકને સાધના પથ પર પ્રગતિ કરવામાં મદદરૂપ બનશે એવી શ્રદ્ધા છે.

ગુરુમહારાજની જન્મશતાબ્દી પ્રસંગ આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. આજે ૧૦૮મી શ્રીરંગજયંતી પ્રસંગે એનું પુનઃસંસ્કરણ થઈ રહ્યું છે તે આનંદની વાત છે. આ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન માટેની પ્રેરણા આપનાર રંગભક્તની ભાવના પ્રસંશનીય છે.

પૂ.શ્રી વિરચિત શ્રીગુરુલીલામૃત પોતે જ આશીર્વાદરૂપ છે પછી અન્યના આશીર્વાદની અપેક્ષા શા માટે?

ગુરુમહારાજની સૌ પર આશિષ વર્ષા હો !

ૐ
**પ્રેમ**

અવધૂત કુટિર
લીંચ (ઉ.ગુ.) - ૩૮૪ ૪૩૫
(૦૨૭૬૨-૨૮૨-૩૪૩)

# લેખકનું નિવેદન

ભગવાન રંગાવધૂતજીની જન્મ શતાબ્દી પ્રસંગે સંકેત આપતાં સો દોહરાની સમજણ આપવાનો વિચાર આવેલો અને એ નિમિત્તે પુસ્તકનું નામ 'શ્રી રંગ જન્મ શતાબ્દી સંકેત શતક' રાખવાનું વિચાર્યું.

સૌ પ્રથમ ઉપાસના કાંડમાંથી ૨૫ દોહરા પસંદ કરી પુસ્તક પ્રકાશિત કર્યું.

પછી કર્મ કાંડમાંથી ૩૫ દોહરા પસંદ કરી પુસ્તક પ્રકાશિત કર્યું. આ પુસ્તક વિદેશવાસી સ્નેહી ભાઇ શ્રી શૈલેશ ર. ગાંધીએ એમના પિતાની સ્મૃતિમાં પ્રકાશિત કર્યું.

શતાબ્દી પછીનું વર્ષ "પૂર્તિ વર્ષ" તરીકે જાહેર થયું. એટલે જ્ઞાન કાંડમાંથી ૪૧ દોહરા પસંદ કરી પુસ્તક પ્રકાશિત કર્યું. આમ કુલે ૧૦૧ દોહરાનું વિવરણ કરતાં ત્રણ પુસ્તકો સમયાંતરે પ્રસિદ્ધ થયાં.

ભકત સમુદાય તરફથી ઉમળકાભેર એનું સ્વાગત થયું. પુસ્તકોની પ્રત ખલાસ થઇ ગઇ અને માગણી તો ચાલુ જ રહી. આ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન માટેની પ્રેરણા આપનાર નવસારીના રંગભકતોનો હું આભારી છું.

પૂ.પ્રેમાવધૂતજીના અમૃતવર્ષે જ આ બીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે એને કારણે વિશેષ આનંદ અનુભવું છું.

શ્રીરંગ સાહિત્ય અંગેની મારી પ્રવૃત્તિના ચાલક અને પથદર્શક પૂ.પ્રેમ અવધૂતજીનો હું ઋણી છું.

ભગવાન રંગાવધૂતજીના ચરણોમાં શત શત વંદના કરીને વિરમું છું.

અમદાવાદ. • **કુલીન ગ. ઉપાધ્યાય**

# સંકેત-૧

**સદ્‌ગુણરાશિ સુંદરી, સેવાધર્મ મહાન**
**પાળે નિત્યે પ્રીતથી, દેવ ન જાણે આન.**
**સંત દેખી દોડે મુદા દંપતી બેઉ એહ,**
**પૂજે અતિથિદેવને આણી ઉરમાં નેહ.**

(અ.૫૬ દો.૩૯-૪૦)

આ દોહરા દ્વારા પૂ.શ્રી ત્રણ બાબતો પ્રત્યે આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે. **પહેલું** તો સેવાધર્મ એ મહાન ધર્મ છે. **બીજું** સંતને જોઇને પતિ-પત્ની બંને આનંદથી દોડે છે. પતિ અને પત્નીની દિશા એક જ છે એ મહત્ત્વનું છે અને **ત્રીજું** અતિથિને દેવ માનીને પ્રેમથી એમનો સત્કાર કરે છે.

પતિ અને પત્ની બન્ને એક જ દિશામાં દોડે ત્યારે ઘરમાં સ્વર્ગ ઉતરે. પ્રભુ પણ આવા દંપતીને ઘરે જ પ્રગટવાનું સ્વીકારે છે. પ્રસન્ન દામ્પત્ય જીવનનું ખૂબ ખૂબ મહત્ત્વ છે. આપણા ઋષિ મુનિઓ પરણિત હતા અને પુત્રો-પુત્રીવાળા હતાં. પ્રસન્ન દામ્પત્ય હોય તો "ધન્યો ગૃહસ્થાશ્રમ:|" એ સૂત્ર સાચું પડે. આવા મહેકવાળા દામ્પત્યને જોઇને લગ્નપ્રથાનો સ્વીકાર સરળતાથી થાય. દામ્પત્ય જીવન મીઠું હોય તો બાળકોનો ઉછેર પણ સારો થાય અને બાળકો પણ સદ્‌ગુણી બને.

"કુતરું ખેંચે ગામ ભણી અને શિયાળ ખેંચે સીમ ભણી" એવું દામ્પત્ય જીવન હોય તો રોજે રોજના કંકાસ-ઝઘડાથી બાળકોને લગ્નજીવન પ્રત્યે ધૃણા જન્મે અને લગ્ન ન કરવાની વિકૃતિમાં જઇ પડે. અત્યારના શહેરી દામ્પત્ય જીવનનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતાં જાણીતા સાહિત્ય વિવેચક શ્રી સુરેશ દલાલ લખે છે : "અમે ડ્રોંઇગરૂમમાં

હસતાં અને બેડરૂમમાં ભસતાં.” આજે પણ ભગવાન અવતાર લેવા તૈયાર છે, પણ એ પ્રસન્ન દંપતીની શોધમાં ફરે છે. સાચો ધર્મ, સાચી ભક્તિ, સાચી આધ્યાત્મિકતા આવા પ્રસન્ન દામ્પત્ય જીવનમાં છે. પતિ અને પત્નીની દિશા જુદી હોય, રુચિ ભિન્ન હોય અને બે વચ્ચે રાગ ન હોય તો પછી એવા દંપતીમાં દેખાતી ભક્તિ એ નર્યો દંભ છે, જે એમનું, એમના કુટુંબનું અને સમાજનું અકલ્યાણ જ કરે છે. મહેકવાળું દામ્પત્ય જીવન જીવવાનો પૂ.શ્રીનો સંકેત છે. કિલ્લોલ કરતું કુટુંબ પ્રસન્ન દામ્પત્ય જીવનનો પરિપાક છે. ઘણીવાર ઘરમાં સંપીને નહિ રહેનારા, ઝઘડનારા પતિ-પત્ની સમાજ સેવા કરવા નીકળે છે. એનાથી શો દહાડો વળે?

બીજી વાત પ્રેમપૂર્વક અતિથિને દેવ માનીને તેનું આતિથ્ય કરવાની છે. “અતિથિદેવો ભવ |”નો આચાર લુપ્ત થતો જાય છે તે સમાજનું અધ:પતન સૂચવે છે. વિશ્વકુટુંબની ભાવના ભલે ન રાખીએ, પણ સામે ચાલીને આવેલા અતિથિ માટે પ્રેમથી ઘસાવાનું તો શિખીએ ! સ્વાર્થ કેન્દ્રિત વ્યક્તિની વૃત્તિ એટલી હદે વકરી છે કે તેને પોતાના સિવાય અન્યની હાજરી ખૂંચે છે. અતિથિની સરભરા આનંદ આપવાને બદલે કંટાળાજનક બને છે. ઈરાનથી ઉદવાડા આવેલા પારસીઓ અતિથિ હતા અને તેમને ઉમળકાભેર આવકાર આપ્યો તો એ વાતનું ગુજરાતને આજે ગૌરવ છે.

ત્રીજી અને છેલ્લી વાત સેવાધર્મની છે. સેવાધર્મ મહાન છે અને એ ધર્મ સ્વીકારનાર માટે સેવા સિવાય બીજો કોઈ દેવ નથી. માનવતા એ જ મોટો ધર્મ છે અને સેવાવૃત્તિ દ્વારા જ માનવતાને મહેકાવી શકાય. “હું માનવી માનવ થાઉં તો ઘણું” એવું કવિ સુંદરમ્‌નું વાક્ય યાદ રાખવા જેવું છે.

“સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય |” સેવાધર્મ પરમ ગહન છે અને યોગીઓને પણ અગમ્ય છે એવું કહેવા પાછળનો આશય સેવાધર્મ કેવો કઠણ છે અને છતાં કેવો મહાન છે એ દર્શાવવાનો છે.

સેવાધર્મ અને આતિથ્યભાવ દર્શાવતું કુટુંબ જોવા મળે તો ત્યાં પ્રસન્ન દામ્પત્ય હશે જ, અને આવા જ કુટુંબ પર ગુરુમહારાજ આશિષની વર્ષા કરતા હોય છે. "માનવતાની પરાકાષ્ટા એટલે જ નિગૂઢ દેવત્વની અનુભૂતિ" એવું પૂ.શ્રી અવધૂતજીનું વાક્ય કેટલું સચોટ છે?

પૂ.પ્રેમ અવધૂતજીના જીવન કાવ્યને રજૂ કરતી પ્રેમ ચાલીસાની આ પંક્તિઓ ગણગણવા જેવી છે.

**સેવા ધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.**
**સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.**
**અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.**

ગુરુમહારાજ આ દોહરા દ્વારા આપણને બીજાને ખવડાવવાનો, સેવાધર્મ બજાવવાનો અને દામ્પત્ય જીવનને સંવાદી બનાવવાનો સંકેત આપે છે. ગુરુમહારાજ એવું ઈચ્છે છે કે જો ભક્તો આ રીતે જીવન જીવશે તો એમનું તો સમાજમાં સારું દેખાશે જ પરંતુ એમના ગુરુનું એટલે કે પોતાનું પણ સારું દેખાશે.

મધુરા દામ્પત્યજીવનની મહત્તા સૂચવી, સમાજને સાચું માર્ગદર્શન આપતાં આ દોહરાની શિખામણ જીવનમાં ઉતારી બતાવીએ અને એ દ્વારા ગુરુમહારાજના સાચા સંતાન બનીએ એવાં મનોરથ સેવીએ. રંગ શતાબ્દીની એ જ સાચી ઉજવણી છે.

સંસારથી ભાગવાને બદલે સંસારમાં ભગવાન પ્રગટાવવાની કળા શિખવતા ગુરુમહારાજને શત શત પ્રણામ હો.

●

# સંકેત-૨

**અપકારી પર પણ કરે, જે ઉપકાર સદાય,**
**તે જ સાધુલક્ષણ નકી, શત્રુ મિત્ર ના ત્યાંય.**

(અ.૫૮ દો.૬૬)

આ દોહરા દ્વારા પૂ.બાપજી આપણને સાચો સાધુ કોણ તે જણાવે છે. પૂ.શ્રીએ રચેલી પ્રશ્નોત્તરમાલામાં પૂ.બાપજીએ પહેલો જ પ્રશ્ન એ પૂછ્યો છે કે સાધુ કોણ? (કઃ સાધુઃ). એનો જવાબ આપતાં પૂ.શ્રી જણાવે છે કે સાચો સાધુ તે કે જે સાધનવાન હોય, સાધના કરતો હોય, નહિ કે માળા, મુદ્રાદિ વિ. બાહ્ય ચિન્હોથી શોભતો હોય. (સાધનવાન્ | માલામુદ્રાદિ શોભિતો નૈવ |) પૂ.શ્રી તરત જ બીજો પ્રશ્ન પૂછે છે કે સાધના શું? સાધન કોને કહેવાય? (કિં સાધનં?) આ પ્રશ્નનો જવાબ આપતાં ગુરુમહારાજ જણાવે છે કે વિવેક, વૈરાગ્ય વગેરે અને શમદમ વગેરે ષટ્ સંપત્તિને સાધન કહેવાય. ટૂંકમાં જેણે વિવેક, વૈરાગ્ય, ષટ્ સંપત્તિ અને મુમુક્ષુપણું સિદ્ધ કર્યુ હોય તે (વિવેક વૈરાગ્યાદ્યં, શમાદિ ષટ્કમ્ |).

આ પ્રશ્નો દ્વારા પૂ.શ્રી જણાવે છે કે જેણે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (ષટ્= છ. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ છ દૈવી સંપત્તિને ષટ્સંપત્તિ કહેવાય) અને મુમુક્ષુપણું સિદ્ધ કર્યુ હોય તે જ સાધુ કહેવાય. આવા સાધુ પુરુષમાં રાગ-દ્વેષ હોતો નથી. એને મન બધા જ સરખા જ હોય છે. એને કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી. બધા પ્રત્યે સમભાવ છે. આવા સ્વભાવને કારણે એ **સર્વેડત્ર સુખિનઃ સન્તુ**ની મનોકામના રાખે છે. સારા માણસ સાથે તો સહુ કોઈ સારો થાય પણ ખરાબ માણસ પ્રત્યે પણ સદ્ભાવ દર્શાવે તે જ સાચો સાધુ કહેવાય. સુભાષિતમાં કહ્યું છે કે:

**પ્રેમ** નહિ મળે તો પણ **પ્રેમ** આપ્યાનો સંતોષ થશે.

**ઉપકારિષુ ચ: સાધુ સાધુત્વે તસ્ય કો ગુણ: |**
**અપકારિષુ ચ: સાધુ સ: સાધુ સદ્ભિરુચ્યતે ||**

જેણે 'સર્વં વિષ્ણુમયં જગત્' અથવા 'સર્વં ખલુ ઇદં બ્રહ્મ'નો અનુભવ કર્યો છે તેને માયા હેરાન કરતી નથી. હું-તું અને તે એવો ભેદ રહેતો નથી. જગતની દરેક વસ્તુમાં એક જ પરમ તત્ત્વને એ જુએ છે અને પ્રભુમાં સમગ્ર જગતને જુએ છે.

"પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં ઇકતાર નિહાર ફિરો મનવા" એવું પૂ.શ્રી એ ભજનમાં ગાયું છે તે એમણે જે અનુભવ્યું હતું તે જ ગાયું છે.

સહન કરે તે સાધુ, સાધના કરે તે સાધુ, સત્ તત્ત્વને પામવાનો પ્રયાસ કરે તે સાધુ. સાધુમાં પ્રેમનું તત્ત્વ ખૂબ ઊંચું હોય છે. પ્રેમતત્ત્વને કારણે એનામાં ક્ષમા અને સહનશીલતાના ગુણો વિકસે છે. બીજાને સુખી કરવા માટે પોતે દુ:ખ વેઠવા તૈયાર થનાર એ સાચો પ્રેમી છે. પ્રેમ અપેક્ષા નથી રાખતો પરંતુ ફરજને નજર સમક્ષ રાખે છે. પ્રેમ દેહ જોતો નથી, એ દેહમાં રહેલા આત્માને જ જુએ છે.

ખરેખર તો સાધના કરતાં કરતાં, વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ ને મુમુક્ષુપણું મેળવ્યા પછી, એવા સાધન ચતુષ્ટય મેળવેલ વ્યક્તિ માટે ઉપકાર કરવો એ સહજ બની જાય છે. ઝાડ માટે શિતળ છાંયો કરવો એ સહજ છે, તરસ છીપાવવી એ પાણીનો સહજ ધર્મ છે, એમ સાધુ માટે બીજાનું ભલું કરવું એ સહજ સ્વભાવ બની જાય છે. બીજાનું સારું કર્યા વગર રહી શકે જ નહિ. હા ! કદાચ જગત એને નબળાઈ ગણે, પણ સાધુ તો ક્યાં જગતનો વિચાર કરે છે?

સાધુ બીજાના દોષ પ્રત્યે અંધ છે, બીજાના દોષો જોતો નથી. દત્તપ્રભુએ ચોવીસ ગુરુ કર્યા એનો અર્થ જ એ કે એમણે દરેક સ્થળેથી સારી સારી વાતો સ્વીકારી, સારા ગુણોનો સ્વીકાર કર્યો અને તેથી તો તે ગુણગ્રાહી અવધૂત બન્યાં.

**પ્રેમ**નો બદલો **પ્રેમ** જ હોઈ શકે.

સાધુ બીજાના રાઈ જેવડા ગુણને મોટા પહાડ જેવા કરીને દર્શાવે છે અને પહાડ જેવા દોષને રાઈ જેવડા કરીને દર્શાવે છે. સાધુને બીજાના ગુણ જ દેખાય છે, દોષ દેખાતા જ નથી અને તેથી બધા પર ઉપકાર કરવાનું એને માટે સરળ અને સહજ બની જાય છે.

એના મનમાં કોઇ મિત્ર નથી કોઈ શત્રુ નથી. મિત્રતા અને શત્રુતા રાગ અને દ્વેષમાંથી જન્મે છે. રાગ અને દ્વેષ એ ખોટી વિચારધારાનું પરિણામ છે.

રાગ અને દ્વેષ શું છે? અમુક વ્યક્તિની હાજરી મારા સુખનું કારણ છે અને એની ગેરહાજરી મારા દુ:ખનું કારણ છે એવી ભાવનામાંથી રાગ જન્મે છે, આસક્તિ જન્મે છે. આ વ્યક્તિ ના હોય તો મારું શું થાય? એની હાજરીથી આનંદ થાય અને ગેરહાજરીથી દુ:ખ થાય. જ્યારે આનાથી વિરુદ્ધ એટલે કે અમુક વ્યક્તિની હાજરી એ મારા દુ:ખનું કારણ છે અને તેની ગેરહાજરી એ મારા સુખનું કારણ છે એવી ભાવનામાંથી એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ જન્મે છે. એ વ્યક્તિની ગેરહાજરીથી આનંદ થાય છે અને હાજરીથી દુ:ખ થાય છે. હકીકતમાં સુખ અને દુ:ખ કોઈ કોઇને આપી શકતું જ નથી. દરેક વ્યક્તિ પોત પોતાના કર્મના ફળરૂપ જ સુખ દુ:ખ ભોગવતાં હોય છે.

**સુખસ્ય દુ:ખસ્ય ન કોડપિ દાતા**
**પરો દદાતીતિ કુબુદ્ધિરેષા |**
**અહં કરોમીતિ વૃથાભિમાન:**
**સ્વકર્મસૂત્રે ગ્રથિતો હિ લોક: ||**

પૂ.શ્રી એક ભજનમાં જણાવે છે તેમ “સુખ દુ:ખ મનના સોણલાં, જન્મ મરણ તન ગંધ.” આમ સાધુ પુરુષની દૃષ્ટિ એ અભેદ દૃષ્ટિ છે. તેને બધામાં એક જ પરમાત્મા બિરાજેલો દેખાય છે, તેથી અપકાર કરનારનું પણ એ તો ભલું જ કરે છે. ખરેખર તો આવા અપકાર કરનાર, ખોટું અને ખરાબ કરનાર પર એને ક્રોધ આવવાને બદલે એને એની દયા

આવે છે. સંતોની-સાધુ પુરુષોની અમી ભરેલી દૃષ્ટિમાં પામર વ્યક્તિ તરફ તિરસ્કાર નથી હોતો, ઉલટાનું એના પ્રત્યે દયાભાવ રહે છે, કરુણા રહે છે.

દૈવી ગુણોની સંપત્તિ જીવનમાં મેળવનાર અને સાચવનાર સાધુ પુરુષનું જીવન જ અલૌકિક હોય છે. એના નયનોમાં પ્રેમ અને વાણીમાં મીઠાશ હોય છે. એનાં નેણ અને વેણ પલટાઈ જાય છે. એ સંસારમાં રહેવા છતાં સંસારથી પર, સંસારથી ન્યારો રહે છે. સંસારમાં રહેવું ખરાબ નથી, સંસારને મનમાં રાખવો એ ખરાબ છે. હોડી તો પાણીમાં જ ચલાવવાની હોય, પણ પાણીમાં હોડી ચલાવનારે ધ્યાન એ વાતનું રાખવાનું છે કે પાણી હોડીમાં ન આવે. જો પાણી હોડીમાં આવે તો પછી એ પાણી હોડીને ડૂબાડે.

સાધુનો સ્વભાવ સૂપડા જેવો હોય છે. સારભૂત અનાજ રાખી નકામા ફોતરાં ઉડાડી દે છે. આવા સાધુનો સ્વભાવ પાણી જેવો હોય છે. તે બધામાં ભળી જતો હોય છે. એને મન બધાં જ સરખા, બધા જ મારા અને તેથી પ્રેમથી બધાનું ભલું કરવા દોડે. આપણે પણ આવું જીવન ઘડીએ એવો સંકેત છે.

# સંકેત-૩

**દાનવાન્તક પ્રભુ તમે કરો શીઘ્ર પ્રતિકાર,**
**નહિ તો આગે કઠણ છે દૈત્યતણો સંહાર.**

(અ.૬૧ દો.૮૧)

શ્રીગુરુલીલામૃત એ ભગવાન દત્તાત્રેયે લખાવેલો અને ભગવાન રંગ અવધૂતજીએ લખેલો સમાધિભાષાનો ગ્રંથ છે. આ ગ્રંથનું અનુષ્ઠાન કરનાર પોતાના જીવનને જેમ જેમ શુદ્ધ કરતો જાય, દૈવી ગુણોની સંપત્તિથી ભરતો જાય તેમ તેમ આ ગ્રંથના પારાયણમાંથી એને નિર્મળ આનંદ મળવા માંડે અને અલૌકિક અનુભૂતિ થતી જાય.

બ્રહ્મા, વિષ્ણુ અને ભગવાન શંકર અનુક્રમે સર્જન, પાલન અને સંહારનું લીલાકાર્ય કરે છે. સર્જન, સંવર્ધન- પાલન અને સંહાર પૈકી સંવર્ધનનું કાર્ય અતિ મહત્ત્વનું અને કપરું છે. કોઈપણ વસ્તુનું સર્જન કાર્ય પ્રમાણમાં સરળ છે. વ્યક્તિમાં દ્રઢ સંકલ્પ હોય તો સર્જન કરી શકે. ઘણીવાર આવેશ કે જોશનું વાતાવરણ ઊભું કરીને પણ સર્જન કાર્ય અતિ સરલતાથી થઈ શકે. આપણા સમાજમાં ઊભા થતા મંદિરો અથવા સારી પ્રવૃત્તિ સૂચક હોસ્પિટલો શરૂ કરવામાં ઝાઝી મુશ્કેલી પડતી નથી. લોકોની લાગણીને બહેકાવીને અથવા દેવપુરુષ પ્રત્યેની એની લાગણીનો ઉપયોગ કરીને સંસ્થા ઊભી થઈ શકે છે. કોઈપણ સંસ્થાનો સંહાર ચતુરાઈ અને ચાલાક વ્યક્તિ માટે રમતવાત છે. એ સંસ્થાના કાર્યકરો અંદરોઅંદર ઝઘડીને, અદાલતના પગથીયા ચઢીને સંસ્થાની પાયમાલી કરી શકે છે. પરંતુ સંસ્થાની સંભાળ અને તેનું સંવર્ધન એ અઘરું કાર્ય છે. ભગવાન વિષ્ણુની જવાબદારી સૌથી વિશેષ છે.

ભગવાન શંકરે રાવણને આત્મલિંગ આપી દીધું એટલે એમનું કાર્ય પત્યું, પણ દેવોનું કે અન્યનું શું થશે એ વિચારવાનું ભગવાન

**પ્રેમ** સ્વર્ગનો રસ્તો છે.

બ્રહ્માને માથે આવ્યું. નારદ સાથે આવેલા દેવોને લઈને બ્રહ્માજી વિષ્ણુ પાસે ગયા એટલે આખરે પ્રશ્નના ઉકેલની જવાબદારી ભગવાન વિષ્ણુ ઉપર આવી પડી.

ભગવાન વિષ્ણુ દાનવાન્તક છે, દાનવનો અંત કરનાર છે. દેવ અને દાનવ એ માનવમાં રહેલી સારી અને નરસી વૃત્તિના પ્રતીકો છે. રામ અને રાવણ તથા પાંડવ અને કૌરવનું યુદ્ધ માનવીના હૈયામાં સતત ચાલતું જ રહે છે. લંકાની ભૂમિ પર કે કુરુક્ષેત્રની ભૂમિ પર તો તે યુદ્ધ એક વાર ખેલાયું હતું. જ્યારે આપણા જીવનમાં તો આવું યુદ્ધ સતત ખેલાતું જ રહે છે, સમાજમાં આ યુદ્ધ ખેલાયા જ કરે છે. આવા સદ્‌વૃત્તિ અને દુર્વૃત્તિના *દ્વંદ્વ* યુદ્ધમાં સત્યનો પક્ષ લઈ, ખોટું કરનારનો પ્રતિકાર કરનાર વર્ગ સમાજમાં ઊભો થવો જોઈએ. પૂ.શ્રી પોતાના ભજનમાં લખે છે:

**એકે રાવણને સંહાર્યો, બીજે કંસ અઘાસુર માર્યો,**
**એ છે એક જ તારણહાર, દુર્વૃત્તિ દાનવ સંહાર,**
**જેનો સઘળે જયજયકાર.**

સાચું અને સારું કરવું, એવું કરનારાને પીઠબળ પુરું પાડવું તથા ખોટું અને ખરાબ કરનારને પડકારવામાં સાચી ભક્તિ રહેલી છે. આધ્યાત્મિકતા આચરવાવાળો પુરુષ તો વિનય અને વિવેકથી શાંતિ અને અહિંસાના માર્ગે ચાલી પોતે સાચું અને સારું કરશે, બીજાને એ માર્ગે જવા પ્રેરશે અને ખોટું તથા ખરાબ કરનારને એ ખોટા માર્ગેથી વાળશે. પ્રહ્‌લાદજીએ પોતાના પિતાશ્રી સામે જ બગાવત કરી હતી. હિરણ્યકશ્યપુએ એના બધા જ પ્રયોગો અજમાવ્યા. આવા સમાજને સત્પંથે દોરનાર પ્રહ્‌લાદ જેવા માટે જ નૃસિંહ ભગવાન પ્રગટે છે. નૃસિંહ ભગવાન એ મૃતઃપ્રાય થયેલા સમાજની અંદરથી ખોટા કાર્ય કરનારને પડકારતા સિંહ પુરુષનો જ સંકેત આપે છે. આપણા બાપજી આ અર્થમાં નૃસિંહ ભગવાન હતા.

**પ્રેમ** સંસારની જ્યોતિ છે.

જ્યારે સમાજમાં ધર્મને નામે ધતિંગો ચાલતાં હતાં, સાધુ-સંતો સંસારીને શરમાવે એવા એશ આરામ ભોગવતાં હતાં, પૈસા અને પ્રસાદ માટે સમાજનું અધ:પતન થાય એ રીતે દોરી સંચાર કરતાં હતાં ત્યારે પૂ.શ્રીએ સાચા નિયમો પાળ્યા, સમાજને એ રસ્તે વાળ્યા અને ખોટું કરનારને આંગળી ચીંધીને પડકાર્યા. આ સંદર્ભમાં પૂ.શ્રીનું "ધર્મજનો ધડાકો" પ્રવચન વાંચવા જેવું છે. એમણે કેટલી મોટી ક્રાંતિ કરી? "અમે બધા સંતો એ રેલ્વે સ્ટેશન પર ચેવડો વેચતાં ખૂમચાવાળા છીએ" એવું બોલી એમણે દુર્વૃત્તિ આચરનારને કરેલો લલકાર અને ફેંકેલો પડકાર એ મરેલા સમાજને ચેતનવંતો બનાવનાર સંજીવનીનું કાર્ય કરી ગયો.

સમાજમાં ચાલતા ભ્રષ્ટાચારનો જલદીથી પ્રતિકાર થવો જોઈએ. ખોટું ન કરવું એ સારું છે, સારું કરવું એ સાચું છે પણ બીજાને સારું કરવા પ્રેરવા અને ખોટું કરનારને ખોટું કરતા રોકવા એ પણ એટલું જ અગત્યનું છે. રડતાને છાનો રાખવો એ જેમ દયાનું કાર્ય છે તે જ રીતે એને રડવાનો વારો જ ન આવે એવું કાંઈ કરવું એ પણ ધર્મકાર્ય જ છે.

ભકત અંબરિષને બચાવવા દુર્વાસા ઋષિનો શ્રાપ પોતાના માથે લેનાર અને દશ વાર અવતાર લેવાની જવાબદારી સ્વીકારનાર વિષ્ણુ જ સમાજને સંભાળી શકે, સુવિકસિત કરી શકે અને સુરક્ષિત રાખી શકે. આત્મલિંગ રાવણના હાથમાં ભલે ગયું એમ કહીને ભગવાન વિષ્ણુએ ઉદાસીનવૃત્તિ નથી કેળવી. જેમાં સમાજનું હિત નથી તેવું ન જ થવા દેવું જોઈએ એ ભગવાન વિષ્ણુનું કાર્ય છે. એમણે નારદ અને ભગવાન ગણેશની મદદ લીધી, ભગવાન ગણેશે મૂકેલી શરતો મંજૂર કરી અને આખરે એ આત્મલિંગનું સ્થાપન લંકામાં ના જ થવા દીધું.

**પ્રેમ** ત્યાગના આદર્શને પુષ્ટ કરે છે.

આપણા પરિવારમાં, સમાજમાં, દેશમાં આવા જાગૃત નાગરિકોની જરૂર છે. ખોટું કરવું નહિ અને વિવેકથી ખોટું કરવા દેવું નહિ એવો સંકેત આપણને ગુરુ મહારાજ આપે છે. આને માટે ખુમારીની જરૂર છે. પૂ.શ્રીએ પૈસાને સ્પર્શ નહિ કરવાનો જે આદર્શ સ્વીકાર્યો હતો તેની પાછળ આ ખુમારી લાવવાની નેમ હતી. શ્રીમંતો અને સત્તાધીશો પોતાના સ્થાપતિ હિતો જાળવવા, પૈસાના અને સત્તાના જોરે લોકોની નબળાઈનો લાભ લે એ સ્વાભાવિક છે. પૈસાનો સ્પર્શ નહિ, પ્રચારની પ્રવૃત્તિ નહિ, પ્રવચનની ચળ નહિ અને પ્રતિષ્ઠાની ભૂખ નહીં. આ બધું કરી બતાવે તે દેવપુરુષ.

ભજન-પૂજન કે કથા-કીર્તન એ ભક્તિનું બાહ્ય સ્વરૂપ છે, તે સાધન છે. તે દ્વારા જે મેળવવાનું છે તે દુર્વૃત્તિનો નાશ અને સદ્‌વૃત્તિનો વિકાસ છે. ભજનિકો, પૂજનાચાર્ય, કથાકારો વિ. સમાજને જાગૃત રાખનાર પ્રહરીઓ છે. ભગવાન વિષ્ણુનું દૈવીકાર્ય કરવા માટેના તેઓ પ્રતિનિધિઓ છે.

પૂ.શ્રીએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન સત્યની કેડી પર ડગ મૂકીને, ખોટું કરનારને અનુમોદન નહિ આપીને, જરૂર પડે એ તરફ સમાજને જાગૃત કરીને ભગવાન વિષ્ણુનું કાર્ય જ કર્યું છે. દિવેરનું નિરંજનનું પ્રકરણ શું છે? હનુમાનજીને માટેનું તેલ ગરીબોના ઝૂંપડે ઝૂંપડે વહેંચણી કરાવતા પ્રસંગમાં શું છે? પૂ.શ્રીની ભક્તિ એ ક્રિયાન્વિત ભક્તિ છે. ક્રિયામાં ન મૂકાયેલું જ્ઞાન એ ભારરૂપ છે, બોજારૂપ છે એવું એમણે કહ્યું અને કરી બતાવ્યું.

પૂ.શ્રી આપણને સંકેત આપે છે કે સમાજને સંભાળનાર, સંવર્ધિત કરનાર દેવપુરુષ કંઈ સ્વર્ગમાંથી નથી ઉતરતો, એ તો વ્યક્તિમાંથી જ પ્રગટે છે. આપણે પણ આવો દેવપુરુષ આપણામાંથી પ્રગટાવીએ એ જ રંગશતાબ્દીનું સાચું નજરાણું કહેવાશે.

●

**પ્રેમ** હૃદયથી જુએ છે આંખથી નહિ.

# સંકેત-૪

**નારી  ડૂબે કામથી, નીચ  સેવથી વિપ્ર,**
**રાજા  બ્રહ્મદંડે, યતિ  ભોગસંગ્રહે  ક્ષિપ્ર.**

(અ.૬૧ દો.૧૮૨)

સ્વસ્થ સમાજનું ઘડતર એ સંતોનું લક્ષ્ય છે. જો બળ વગરની વ્યક્તિ માટે મોક્ષમાર્ગ ન હોય તો બળ વગરના સમાજ માટે વિકાસ માર્ગ પણ કેવી રીતે હોઈ શકે? સમાજની કરવટ બદલનારા પૂ.શ્રી જેવા સંતોએ આચાર દ્વારા સમાજને ઉપદેશ આપ્યો છે અને કહ્યા વિના, કરી બતાવીને સમાજને સાચી દિશામાં વાળ્યો છે.

સમાજમાં વર્ણાશ્રમપ્રથા હોય કે ના હોય પરંતુ શ્રમનું વિભાજન અને શ્રમનું વિશિષ્ટિકરણ તો રહેવાનું જ. એમાં કશું ખોટું નથી. એટલું જ નહીં, એમાં જ સમાજનું ભલું છે. આપણા શરીરનાં દરેક અંગ પોતપોતાનું જ કાર્ય કરે છે ને ! આંખ જોવાનું કામ કરે છે પણ એ સાંભળી શકતી નથી. કાન સાંભળે છે તો જોઈ શકતા નથી. પગ ચાલી શકે છે તો ખોરાક ચાવી શકતા નથી. આમ છતાં દરેક અંગ પોતાનું કાર્ય સારી રીતે કરીને શરીરનું પોષણ કરે છે, શરીરને ટકાવે છે. આજ રીતે સમાજમાં પણ સ્ત્રી, બ્રાહ્મણ, રાજા કે યતિ પોતપોતાનું કાર્ય યોગ્ય રીતે કરીને જ સમાજને ટકાવી શકે, સમાજને પોષી શકે.

પરંતુ જ્યારે લોભ, લાલચ, ઉશ્કેરણી કે ગેરસમજથી વ્યક્તિ પોતાનું કાર્ય ભૂલે અને બીજાનું કાર્ય કરવા જાય કે પોતાનું કાર્ય અયોગ્ય રીતે કરવા જાય ત્યારે સમાજ બગડે છે. ભગવાન કૃષ્ણે ગીતામાં કહેવું પડ્યું : **સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ| માતૃદેવો ભવ|** દ્વારા સ્ત્રીનું સર્વોચ્ચ સન્માન છે, **યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ|** (જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં જ દેવો વસે છે) દ્વારા સ્ત્રી પ્રત્યેનો પૂજ્યભાવ વ્યકત થયો છે. તો બીજી

**પ્રેમ** તારક આસક્તિ મારક છે.

બાજુ સ્ત્રીની મર્યાદાનું ભાન કરાવતાં સૂત્રો પણ છે. આ બધાનો અર્થ જ એ કે દરેકે પોતાની મર્યાદામાં રહીને, પોતાની ફરજ બજાવવાની છે.

સમાજના ઘડતરમાં નારીનો ફાળો સૌથી વધુ છે. નાનું બાળક સૌથી વધુ **'મા'** પાસેથી શીખે છે. નારી પરણે ત્યારે ભાર્યા બનીને ઘરનો ભાર વહન કરે છે. શયનેષુ રંભા બનીને પતિનો વંશવેલો ચાલુ રાખે છે અને ભાર્યામાંથી જાયા બને છે. મદાલસાએ પોતાના સંતાનોમાં હાલરડા દ્વારા જ આધ્યાત્મિકતા રેડી હતી. અલર્કને માદળિયું બાંધી એમાં શિખામણની ચિઠ્ઠી મૂકી હતી. દુ:ખના સમયમાં ચિઠ્ઠી પ્રમાણે વર્તશે તો દુ:ખ દૂર થશે એવું આશ્વાસન આપ્યું હતું. માતા, ભાર્યા અને જાયા જેવી સમાજ અને રાષ્ટ્ર ઘડતરની પાયારૂપ વ્યક્તિ જો જાતીયવૃત્તિ-કામ (Sex) ને વધુ પડતું મહત્ત્વ આપીને એમાં જ રચી પચી રહે તો પછી એનામાં અને વેશ્યામાં શું ફેર? લજ્જાની મર્યાદામાં રહીને નારી શૃંગાર સજે એવી અપેક્ષા છે. સતી સ્ત્રી બગડેલા પુરુષને સુધારી શકે પરંતુ બગડેલી સ્ત્રીને સુધારવાની તાકાત સજ્જન પતિમાં નથી એ યાદ રાખવું જોઈએ. જીજાબાઈએ શિવાજીને તૈયાર કર્યા, મા-અનસૂયાએ દેવોને બાળક બનાવ્યા, મદાલસાએ સ્તનપાન દ્વારા જ જન્મ મરણનો ફેરો ટળે એવું જ્ઞાન સંતાનોને આપ્યું. આવી સ્ત્રી કામની પૂતળી- પુરુષની કઠપૂતળી ના બને એવો સંકેત છે. જો સ્ત્રી આવી કામની પૂતળી બને તો પુરુષને અને સમાજને પણ ભોગ વિલાસમાં ડૂબાડી અધ:પતનને માર્ગે લઈ જશે.

વિપ્ર-બ્રાહ્મણ એ સમાજનું બુદ્ધિ ધન છે. જે મહત્ત્વ શરીરમાં મસ્તકનું છે એ જ મહત્ત્વ સમાજમાં બ્રાહ્મણનું છે. બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ. એવો બ્રાહ્મણ ખુમારીવાળો અને દૈવી સંપત્તિ ધરાવતો હોવો જોઈએ. આવા તેજસ્વી, તપોનિષ્ઠ, ખુમારીયુક્ત બ્રાહ્મણ જ વિષ્ણુનું દૈવત છે. બ્રાહ્મણનું સ્થાન સર્વોચ્ચ છે અને એ સ્થાન એણે ટકાવી રાખવાનું છે. બ્રહ્મને જાણનાર બ્રાહ્મણે સમાજને દોરવાનો છે,

**પ્રેમ** આત્માને જુએ છે, આસક્તિ દેહને જુએ છે.

શિક્ષિત કરવાનો છે. એનામાં સદ્‌ગુણો રેડવાના છે. જ્ઞાની બ્રાહ્મણ સમાજમાં માનને પાત્ર છે, આદરનો અધિકારી છે. આવો બ્રાહ્મણ નિર્લોભી હોય અને સાદું જીવન જીવતો હોય અને ઊંચા વિચારોમાં રાચતો હોય (Simple living and high thinking) એ અપેક્ષિત છે. આ સ્થાન માનપૂર્વક ટકાવવું જોઈએ અને એને માટે સંતોષી બની જરૂરિયાત પૂરતું મળી રહે એવું જ ઇચ્છવું જોઇએ. આનાથી વિરુદ્ધ બ્રાહ્મણ સંપત્તિવાન બનવાની ઈચ્છા રાખે, ભોગ વિલાસમાં જીવવા ઈચ્છે તો એ સાચા અર્થમાં બ્રાહ્મણ રહેતો જ નથી. પોતાનાથી ઉતરતા માણસો પાસેથી માન મેળવવાને બદલે પૈસાની અને સ્વાર્થની લાલચમાં બ્રાહ્મણ એની પાછળ પાછળ ફરે, સાહેબ સાહેબ કરે તો એનું બ્રહ્મત્વ લજવાય. ભગવાનની છાતીમાં લાત મારનાર ભૃગુ ઋષિના વંશજ સમા બ્રાહ્મણે લક્ષ્મીથી દૂર રહેવાનું છે. બ્રાહ્મણ કેવો તેજસ્વી, ખુમારીવાળો, તપોનિષ્ઠ અને સંતોષી હોવો જોઈએ એનું જીવતું ઉદાહરણ એ આપણા ગુરુમહારાજ છે. રાજા-મહારાજાઓ એના ચરણ સેવતા હતા, પરંતુ એમણે શ્રીમંતોની શ્રીમંતાઈની શેહમાં આવીને કદી એમની મનમાની થવા દીધી નથી. ભિલોડાના બાજીનું આમંત્રણ સ્વીકારીને અને એ જ ગામના ઠાકોર સાહેબને નારાજ કરવાની હિંમત દાખવીને બાપજીએ બ્રાહ્મણોને તેજસ્વિતાથી જીવવાનો સંકેત આપ્યો છે.

તેજસ્વી બ્રાહ્મણનું એક દૃષ્ટાંત નોંધવું યોગ્ય ગણાશે. એક તેજસ્વી તપોનિષ્ઠ બ્રાહ્મણના આંગણે એક શેઠ સોનામહોરથી ભરેલી પેટી ઊંટ પર મૂકીને આવ્યો. સોનામહોરનો ઢગલો કરી એણે બ્રાહ્મણને પગે લાગીને કહ્યું કે ‘ભૂદેવ ! આ સોનામહોર હું આપને દક્ષિણામાં આપું છું.’ પરંતુ આટલું બોલ્યા પછી અહંકાર સૂચક એક વાક્ય બોલ્યો કે “મહારાજ ! આટલું દાન આપનાર કદી જોયો છે?” બ્રાહ્મણને ગુસ્સો આવ્યો. એને થયું કે, એક તો તારું દાન સ્વીકારીને તારા પર ઉપકાર કરું છું અને ઉપરથી તું રોફ મારે છે?

પરિચિતોના વર્તુળ કરતાં **પ્રેમ**નું વર્તુળ વિશાળ હોય છે.

બ્રાહ્મણે કહ્યું કે "શેઠ ! એક મિનિટ ઊભા રહો." પોતાના ઘરનાં ગોખલા ફંફોળીને જે રકમ મળી તે સવા રૂપિયાની રકમ એ સોનામહોરના ઢગલા ઉપર મૂકીને શેઠને કહ્યું કે, "લો ! આ તમને દાન અને તમારા પ્રશ્નનો જવાબ." શેઠ કરતાં પણ વધુ દાન કરીને શેઠને એક લપડાક મારી. આટલી મોટી રકમને તુચ્છ ગણી પરત કરે તે સાચો બ્રાહ્મણ. જો બ્રાહ્મણ સ્વાર્થ માટે નીચ માણસની સેવા કરે, એની પાછળ પાછળ ફરે, હાજી-હાજી કરે તો એ ડૂબે છે- નામોશીને પામે છે.

રાજાનું કામ રાજ્યનું શાસન કરવાનું છે અને રાજ્યપુરોહિતની સલાહ પ્રમાણે વર્તવાનું છે. રાજા એ ગો-બ્રાહ્મણ પ્રતિપાળ છે. આ રાજા બ્રાહ્મણનું રક્ષણ કરવાને બદલે એને દંડે, શિક્ષા કરે તો એમાં એનું પતન છે.

સંન્યાસીનું પતન ભોગથી અને વસ્તુના સંગ્રહથી થાય છે. સંન્યાસનો અર્થ જ સારી રીતે (સમ્) છોડવું (ન્યાસ) એવો થાય છે. એણે સંસારના ભોગ છોડવાના છે. સંગ્રહવૃત્તિ એ માનસિક બિનસલામતીનું સૂચક છે અને સંન્યાસીને તો ભગવાન પર અડગ અને અતૂટ વિશ્વાસ હોવો જોઇએ. આકાશીવૃત્તિથી જીવતા યતિનો યોગક્ષેમ વહન કરવાની જવાબદારી ભગવાનની છે. સારી રીતે બધું છોડે તેને સંન્યાસી કહેવાય. આવો યતિ સંગ્રહ કરે તો એનો સીધો અર્થ એ જ થાય કે એને ભગવાન પર ભરોસો નથી.

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનું જીવન આપણને એવો સંકેત આપે છે કે સંગ્રહવૃત્તિ રાખવી નહિ, લાલચ માટે નીચ માણસની સેવા કરવી નહિ, ખુમારીપૂર્વક જીવવું અને સંસ્કારહીન શ્રીમંતોની શેહ શરમમાં તણાવવું નહિ. જે ખુમારીપૂર્વક જીવે છે તેને જ કીર્તિ મળે છે અને જેને કીર્તિ મળે છે એને મરેલો કોણ કહેશે? આપણે પણ આ રીતે ખુમારી ભર્યું જીવન જીવીએ એવી પૂ.શ્રીની અપેક્ષા છે.

●

પ્રાણીમાત્ર સાથે **પ્રેમ** કરવામાં જ સાચી માનવતા છે.

# સંકેત-૫

**'નાદત્તં ઉપતિષ્ઠતે' અટલ કાયદો કર્મ,**
**કીધું ભોગવવું રહ્યું ! ક્યાંથી પામે શર્મ?**

(અ.૬૨ દો.૨૨૩)

'વાવો તેવું લણો અને કરો તેવું પામો' એ કહેવતની જેમ આ દોહરામાં પણ કર્મના અટલ સિદ્ધાંતનો સ્વીકાર છે. માણસને મળતાં સુખ-દુ:ખ એ એનાં કરેલાં કર્મોનાં જ ફળ છે. ગીતા પણ કહે છે કે "કર્યા વિના મળતું નથી અને કરેલું ફોગટ જતું નથી." આપણે કરેલું કર્મ ફરીને પાછું આપણી પાસે જ ફળ સ્વરૂપે આવે છે એ યાદ રાખીને કેવળ સત્કર્મો જ કરવા જોઇએ.

શ્રીગુરુલીલામૃતના ત્રીજા અધ્યાયમાં દીપક આખ્યાન આવે છે. વેદધર્મા મુનિ પણ કહે છે કે કર્મનો ક્ષય ભોગવીને કરવો જ ઉચિત છે. આપણા જ કર્મોનું પરિણામ સુખ કે દુ:ખ રૂપે આવે ત્યારે કોઇને પણ દોષ દીધા વિના હસતે મોંએ સ્વીકારી લેવું જોઇએ. પરંતુ આપણે સંસારીજનો સુખ મળે ત્યારે છાતી કાઢીને ચાલીએ છીએ અને દુ:ખ આવે ત્યારે રડીએ છીએ અને બીજાને દોષ દઇએ છીએ.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના સેવા સૌરભમાં જણાવ્યા મુજબ : "માએ દીકરીને ઘઉં વીણવાનું કહ્યું ત્યારે રમવા જવાની ઉતાવળમાં જલદી જલદી ઘઉં જોયા- ન જોયા કરી, પોતાને સોંપેલું કામ પતાવી દીધું. બીજે દિવસે દીકરી જમવા બેઠી ત્યારે રોટલી ખાતાં ખાતાં કાંકરી ચવાઇ એટલે તરત જ ફરિયાદના સૂરમાં માને કહ્યું કે 'બા ! આ રોટલીમાં કાંકરી છે.' માએ શાંતિથી ઉત્તર આપ્યો કે કાલે ઘઉં વીણતી વખતે ધ્યાન રાખ્યું હોત તો અત્યારે જમતી વખતે ફરિયાદ કરવી ના પડત." આ સીધી સાદી જણાતી વાત કર્મના અટલ કાયદા વિશે આપણું ધ્યાન દોરે છે.

**પ્રેમ** પૈસાથી ખરીદી શકાતો નથી.

પૂ.શ્રી પોતાના એક પ્રવચનમાં જણાવે છે કે માણસ ઝેર ખાય છે અને અમર થવાની ઈચ્છા રાખે છે. અમર થવા માટે અમૃત ખાવાનું ગમતું નથી. આમ જે ફળની ઈચ્છા હોય તે ફળ મેળવવાને અનુરૂપ કર્મ કરવું જ રહ્યું. બાવળ વાવનારે યાદ રાખવું ઘટે કે એના પરિણામરૂપ કાંટા જ મળવાના છે. કેરી મેળવવાની ઈચ્છા રાખનારે આંબો જ વાવવો જોઈએ. આ કર્મનો કાયદો અટલ છે. એને ટાળી શકાતો નથી. પૂ.શ્રી લખે છે કે :

**દેવ, ઋષિ, કિન્નર ભલે હોય જ્ઞાની કે મૂઢ,**
**અટલ કાયદો કર્મનો કોઈ ન પામે છૂટ.**

(અ.૩ દો.૪૬)

કર્મનો આ અટલ કાયદો હસતાં હસતાં સ્વીકારે અને એને યાદ રાખીને પોતાનું જીવન ઘડે, સત્પંથે વળે તે જ સંત બને છે. સંતોના જીવનમાં પણ દુ:ખનાં વાદળો ઉમટે છે પણ એ તરફની દૃષ્ટિ તદ્દન નોખી હોય છે. સંતો દુ:ખની વ્યાખ્યા જ બદલી નાંખે છે. પોતના કર્મના ફળ રૂપે આવતી પરિસ્થિતિ સ્વીકારી લે છે અને એ પણ પોતાનું ઘડતર કરવા માટે જ છે એવો ભાવ કેળવે છે. સંતોનું જીવન પણ કેવળ ગુલાબના ફૂલોની સેજ જેવું નથી હોતું. કાંટા-કાંકરા ઉપરથી ચાલનારા સંતોના-મહાન પુરુષના જીવન ચરિત્રો એટલા માટે જ વાંચવા જોઈએ.

જો કરેલા કર્મોનું ફળ ટાળી શકાતું ન હોય, અને એ કર્મનું ફળ પોતાને જ ભોગવવાનું હોય તો શા માટે સારા કર્મો નહિ કરવાં? પોતાના જીવનને દૈવી સંપત્તિથી ભરી દેનારી વ્યક્તિ સુખ-શાંતિ મેળવી શકે છે. સારું કરનારનું હંમેશા સારું જ થાય છે એવું અભય વચન તો ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં આપ્યું છે :

**નહિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ।**

હે ભાઈ ! સારું કરનારની કદી દુર્ગતિ થતી નથી.

**પ્રેમ** આત્માનો સ્વયંભૂ ફૂવારો છે.

વળી, આ દોહરામાં એક બીજી મહત્ત્વની વાત પણ પૂ.શ્રીએ કરી  છે અને તે એ કે જો આપ્યું હશે તો જ મળશે, ન આપ્યું હોય તો નહિ મળે. ભક્તિ અને આધ્યાત્મિકતા ક્રિયાન્વિત થવી જોઇએ, જીવનમાં ઉતરવી જોઈએ. કેવળ વાણી-વિલાસ જીવનમાં મહેક લાવતો નથી. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નંગાને વસ્ત્ર આપો અને રામનું ભજન કરો એ કબીરે આપેલું સૂત્ર છે. કોઈને ખવરાવ્યું હશે તો તમને ખાવાનું મળશે. કોઈને પાણી પાયું હશે તો તમને પાણી મળશે. જે કર્યું હશે, જે આપ્યું હશે તે જ મળશે. ન આપ્યું હોય તે નહિ મળે. “જેવું કરશો તેવું ભરશો.” મહાભારતમાં કર્ણની આવતી વાત આપણે સદાકાળ યાદ રાખવી જોઈએ. કર્ણ મહા દાનેશ્વરી હતો. એને આંગણે આવનારને સુવર્ણ આપીને તેને રાજી કરતો. સોનું આપવાની એની ઉદારતા જગમાં ખ્યાતિ મેળવી ગઈ. મૃત્યુ પછી એને જ્યારે લઈ જવામાં આવ્યો ત્યારે રસ્તામાં એને ભૂખ લાગી એટલે એણે ખાવાનું માંગ્યું. તો એને ખાવામાં સોનું મળ્યું. સોનાનું જ દાન કર્યું હતું એટલે સોનું મળ્યું. અન્નદાન કર્યું ન હતું  તેથી કેવી રીતે અન્ન મળે? પણ સોનું થોડું ખવાય છે? મૂંઝાયેલા કર્ણને દેવદૂતે કહ્યું કે, તમારા જમણા હાથની તર્જની (અંગુઠા પાસેની આંગળી) મોંમાં મૂકો તો થોડી ભૂખ ઓછી થશે, સંતોષ થશે. એણે એ રીતે આંગળી મોંમાં મૂકી તો ભૂખ સંતોષાઈ. કર્ણે આનું કારણ પૂછ્યું તો દેવદૂતે કહ્યું કે તમે કોઈને અન્નદાન તો નો’તું કર્યું. પરંતુ એકવાર એક ભૂખ્યા માણસને આ જ આંગળી ચીંધીને કહ્યું હતું કે જુઓ  ! પેલી જગ્યાએ જાવ, તમને ત્યાં ખાવાનું મળશે. આમ અન્નદાન કર્યું ન હતું માટે તમને અન્ન નહિ મળે પરંતુ આંગળી ચિંધ્યાનું પણ પુણ્ય છે એટલે એ પુણ્યના કારણે આ આંગળી મોંમાં મૂકવાથી તમારી ભૂખ ઓછી થઈ છે. કેવો સરસ બોધ છે!

પૂ.શ્રી આપણને એવો સંકેત આપે છે કે ભૂખ્યાની આંતરડી ઠારવી, દુ:ખિયાને મદદ કરવી, માંદાની માવજત કરવી અને બધા સાથે

હળી મળીને રહેવું. પૂ.શ્રીનું સમગ્ર જીવન-કવન પણ સત્કર્મોથી જ ભરેલું હતું. એમણે પણ તમે સારા કર્મો કરો એટલે સારું ફળ મળશે જ એ વાત પર જ ભાર મૂક્યો હતો. પરંતુ આપણે તો મનને ગમતું કરીને ધાર્યું ફળ મેળવવાની ઈચ્છા રાખીએ છીએ. **"આપ્યું તે તારાને આપી રાચું મન મોઝાર", "નેક કમાઈ કર લે ભાઈ ! ઈસમેં સબકુછ આઈ"** જેવા બોધવચનો પણ સારાં કર્મો કરવાની જ શિખામણ આપે છે. **"કર ભલા, હોગા ભલા"** એ જ સાચું છે. પૂ.પ્રેમ અવધૂતજી જણાવે છે તેમ : પ્રેમ આપો તો પ્રેમ મળશે. પ્રેમ નહિ મળે તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશે જ. કેટલી સારી અને સાચી વાત !

પૂ.શ્રીના સંકેતને સમજીએ અને જીવનનો વ્યવહાર એ રીતે ગોઠવીએ તો શતાબ્દી સાચી રીતે ઉજવી એમ ગણાશે.

●

- કાર્ય એ કાર્ય કરનારનું પ્રતિબિંબ માત્ર છે. અભુતપૂર્વ કાર્યદક્ષતા એ તમારા કાર્ય ઉપર તમે કરેલા હસ્તાક્ષર છે.
- જ્યારે સારા માણસોને જીવનમાં કડવા અનુભવો થાય ત્યારે શું થાય? ત્યારે તેઓ વધુ સારા માણસ બને છે.
- હે ભગવાન ! તું મને મદદ કર કે જેથી મને એ યાદ રહે કે તું અને હું ભેળા મળીને ન ઉકેલી શકીએ એવો કોઈ બનાવ આજે બનવાનો નથી.
- દરકે પડકાર કે આફતમાં તકનું બીજ પડેલું છે. જેનું આબાદીમાં રૂપાંતર થઈ શકે છે.

# સંકેત-૬

**જ્યાં લગ સ્વસ્થ દૃઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ,**
**ભજન કરી ભગવાનનું, થાવું નિ:સંતાપ.**

(અ.૬૭ દો.૬)

સંતતિ અને સંપત્તિ મેળવવાનો સમય એ યુવાનીનો સમય છે. યુવાનીમાં આ ન મેળવે તે પછી ક્યારે પણ નહિ મેળવી શકે. પરંતુ આ તો સંસારીનું ગણિત થયું. જેણે જન્મ મરણનો ફેરો ટાળવો છે તેને માટે તો યુવાની એ ભજન કરવાનો, તપ કરવાનો, સત્કર્મ કરવાનો સમય છે.

**નાયમાત્મા બલહીનેન લભ્ય: |** બળ વિનાના માણસને આત્માનું દર્શન થતું નથી. ભક્તિ એ શરીરમાં શક્તિ હોય ત્યારે કરી લેવાની વસ્તુ છે. જેમ શેરડીમાં વચ્ચેના ભાગમાં જ રસ હોય છે અને એનો ઉપરનો તેમજ નીચેનો ભાગ રસ વગરનો હોય છે તે જ રીતે માણસના જીવનના શરૂઆતના કે અંતના વર્ષો નકામા હોય છે. જીંદગીના વચ્ચેના વર્ષો- યુવાનીના વર્ષો જ કામના હોય છે.

દરેક માણસ- જીવમાત્ર આનંદની ઝંખના રાખતો હોય છે. આનંદ મેળવવા માટે જ એ બધી પ્રવૃત્તિ કરતો હોય છે. જીવ પોતે જ આનંદ સ્વરૂપ છે એટલે પોતાનું મૂળ સ્વરૂપ પામે- આનંદ પામે ત્યારે જ એ ઠરે. પૂ.શ્રી આ દોહરા દ્વારા નિ:સંતાપ થવાનો માર્ગ બતાવે છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિતાપમાં શેકાતા જીવને શાંતિની વર્ષા મળે તો એ આનંદ પ્રાપ્ત કરે. નિ:સંતાપ કેવી રીતે થવાય?

નિ:સંતાપ થવાનો એકમાત્ર રસ્તો ભગવાનનું ભજન- ભગવન્નામસ્મરણ છે. નારાયણ સ્વામીનો દોહરો છે;

**પ્રેમ**માં અપેક્ષા હોતી નથી.

**દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાણ,**
**નારાયણ ઈક મોતકો દૂજે શ્રી ભગવાન.**

નામસ્મરણનો મહિમા એવો અદ્‌ભુત છે કે જેનું સ્મરણ કરવામાં આવતું હોય એના જેવા આપણે થતા જઈએ. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**હરિહરિ ગાતાં રે, હરિજન હરિ થયા,**
**નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયા.**

'ભજન' શબ્દની વ્યાખ્યા કરતાં પૂ.શ્રી જણાવે છે કે 'ભ' એટલે ભવનો- સંસારનો, 'જ' એટલે જન્મ મરણનો અને 'ન' એટલે નાશ કરે તે. આમ ભજન એટલે આ સંસારનો, જન્મમરણનો નાશ કરે તે. સમાજમાં ભજનની વ્યાખ્યા જુદી જોવા મળે છે. ભજન કરવાથી મનને શાંતિ અને આનંદ મળવો જોઈએ. રાગ દ્વેષ હટવા જોઈએ, પ્રેમભાવ વધવો જોઈએ, અહંકાર ઘટવો જોઈએ. આવી વૃત્તિ સાથે જે પ્રભુ સ્મરણ થાય તે જ સાચું ભજન.

પૂ.પાગલ મહારાજ લખે છે કે:

**ભજન કરે સુખ ઉપજે, ભજન કરે દુ:ખ જાય,**
**ભજન કરે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.**

ભૂધરને ભેટવા માટે ભજન છે. સ્વસ્વરૂપમાં સ્થિત થવા માટે ભજન છે. નિ:સંતાપ થવા માટે ભજન છે. ભગવાનમાં મન લાગી જાય પછી તો દુ:ખ જેવું કશું ક્યાં હોય છે? ભજન- નામસ્મરણનો મહિમા સંતોએ ખૂબ ગાયો છે. "કલૌ કેશવ કીર્તનમ્|" કલિયુગ કેવલ નામ અધારા|

કળિયુગમાં કૃષ્ણનું- કેશવનું કીર્તન એ જ સાચો રસ્તો છે. કીર્તન એટલે મોટેથી, તાલબદ્ધ, સમૂહમાં ભગવાનનું નામ લેવું.

**પ્રેમ** અન્યના દુર્ગુણોની ઉપેક્ષા કરે છે.

પૂ.શ્રી લખે છે કે નામસ્મરણથી નામ લેનાર પોતે જ નામી થઇ જાય છે. "રામ રામ" કરનારો પોતે જ રામ સ્વરૂપ બની જાય છે. પરંતુ સાચું ભજન થાય તો, સાત્ત્વિક ભાવથી નામસ્મરણ થાય તો.

વ્યક્તિ સાત્ત્વિક ભાવથી, સાચી રીતે ભજન કરે તો એની વાણી બદલાય, એની આંખ બદલાય અને એનું સ્વરૂપ, એના જીવનનો વ્યવહાર-આચાર બદલાય.

**હરિના નામનો, સૌથી મોટો છે આધાર.**
**નામ રસાયણ લીધું જેણે, નેન વેણ પલટાય,**
**કાયા કંચન સોહન લાગે, ક્રિયા ફરે તત્કાળ. ...હરિના.**

**પાપ જનમનાં પળે પલકમાં, કર્મ બંધ તૂટ જાય,**
**શોકમોહ નાસે મૂઠી દઇ, સુખ વર્ણ્યું નવ જાય. ...હરિના.**

**નામ નામીનો ભેદ મટે ને નામી આપ હો જાય !**
**ગાન ગેય ગાનાર ત્રિપુટી, રંગ એક થઇ જાય !! ...હરિના.**

ભગવાનનું ભજન બધા સંતાપને દૂર કરનારું છે. ભગવાનનું નામામૃત મરણનો ભય દૂર કરનારું છે. પ્રભુનું નામસ્મરણ ભવરોગને મટાડનારું છે. આવું નામસ્મરણ સરળ હોવા છતાં કેમ બધાથી નથી થતું? પૂ.શ્રી લખે છે કે :

**વ્રજવનિતા વર રસ એ જાણે, રસવંતી કો જોગણ રે,**
**રંગ અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે. ...નામ સુધા.**

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષસંશ્રય એ પુણ્યશાળીને જ મળે છે. તુલસીદાસ મહારાજ લખે છે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપીકે ભી હોય,**
**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ હોય.**

"સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત" દ્વારા ચિત્ત (ચિત્ + ત) માંથી વિષયાધ્યાસરૂપી '**ત**' ને દૂર કરીને ચિત્

સ્વરૂપ- ચૈતન્ય સ્વરૂપ થવાનું છે. નામ સ્મરણ હરકોઈ હર સમયે કરી શકે છે પણ કરતા નથી એનું કારણ શું? છોકરાં રમાડવામાં તાળી પાડનારા ભજનમાં તાળી પાડતા કેમ શરમાતા હશે?

સત્કાર્યો કરવાની ઉંમર એ યુવાનીની ઉંમર છે. શરીર સ્વસ્થ હોય, સુદૃઢ હોય ત્યારે તપ અને અનુષ્ઠાન થઈ શકે. **તપ એટલે ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ કષ્ટ ઉઠાવવું તે**. ઘડપણમાં તો શરીર જ કહ્યું કરતું નથી હોતું. રામ રામ બોલવા જાય પણ દાંત વિના લામ લામ બોલે અને નાના છોકરાને હસવાનું મળે. ભૂખ્યાને અન્ન, નંગાને વસ્ત્ર, પ્યાસાને પાણી, રોગીને દવા, નિરાધારને આશ્રય વિ. આપીને પુણ્ય રળવું જોઈએ. પરોપકાર કરવો, બીજાનું ભલું કરવું, દુ:ખિયાની આંતરડી ઠારવી એ જ પુણ્ય અને બીજાને દુ:ખ આપવું એ જ પાપ. પૂ.શ્રી એક પ્રભાતિયામાં ગાય છે કે :

**હાથથી દાન કર, કાનથી શ્રવણ કર,**
**ગાન કર વદનથી નાથ કેરું,**
**સાંગ છે દેહ, સ્વસ્થાક્ષ નર જ્યાં સુધી,**
**પુણ્યપંથે પળી ટાળ તેડું. ...ભાવથી ભજન કર.**

જયારે શરીર સુદૃઢ હોય, સંજોગો અનુકૂળ હોય ત્યારે અભિમાનથી છકી જવાને બદલે પુણ્યકર્મો કરી, ભજન દ્વારા નિ:સંતાપ થાય તે સાચો ભાગ્યવાન. ગુરુ મહારાજ આપણા પર એવી કૃપા કરે કે જેથી આપણે નામસ્મરણ દ્વારા અને સત્કાર્યો દ્વારા સંતાપ વિનાના થઈએ. ગુરુ મહારાજ આ દોહરા દ્વારા સત્કર્મો કરવાનો, નામસ્મરણ કરવાનો અને તે દ્વારા સુખી થવાનો માર્ગ બતાવે છે.

●

# સંકેત-૭

## સદ્‌ગુરુ આશીર્વાદ તે વૃથા કેમ તે થાય?
## નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય.

(અ.૬૭ દો.૪૩)

ગુરુકૃપાહિ કેવલમ્ | **સર્વશ્રેષ્ઠ એક ગુરુકૃપા** એ સૂત્ર અનુસાર ગુરુમહારાજની કૃપાવર્ષા થાય તો પછી અશકયનું પણ શકય થઈ જાય. સાનુકૂલે જગન્નાથે- સાનુકૂલં જગત્ત્રયં | એ ન્યાયે જેને ગુરુમહારાજ અનુકૂળ હોય એને ત્રણે લોક અનુકૂળ થઈ જાય છે.

"અંતર્યામી સચ્ચિત્સુખ બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ" દ્વારા પૂ.શ્રી સદ્‌ગુરુ એ સચ્ચિદાનંદ પરબ્રહ્મ જ છે એવું કહેવા માગે છે. ગુરુ એ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ છે અને ગુરુ એ જ સાક્ષાત્ પરબ્રહ્મ છે. આપણા બધાં શાસ્ત્રો એક વાત પર ભાર મૂકે છે કે ગુરુ વિના જ્ઞાન નથી અને જ્ઞાન વિના મોક્ષ નથી.

સ્કૂલ કે કોલેજમાં શિક્ષકો કે પ્રાધ્યાપકો હોય છે, ગુરુ હોતા નથી. તેઓ માહિતી આપે છે, જ્ઞાન આપતાં નથી. સદ્‌ગુરુ તો એવો હોય કે જેના સાંનિધ્યમાં બેસવા માત્રથી શિષ્યના સંશયો નાશ પામે. ગુરુનું મૌન એ જ વ્યાખ્યાન બનીને સંશય દૂર કરે. ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યસ્તે છિન્ન સંશયા: |

સદ્‌ગુરુના આશીર્વાદ પામવા એ અઘરું કાર્ય છે. ગુરુમહારાજ દિલથી એકદમ પ્રસન્ન થઈ જાય ત્યારે અંતરમાંથી આશીર્વાદ પ્રવાહિત થાય છે. આશીર્વાદ માગવાના નથી હોતા પણ મેળવવાના હોય છે. આપણે કહીએ અને માથે હાથ મૂકે એવું નહિ, પણ આપણી વૃત્તિ અને પ્રવૃત્તિ એવા હોવાં જોઈએ કે જેથી આપણા માથા પર એમનાથી હાથ મૂકાઈ જાય. સેવા દ્વારા ગુરુમહારાજના આશીર્વાદ પામી શકાય.

**પ્રેમ** એ હૃદયની ભાષા છે.

કેવળ ગુરુ મહારાજની સેવા કરવી એવું નહિ, પ્રાણીમાત્રની સેવા કરવાની વૃત્તિ રાખવી એ જ સાચી ગુરુસેવા છે.

**ગુરુસેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,**
**ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,**
**ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી,**
**ગુરુસેવા જેવું ઇતર હૃદયાશ્વાસન નથી.**

સ્વ. મોતીલાલ નહેરુએ એક સિદ્ધ સંતની ખૂબ સેવા કરેલી. એમના પ્રારબ્ધમાં પુત્રયોગ ન હતો પણ એ સંતે પુત્રના આશીર્વાદ આપ્યા હતાં. જ્યારે સ્વ. મોતીલાલ નહેરુના ઘરમાં પુત્રનો જન્મ થયો ત્યારે એ આનંદના સમાચાર સંતને આપવા ગયા. એ સંતે પોતાનો દેહ છોડી દીધો હતો. એટલે એ સંતે પોતાનું શરીર છોડીને, પ્રાણત્યાગ કરીને આશીર્વાદ ફળીભૂત કર્યા. આવા તો ઘણા કિસ્સાઓ છે કે જેમાં આશીર્વાદ ફળીભૂત થાય એ માટે ગુરુએ ન કરવાનું પણ કર્યુ હોય.

સદ્ગુરુએ આપેલો આશીર્વાદ નિષ્ફળ જાય જ નહિ, પરંતુ સૌથી મહત્ત્વની શરત છે : **જે તે વ્યક્તિની નિષ્ઠા**. નિષ્ઠા એ માતા સમાન છે. બાળકના જન્મ માટે ‘મા’નું મહત્ત્વ અતિ છે. પૂ.શ્રી એટલે જ દત્તનામસ્મરણમાં નિષ્ઠાને અનસૂયા સાથે સરખાવે છે.

**વળી દેહ સહ્યાદ્રિ માહૂર હદ્ ત્યાં**
**તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા,**
**નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત**
**તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત.**

(દ.ના.૭૮)

જીવતા ગુરુને પરબ્રહ્મ માનવાનું કામ ઘણું કપરું છે. જીવંત ગુરુ તો સામાન્ય માણસના જેમ દૈનિક ક્રિયાઓ કરે. એટલે એવી ક્રિયા જોઈને શંકા થાય કે પરબ્રહ્મ તે વળી આવું હોતું હશે? મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવ, ગુરુ, વૈદ્ય, જ્યોતિષ વગેરે સાથે નિષ્ઠાપૂર્વક

**પ્રેમ** એ કલા છે અને કલાનું કાર્ય અન્યની સેવા છે.

સંબંધ બાંધીએ તો જ ફળ મળે. જે મંત્ર જપીએ તે મંત્ર આપણું લક્ષ્ય સિદ્ધ કરી આપશે જ એવી ભાવના અને નિષ્ઠા હોવી જોઈએ. એકનિષ્ઠા કે અડગ નિષ્ઠા જ વ્યક્તિને તારી દે છે. નિષ્ઠા એ શ્રદ્ધા પછીનું મહત્ત્વનું ડગલું છે.

હનુમાનજીની પોતાના સ્વામી ભગવાન રામમાં નિષ્ઠા, સતી અનસૂયાની પોતાના પતિમાં નિષ્ઠા, એકલવ્યની દ્રોણની પ્રતિમામાં જીવંત ગુરુની નિષ્ઠા, આપણા ગુરુમહારાજની પોતાના ગુરુ પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજમાં નિષ્ઠા એ આદર્શ દ્દષ્ટાંતો છે. પોતાને જનોઈ દીધી ત્યારે આઠ વર્ષની ઉંમરે પૂ.બાપજીએ વાડીમાં સ્વામી મહારાજના દર્શન કર્યા હતા. માતા રુકમામ્બા બાપજીને અને નાના દીકરા નારાયણને લઈને વાડીમાં સંતના દર્શને ગયા. દૂરથી જ દર્શન કરવાના હતાં કારણકે સ્વામી મહારાજ કોઈને સ્પર્શ કરતા ન હતા. આ પહેલાં અને છેલ્લાં દર્શન. પૂ.શ્રીની ઉંમર ૧૬ વર્ષની હશે ત્યારે સ્થૂલ દેહનો ત્યાગ કરી પૂ.સ્વામી મહારાજ બ્રહ્મલીન થઈ ગયા. સ્વામી મહારાજ સને ૧૯૧૪માં સમાધિસ્થ થયા અને ત્યાર પછી અગિયાર વર્ષે બાપજી નારેશ્વરમાં અનુષ્ઠાન નિમિત્તે ગયાં. નાની ઉંમરે, દૂરથી થયેલા માત્ર એકવારના દર્શન, છતાં પૂ.બાપજી કહેતાં કે તમને મારું માથું ભલે મારા ધડ ઉપર દેખાતું હોય, પણ મેં તો દર્શન કરતી વખતે ચરણમાં મૂકેલું માથું હજી ઉઠાવ્યું જ નથી. જીવ્યા ત્યાં સુધી સ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે જ જીવ્યાં. પૂ.શ્રીએ સ્વામી મહારાજની આજ્ઞાથી જ શ્રીગુરુલીલામૃત ગ્રંથની રચના કરી હતી.

નિષ્ઠા એટલે સ્થિર થવું. ગુરુમાં, મંત્રમાં, દેવમાં વૃત્તિ સ્થિર થાય એટલે મન એને છોડીને બીજે જાય જ નહિ. આવી વૃત્તિ થાય, આવી શરણાગતિ લેવામાં આવે પછી એને એના ગુરુ, દેવ સંભાળે એમાં શું નવાઈ? એક જ ગુરુ, એક જ મંત્ર બે શિષ્યોને આપે છતાં બંને શિષ્યોની પ્રગતિ જુદી જુદી થાય તેનું કારણ એ બંનેની જુદી જુદી નિષ્ઠા.

**પ્રેમ**માં જ સાચું સૌંદર્ય છે.

ગુરુ કહે તેમ કરવાનું, ગુરુ કરે તેમ નહિ કરવાનું. ગુરોરાજ્ઞા અવિચારણિયા | એ નિષ્ઠા આવે તો પછી બાકીનું તો ગુરુમહારાજે કરવાનું રહે છે, અને એ કરે જ છે. માછલી પાણીનું શરણ લે છે, પાણી વિના જીવી શકતી નથી તો પાણી એને સંભાળે છે. ગંગાના ધસમસતા પ્રવાહમાં પ્રવાહની વિરુદ્ધ દિશામાં માછલી જઇ શકે છે. પરંતુ એનું જોઈને હાથી પ્રવાહની વિરુદ્ધ દિશામાં જવાનો પ્રયત્ન કરે તો તણાઈ જાય કારણકે એણે પાણીનું અનન્ય ભાવે શરણ લીધું નથી. પૂ.શ્રી લખે છે કે :

- **શરણાગતને વજ્રપંજર સમ ગુરુ નિર્ધાર,<br>સ્મરણ માત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**
- **શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા દુ:ખની હે તતા ! બ્રિદ તારું,<br>કેમ ભૂલી દમે ભકતજન આ સમે કાં ઉપેક્ષા ગમે દૈવ મારું?**

અડગ નિષ્ઠા રાખનાર શિષ્ય પ્રત્યે, ભક્ત પ્રત્યે હૃદયમાંથી આશીર્વાદ પ્રવાહિત થાય અને એ આશીર્વાદ ફળે, ફળે ને ફળે જ.

આ દોહરા દ્વારા પૂ.શ્રી ગુરુનિષ્ઠા કેવી રાખવી અને નિષ્ઠા હોય તો પરિણામ શું આવે તેની વાત કરે છે અને તે દ્વારા આપણને નિષ્ઠાવાન બનવાનો સંકેત આપે છે. **"હું ગુરુનો ગુરુ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ"** એવી વૃત્તિ થાય તો કાંઈ પામ્યા એવું ગણાય.

•

# સંકેત-૮

**સૂણી વચન ગુરુ સ્મિત કરી કહે સ્ત્રીઓને તપ-**
**પતિસેવા વિણ ના કંઇ, એ જ પરમ છે જપ.**

**પતિસેવા ગતિદા મતા, જેથી રીઝે ઇશ,**
**આપે પર પદ મોક્ષ જે, પતિ જ કેવલ ત્રીશ.**

**પાતિવ્રત્ય થકી નહીં, દુર્લભ કાંઇ ત્રિલોક,**
**ભવતારક પતિ વિણ નહીં સ્ત્રીને ત્રણે લોક.**

(અ.૬૮ દો.૪૮ થી ૫૦)

'ધરતીનો છેડો ઘર', ધન્યો ગૃહસ્થાશ્રમઃ | અને ઘર, એટલે મનને 'હાશ' થાય એવું સ્થળ. આ બધું સુખી કુટુંબ જીવનનું મહત્ત્વ સૂચવે છે. મકાન અને ઘર (House and Home) વચ્ચેનો તફાવત આ દિશા તરફ જ અંગૂલિ નિર્દેશ કરે છે. સુખની-આનંદની શોધમાં નીકળેલા જીવને સાચું સુખ તો પોતાની દૃષ્ટિ સુધારવાથી જ મળી શકે. તીવ્ર વૈરાગ્ય ધરાવતી વ્યક્તિ માટે સંન્યસ્ત માર્ગ સિવાય અન્ય કોઇ માર્ગ નથી તેમ મંદ વૈરાગ્યવાળી વ્યક્તિ માટે આર્દશ ગૃહસ્થ જીવન એ જ યોગ્ય માર્ગ છે.

લગ્નજીવન પ્રત્યે આપણા ધર્મપુરુષો દ્વારા સાચું માર્ગદર્શન મળે તો લગ્નજીવન, કૌટુંબિક જીવન અને સમાજ જીવન મહેકતું થાય. અભિપ્રેરણ (Motivation)નો સિદ્ધાંત સમજાવનાર અબ્રાહમ માસ્લો જન્મથી મળતી પાયાની વૃત્તિઓમાં ત્રણ વૃત્તિને દર્શાવે છે. આ ત્રણ વૃત્તિ છેઃ ખોરાક, આરામ અને જાતિયવૃત્તિ (Sex). લગ્નપ્રથા બુદ્ધિશાળી મનુષ્યોમાં છે પરંતુ પ્રાણીઓમાં નથી, છતાં જાતિયવૃત્તિ તો પ્રાણીઓમાં પણ છે જ અને તેથી તો આ સંસારચક્ર વ્યવસ્થિત ચાલ્યા કરે છે.

ભક્તિ એટલે ઇશ્વરમાં અનન્ય નિર્મળ **પ્રેમ**.

આપણા ઋષિઓ પરણિત હતાં, અનેક સંતાનોના પિતા હતાં અને છતાં ઈશ્વરને પામી ચૂકેલા સિદ્ધો હતાં. કોઈ વ્યક્તિ લગ્ન ન કરવાનું નક્કી કરે તો તેમાં પણ કશું ખોટું નથી. પરંતુ અવિવાહિત લગ્ન જીવન જ મોક્ષ માર્ગમાં સફળતા અપાવી શકે એવી ગેરસમજ-એવો ચેપીરોગ સમાજમાં ન ફેલાય એ જોવાની ફરજ સંત-મહંતોની પણ છે જ. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે બ્રહ્મચર્ય આશ્રમ પાળ્યો. જ્યારે એમના ગુરુ પ.પૂ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વીકાર્યો હતો. **સાધુતા એ વૃત્તિ છે, વેષ નથી** એવું પૂ.શ્રીનું કથન ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરેલું છે.

શ્રીગુણવંત શાહ પોતાના પુસ્તક **"મનનાં મેઘધનુષ"** માં લખે છે કે આપણે લગ્નજીવનને (જાતિયવૃત્તિને) ગંદુ ગણીએ છીએ અને બીજી બાજુ માતૃદેવો ભવનો આદર્શ સમાજ સમક્ષ રજૂ કરીએ છીએ. લગ્નજીવન અને માતૃત્વ-પિતૃત્વ એ એક જ સિક્કાની બે બાજુ છે. કલુષિત, કંકાસ- કલહવાળું દામ્પત્ય જીવન એ સમાજનું કલંક છે. અને એવું લગ્નજીવન જોઈને ઘણા બીકના માર્યા, તિરસ્કારવશ લગ્ન કરવાનું ટાળે છે. બ્રહ્મચર્યને આપણે હજી સાચા અર્થમાં સમજ્યા જ નથી. **પૂ.વિનોબાજી** લખે છે કે- બ્રહ્મચર્યમાં પુરુષમાં સ્ત્રીના અંગોનો વિકાસ થાય છે અને ઉભયત્વ પામી તે તટસ્થ બને છે. બ્રહ્મચર્યનો કે ઉપવાસનો બાહ્ય અર્થ- જડતા ભરેલો અર્થ પકડી આપણે ગેરમાર્ગે ના દોરવાઈએ એટલા માટે તો દુર્વાસા અને ભગવાન કૃષ્ણનો પ્રસંગ ભાગવતમાં મૂક્યો છે.

એકવાર યમુના નદીના એક કિનારે ભગવાન કૃષ્ણ અને ગોપીઓ હતાં, જ્યારે બીજા કિનારે દુર્વાસા ઋષિનો મુકામ હતો. દુર્વાસા ઋષિ માટે વિવિધ વાનગીની ભિક્ષા તૈયાર કરી, ગોપીઓ ભિક્ષા લઈને સામે કિનારે જવા નીકળી. પરંતુ નદીમાં ખૂબ પાણી હતું તેથી સમસ્યા ઉભી થઈ. ગોપીઓએ ભગવાનને પોતાની મુશ્કેલી જણાવી.

**પ્રેમ**ને લેવામાં નહિ, આપવામાં રસ છે.

ભગવાને તરત જ ઉપાય બતાવ્યો. એમણે કહ્યું કે, તમે યમુના મૈયાને જઈને કહો કે, જો કૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો મા અમને માર્ગ આપો. ગોપીઓએ યમુના મૈયાને જઈને એ પ્રમાણે કહ્યું તો માતાજીએ તરત જ માર્ગ આપી દીધો. દુર્વાસા ઋષિને વિવિધ સામગ્રીઓ ભરપેટે જમાડીને પાછી ફરતી ગોપીઓએ જોયું તો નદીમાં પાછું ઘણું પાણી હતું. હવે કેવી રીતે પાછા ફરવું? દુર્વાસા ઋષિએ કહ્યું કે તમે યમુના માને જઈને કહેજો કે જો ઋષિ દુર્વાસા સદાકાળ ઉપવાસી હોય તો મા અમને માર્ગ આપો. ગોપી તો વિચારવા લાગી કે અત્યારે જ વિવિધ વાનગી પેટ ભરીને જમનાર ઋષિ કેવી રીતે ઉપવાસી કહેવાય? અને સદાકાળ ઉપવાસી ક્યાં છે? આમ છતાં ગોપીઓએ જઈને યમુના મૈયાને કહ્યું તો 'મા' એ તરત જ માર્ગ આપી દીધો.

"જિતે રસે સર્વં જિતં" સૂત્રમાં રસને જીતવાનો છે. સ્થૂળ રીતે નહિ ખાનારાનું મન ખાવામાં જ રચ્યું પચ્યું રહે તો એ ઉપવાસ ક્યાંનો? અને ખાધા છતાં જીભને કોઈ રસાસ્વાદ જ નહિ તો એ ઉપવાસી કેમ નહિ? ખાવામાંથી વૃત્તિ ખસી જવી જોઈએ, જીભમાંથી રસ સુકાઈ જવો જોઈએ. **પૂ.પાડુંરંગ આઠવલે** જણાવે છે કે, યાજ્ઞવલ્કય મુનિ પણ આપણી જેમ શિખંડ અને કઢી ખાતાં હતાં પણ આપણી જેમ એમનો જીવ એમાં ભરાઈ રહેતો ન હતો. સારી થયેલી કઢીને આપણે જે રીતે વારંવાર યાદ કરીને વખાણ કરીએ એમ તેઓ યાદ કરતા ન હતાં.

દેવને પણ જન્મ લેવાનું મન થાય એવું દામ્પત્યજીવન જીવવું જોઈએ. આવા સંવાદી દામ્પત્ય જીવનની ઘેરી અસર બાળકો પર થાય છે. આવું દામ્પત્ય જીવન ઊભું કરવા આપણા શાસ્ત્રોએ આપણને બોધવચનો આપ્યા. **સંતાન માટે માત-પિતા એ પૃથ્વી પરનાં દેવ છે, પત્ની માટે પતિ એજ પરમેશ્વર છે.** પતિને રાજી રાખીને ઘરમાં સંવાદિતા જાળવે તો પછી એનાથી બીજી કોઈ ભક્તિ જરૂરી? ઘણાને એવું લાગે છે કે નિયમો ઘડનારા પુરુષો હતા એટલે પુરુષ પ્રધાન

**પ્રેમ** બધા જ સદ્ગુણોની માતા છે.

સમાજે સ્ત્રી ઉપર ઘણી જવાબદારીઓ નાંખી અને એને કચડી નાંખી એનું શોષણ કર્યું છે. જો સ્ત્રી લાચારીથી પતિને દેવ માને તો એ શોષણ છે, પરંતુ સમજીને, કુટુંબમાં બાળકો માટે સારું વાતાવરણ ઊભું કરવા, સ્વેચ્છાએ પતિને અનુકૂળ થાય તો તે લાચારી નથી.

**લાચારીથી પતિનું કહ્યલું કરે તો દૂષણ.**
**સ્વેચ્છાએ સમજીને કહ્યલું કરે તો ભૂષણ.**

આપણે ધરતીને, નદીને, ગાયને કે ગીતાને માતા કહીએ છીએ એનું કારણ જ એ છે કે જે બાળકને, સમાજને પોષે તે માતા, જે સહન કરીને બીજાને સુખ આપે તે માતા. જે ત્યાગીને ભોગવવાનો આનંદ માણે તે માતા અને તેથી માતૃદેવો ભવ | એ પહેલું સૂત્ર છે. સંન્યાસ લીધા પછી સંન્યાસી પૂર્વાશ્રમના કોઈપણ વડીલને પગે નહિ લાગી શકે પરંતુ માતાને પગે લાગવાની છૂટ છે. પુરુષ એ કઠોર છે. આદર્શ અને લાગણીની ઉણપ  છે. અને તેથી જ ભગવાને એને માતૃત્વ આપ્યું નથી. એમ કહેવાય છે કે ભગવાનને દરેક જીવ સાથે રહેવાની ઈચ્છા જાગી એટલે તેણે માતાનું સર્જન કર્યું. આમ માતા એ ભગવાનનું જ સ્વરૂપ  છે.

પતિને દેવ માનવાનો અર્થ એને અનુકૂળ થવું, એના પ્રત્યે ઊંચો આદરભાવ ધરાવવો એ છે. જો પતિ અનુકૂળ થાય તો સમાજમાં એ બાયલો કે લાચાર પુરુષ- કા પુરુષ ગણાશે, જ્યારે પત્ની અનુકૂળ થાય તો એ સતી ગણાશે. એકનાથની પત્ની અનુકૂળ હતી તો બન્નેનું સારું દેખાયું. તુકારામની પત્ની કજીયાખોર હતી તો આજે એને કોઈ યાદ કરતું નથી.

બાળકના ઊછેરમાં માતાનું મહત્ત્વ એટલું બધું છે કે આવી અનુકૂલનવૃત્તિ વાળી સ્ત્રી જ બાળકોમાં સદ્ગુણ સિંચી શકે અને સારા સંતાન હોવા એનાથી બીજું કોઈ મોટું સુખ નથી. બાળકો સારા હોય, ઘરમાં આનંદ કિલ્લોલનું વાતાવરણ હોય તો ઘરમાં સ્વર્ગ જ છે.

**પ્રેમ**ની ભાષા બહેરા સાંભળી શકે છે ને મૂગા સમજી શકે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને આદર્શ દામ્પત્ય જીવન જીવવાનો સંકેત આપે છે. પતિએ પણ પત્નીનું મન સાચવવાનું છે. આપણે આપણા ઘરને તીર્થરૂપ બનાવીએ, મહેકતું કરીએ તો રંગભક્તિ સાચી, નહિતર ભાગેડુવાદના શિકાર.

●

- પ્રેમ કરતા ન આવડે તો તેને ઉપાસના કરતાં પણ ન આવડે.
- પ્રેમનો માપદંડ આપણને કેવી લાગણી થઈ એ નથી પણ બીજાને આપણે કેવી લાગણીની અનુભૂતિ કરાવી શક્યા તે છે.
- આપણી નિષ્ફળતા માટે આપણે બીજાને ક્યારે પણ દોષ દેવો ન જોઈએ. સમય જતાં સત્ય પ્રગટ્યા વિના રહેવાનું નથી.
- માન મેળવવું હોય તો માન આપતા શીખો.
- રાજા સાથે તો દરેક વ્યક્તિ નમ્ર બને છે પરંતુ સામાન્ય વ્યક્તિ સાથે નમ્ર બને તે જ સાચો ખાનદાન છે.
- પોતાની ભૂલમાંથી શીખે તે માણ પણ બીજાની ભૂલમાંથી શીખે તે હોશિયાર માણસ.

# સંકેત-૯

**ગુરુસ્મરણ જો ચિત્તમાં, કોણ બાપડી બીક?**
**કાલમૃત્યુ બાધે નહિ ! ક્યાં અપમૃત્યુ ધિક્?**

(અ.૬૯ દો.૩૧)

મનોવિજ્ઞાન કહે છે કે દરેક વ્યક્તિએ જીવવું જ છે, કોઈને મરવું નથી, કોઈને મરવાનું ગમતું નથી. કોઈવાર દુ:ખથી કંટાળીને બોલે ખરો કે હવે ભગવાન બોલાવી લે તો સારું પરંતુ એમાં મરવાની ઇચ્છા નથી પણ દુ:ખથી કંટાળેલી વ્યક્તિનાં લાચારી અને આક્રોશ છે. પરિસ્થિતિ સારી થઇ જાય એટલે પાછી જીજીવિષા શરૂ.

માણસ જીવવા માટે પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. માણસ નહિ પરંતુ દરેક પ્રાણી છેવટ સુધી પ્રાણ ટકાવવાના પ્રયત્નો કરે જ. સૌથી મોટી બીક મૃત્યુની છે. જુવાનીના જોશમાં કદાચ કોઈ બોલે ખરૂં કે હું મોતથી ડરતો નથી, પરંતુ જ્યારે મોત સામે આવીને ઊભું રહે છે ત્યારે એ થરથર ધ્રુજવા લાગે છે. મરણ સમયે એને અસહ્ય વેદના થતી હોય છે પણ લાચાર બનીને, બેભાન અવસ્થામાં બોલ્યા ચાલ્યા વિના પ્રાણ છોડતો હોય છે. મૃત્યુની આ બીક જ કદાચ માણસને અનીતિ આચરતાં અટકાવે છે. જેણે ખોટું નથી કરવું એણે સદા મરણનું સ્મરણ કરવું.

**દો બાતન કો ભૂલ મત જો ચાહત કલ્યાણ,**
**નારાયણ ઈક મોત કો દુજે શ્રીભગવાન.**

મૃત્યુની બીક મનને ગુરુ સ્મરણ પ્રતિ લઈ જતી હોય, નીતિના પંથે લઈ જતી હોય તો એ Blessing in disguise- આપત્તિમાં છૂપાયેલા આશીર્વાદરૂપ સાબિત થાય.

ગીતામાં **અભયત્વ** પર ભાર મૂક્યો છે. વ્યક્તિને પ્રભુ પર અડગ શ્રદ્ધા હોય અને બધે ભગવાન જ છે અથવા એનાથી ય ઊંચુ ચિંતન કે

બધે હું જ છું એમ લાગે તો પછી બીક લાગતી નથી. વ્યક્તિને પોતાનો ભય નથી હોતો. આપણને બીજાનો જ ભય હોય છે. **દ્વૈતાદ્ભયં |**

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**જ્યાં દેખે ત્યાં રાજ તિહારું,**
**વાત પછી કાં રંગ ડરની રે,**
**મૂળ શોધ કરો અસલી ઘરની.**

આપણે કદી આપણી જાતથી બીતા નથી. માણસ પ્રાણ ટકાવવા માટે ખોરાક ખાય છે. આ પ્રાણ ટકાવવાની સૌથી સબળ વૃત્તિ સંતોષાય એટલે એનામાં સલામતિની ભાવના જાગે છે. હું નહિ હોઉં તો મારી પત્નીનું અને બાળકોનું કોણ? હું ઘરમાં એકલો હોઉં અને મને કંઇ થઇ જાય તો મારું કોણ? મનમાં રહેલી બીક, બિનસલામતિની લાગણી એ માનવ મનનો સૌથી મોટો દુશ્મન છે. માનસિક તણાવ, સંગ્રહવૃત્તિ વિગેરેનું મૂળ આ બિનસલામતિની ભાવનામાં જ છે, અને આવી લાગણી થવાનું મૂળ ખોટી વિચાર પદ્ધતિમાં છે.

માણસમાં રાગ દ્રેષ હોય એટલે એનું ચિંતન ખરાબ અને ખોટું અને એમાંથી માનસિક તણાવ અને બિનસલામતિની ભાવના જન્મવાની જ. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં જણાવે છે કે :

**વિષયેચ્છુને સર્વદા પીડે રાગ-દ્વેષ,**
**મોહશોકશ્રમાદિથી થાય અંતરે કલેશ.**
**ભયશંકાથી ના કદિ, આવે નિદ્રા એમ,**
**અનવસ્થિત મન જેહનું, સદા અસુખી તેમ.**

(અ.૯ દો.૩૭-૩૮)

રાગ-દ્વેષને દૂર કરી- તમારું અંત:કરણ નિર્મળ કરો તો તમે પણ જે ઇચ્છા કરો તે ઇચ્છા ફળે જ અને એ જ કામધેનુ કહેવાય એવું પૂ.શ્રીએ પોરમાં **મુ.ગોવિંદકાકા**ને કહ્યું હતું. મુ.ગોવિંદકાકાએ જ્યારે

**પ્રેમ** જીભથી નહિ, આંખથી વ્યકત થાય છે.

પૂછ્યું કે, બાપજી ! પણ રાગ દ્વેષ જાય કેવી રીતે? ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે, **"શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્"** એવું અવધૂતે અમસ્તું કહ્યું છે?

આમ મૃત્યુની બીક નીકળી જાય તો પછી મૃત્યુ વિશેનો દૃષ્ટિકોણ પણ બદલાઈ જાય. બધા પ્રશ્નો આમ તો દૃષ્ટિકોણના જ છે ને ! જગતમાં રહેવું બંધનકારક નથી પરંતુ જગતને મનમાં રાખવું બંધનકારક છે. મનરૂપી હોડી ભલે સંસારરૂપી સાગરમાં રહે અને તરે, પરંતુ એ સંસારનું ખારું પાણી મનરૂપી હોડીમાં ન પ્રવેશે એની કાળજી રાખવી રહી. મેઘધનુષ્યના સાત રંગો જોવા છતાં આ બધાનું મૂળ તો એક સફેદ રંગ જ છે એ સમજ જવી જોઈએ નહિ. "વાંચ વાંચ વિશ્વગ્રંથ" ભજનમાં પૂ.શ્રી અંતે લખે છે કે :

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા,**
**મેઘધનુષ્ય સપ્તમૂળ એક, રૂપ જૂજવાં !!**

શુકદેવજીની કથા સાંભળ્યા પછી પરીક્ષિતને તક્ષક તો કરડ્યો જ, પરંતુ એ તક્ષક એના દેહને કરડે છે, આત્માને નહિ. પરિણામે મરણની બીક રહેતી નથી. પરીક્ષિતને મૃત્યુની બીક રહી ન હતી.

ગુરુસ્મરણ- હરિસ્મરણમાં જો મન રત થઈ જાય તો બીજી બધી ઝંઝટ જતી રહે છે, જતી ન રહે તો પણ એ ઝંઝટ જેવી લાગતી નથી. કલ્યાણકારી **જપયજ્ઞ** પુસ્તકમાં **પૂ.ડોંગરે મહારાજ** જણાવે છે કે "નામ સાથે પ્રેમ ન કરે ત્યાં સુધી નામીનો-પરમાત્માનો અનુભવ થતો જ નથી. લગ્ન કરતાં પહેલાં વેવિશાળ કરવું પડે છે. વેવિશાળ ન થાય ત્યાં સુધી લગ્ન થતું નથી. સંતો પરમાત્મા સાથે પરણ્યા છે, સંતો પરમાત્મા સાથે એકરૂપ થયા છે. પ્રભુ સાથે પરણવું હોય તો પહેલાં વેવિશાળનો અર્થ છે શબ્દ સંબંધ. પહેલાં શબ્દ સંબંધ (જપયજ્ઞ-સ્મરણયજ્ઞ) થાય છે પછી પ્રત્યક્ષ સંબંધ થાય છે."

**પ્રેમ** એ હૃદયની કવિતા છે જે આંખથી પ્રગટે છે.

નામસ્મરણનો મહિમા ભારે છે. ગુરુનું સતત સ્મરણ કરવાથી મન ગુરુમય બની જાય છે અને પછી તો સ્મરણ કરનાર ગુરુનું સ્વરૂપ પામી જાય છે. કીટ-ભ્રમર ન્યાયે જો ભમરીની બીકને કારણે એનું ચિંતન કરતાં કરતાં કીડો પોતે જ ભમરી બની જતો હોય તો પ્રેમથી ગુરુસ્મરણ કરનાર સતત સ્મરણથી કેમ નિર્ભય ના બને? અરે ! પોતે જ ગુરુ સ્વરૂપ પામે છે. તેથી તો પૂ.શ્રી પોતે લખે છે કે :

**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ.**

(અ.૧૦૬ દો.૨)

ગુરુસ્મરણથી મન સ્થિર થાય છે અને મજબૂત બને છે. 'મન' બંધન અને મુક્તિનું કારણ છે. મન જ જીતાડે છે અને મન જ જીવનમાં હાર અપાવે છે. મન જ રામના દર્શન કરાવે છે અને મન જ સંસારમાં ફજેતીના ફાળકે ચઢાવે છે. આ મનને ગુરુ સ્મરણ જ સ્વસ્થ બનાવી શકે.

**"મન કી હારે હાર હૈ, મનકી જીતે જીત,**
**મન મિલાવે રામ કો, મનહી કરે ફજીત.**

**ધ્યાન અભ્યાસથી વિરતિ- અસિધારથી,**
**નાદ સંધાનથી સુરતી જોડે,**

**ગુરુતણી સેવથી, ઈશની મ્હેરથી,**
**મન તણા મૂળ તો તેહ તોડે."**

ગુરુસ્મરણથી વિષયાકાર ચિત્તમાંથી વિષયાધ્યાસ રૂપી 'ત' જતો રહે છે. એટલે હવે **ચિત્ત ચિત્ત રહેતું નથી પણ ચિત્ બની જાય છે.** (ચિત્ત= ચિત્ + ત). નામસ્મરણ અતિ સરલ છે. એમાં જ્ઞાનની કે દ્રવ્યની કાંઈ જરૂર નથી. અરે ! વાલ્મિકી જેવા રામ-રામ બોલવાને બદલે મરા-મરા બોલ્યા તો પણ રામનું પુણ્ય મેળવીને તરી ગયા.

**પ્રેમ**ની ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે.

ગુરુનું સ્મરણ સદાકાળ રહેવાથી વ્યક્તિ ખોટું કરતો જ નથી. એને પોતાના ગુરુમહારાજની હાજરીનો સતત અનુભવ થાય છે અને તેથી સત્યના પંથે ચાલે છે. સારો સંગ, સારા વિચારો અને સારું આચરણ એ બધું સ્મરણ પ્રભાવે મળી જ રહે છે. **ગુરુના નામના સતત સ્મરણથી જીવ ભાવ ભાગે છે અને આત્મભાવ જાગે છે. લેવાની વૃત્તિ જાય છે અને દેવાની વૃત્તિ જન્મે છે. પ્રેમનો આવિર્ભાવ થાય છે.** સદાચારથી મન- બુદ્ધિ- શુદ્ધ થાય છે અને મન નિર્ભય બની જાય છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી ગુરુસ્મરણનો અને ગુરુ-નિષ્ઠાનો પ્રભાવ સૂચવે છે. આપણે સદ્ગુરુમાં અનન્ય નિષ્ઠા કેળવી આપણું જીવન સદાચારયુકત બનાવીએ અને નિર્ભય બનીએ એવો સંકેત છે. ખોટું કરનાર, પાપાચારીનું મન સદા ભયયુકત હોય છે. એનું હૃદય શિયાળનું હોય છે. તમે તો સિંહના સંતાન છો એ વાતને પૂ.શ્રી યાદ કરાવે છે. આપણે એવા સિંહના સંતાન બનીને ખુમારીપૂર્વક, નિર્ભયતાથી જીવીએ.

●

## ગુરુપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ. જ્ઞાનસૂર્ય સદ્ગુરુનો ભવ્ય આદર્શ સ્હામ રાખી આધ્યાત્મિક આકાશમાં ઊંચે ને ઊંચે ઊડવાની પ્રતિજ્ઞા કરવાનું પુણ્યતમ પર્વ.

**-રંગ અવધૂત**

# સંકેત-૧૦

**અંતર દોષે નિજ ભર્યું, કાઢે પરની ભૂલ,**
**સુખી થાય ના એ કદિ, બોળે બંને કુળ.**
**સ્વદોષો જાણ્યા વિના કેમ થાય મન શુદ્ધ?**
**મન શુદ્ધિ વિણ જ્ઞાન ના, કાં ભૂલે દુર્બુદ્ધ?**

(અ.૭૦ દો.૩૨-૩૩)

"આપણે જગતને સુધારવાની જરૂર નથી, જાતે જ સુધરવાની જરૂર છે" એ બોધ આપતા આ દોહરા દ્વારા ગુરુ મહારાજ આપણને સાચા સુખનો રાજમાર્ગ (High way) બતાવે છે. **"જેવી જેની દૃષ્ટિ, તેવી તેની સૃષ્ટિ"** એ સૂત્ર અનુસાર કમળો હોય તેને બધું જ પીળું દેખાય.

ઘર, સમાજ અને દેશમાં ચાલતા ઝઘડાનાં મૂળમાં પોતે જે માને છે તે જ સાચું, એટલું જ નહિ પણ બીજો માને છે તે ખોટું છે એ માન્યતા રહેલી છે. સાહિત્યકાર ધૂમકેતનું એક વાક્ય યાદ રાખવા જેવું છે. "જો માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જગત જુએ તો અર્ધું જગત શાંત થઇ જાય." પરંતુ બીજાની દૃષ્ટિથી જોવાની સમજ અને ઉદારતા લાવવાનું કાર્ય અઘરું છે.

આ દોહરામાં પૂ.શ્રી **ચાર** વાતો સ્પષ્ટ કરે છે. **એક** તો પોતાનું અંતર દોષથી ભરેલું છે. છતાં તે બીજાની ભૂલ કાઢે છે. **બીજું** આવી પરવંચક દૃષ્ટિથી-બીજાની ભૂલ જોવાની દૃષ્ટિથી વ્યક્તિ કદી સુખી બનતો નથી. આ સુખનો માર્ગ નથી. **ત્રીજું** પોતાના દોષ જાણ્યા વિના, મનની શુદ્ધિ થતી નથી અને **છેલ્લે** મન શુદ્ધિ વિના જ્ઞાન મળતું નથી અને જ્ઞાન વિના મોક્ષ નથી.

આપણા પગને કાંટા ન વાગે કે પગ કાદવથી ના ખરડાય એટલા માટે આખી પૃથ્વીને ચામડાથી ન મઢી શકાય. એ શક્ય પણ નથી

અને સલાહભર્યું પણ નથી. જ્યારે આખી પૃથ્વીને ઢાંકવાને બદલે વ્યક્તિ પોતાના પગને જ ઢાંકી દે, જોડા પહેરી લે તો પ્રશ્ન હલ થઇ જાય. પ્રશ્નનું નિરાકરણ પોતાની દષ્ટિમાં જ છે. **પાપીગણુ**ના ભજનની પંક્તિ ગણગણવા જેવી છે.

**જેવી આંખે દુનિયા જોશો રે, તેવી જણાશે,**
**ભ્રમણમાં ભૂલ્યા રહેશો રે, નહિ સમજાયે.**
**બીજાનાં દોષો જોતાં તમે જાતે દુષિત થાશો,**
**ને અવળે મારગ જાશો રે, નહિ સમજાશે.**

પોતાના દોષો જાણવા અને તે દૂર કરવાનો પ્રયત્ન કરવો એ જ સાધના છે. કારણકે મનને નિર્મળ કર્યા વિના, ચિત્ત શુદ્ધિ વિના ઉપાસના શક્ય જ નથી. મનમાં આવતાં ખરાબ વિચારોને કેવી રીતે દૂર કરવા એનો રસ્તો પૂ.શ્રીએ બતાવ્યો છે. નડિયાદના કુંભનાથ મહાદેવમાં પોતે એક મહિનો રહેવા માટે ગયા હતા ત્યારે નંગડ ધંગડ સાધુઓને જોઇને એમના મનમાં આવેલા કુવિચારોની વાત જાહેરમાં કરી, પોતાના દોષનો હિંમતથી સ્વીકાર કર્યો હતો. બહુ ઓછી વ્યક્તિ પોતાના દોષોનો, ઉણપનો, ભૂલનો આવો જાહેરમાં એકરાર કરી શકે છે. સામાન્ય માનવી તો પાપ કરે અને પછી એને છુપાવવાનો પ્રયત્ન કરે છે.

**ભવરોગનું ઓસડ હરિનામ છે પરંતુ એની ચરી-પરેજી એ કપટરહિત મન છે**. ચરી પાળીને દવા લઇએ તો જ એ દવાની અસર થાય. જો ચરી પાળ્યા વિના દવા લઇએ તો અસર તો નહિ થાય, પણ વિકૃતિ આવશે-Re-action આવશે. પૂ.શ્રી મનને સંબોધીને ક્હે છે કે :

**મન છોડ દે કપટ, હરિપદ ભજ રે.**

**એબ પરાઇ ક્યોં દેખત હૈ?**
**મૈલ ભર્યો નિજ ચિત્ત હરો રે !...મન.**
**ઉપર તો બક હંસ બન્યો હૈ,**
**ભીતર કામ હરામ ભરો રે !...મન.**

**પ્રેમ** થઇ જાય છે, કરવાનો હોતો નથી.

'ગુણગ્રાહી અવધૂત' એ દત્ત ભગવાનની અને એમની પરંપરાના અવતારોની વિશિષ્ટતા છે. સાચું જ્ઞાન મેળવનાર તો પોતાના જ દોષો જોતો હોય છે, પોતાની જાતને જ ટપારતો હોય છે, પોતાને જ સુધારતો હોય છે. પરમાત્માના સર્જનમાં દોષ હોય શાનો? એવી વૃત્તિ કેળવી બીજાની સારી વાતો ગ્રહણ કરવાથી, બીજાના ગુણો જોવાથી વ્યક્તિ સુખ-શાંતિ પામે છે. બીજાનાં દોષો જોવાની, ભૂલો શોધવાની વૃત્તિથી વ્યક્તિને પોતાને જ નુકશાન થાય છે. એનો સ્વભાવ કાગડાના જેવો, બીજાની ગંદી ટેવો- શોધતો થઈ જાય છે. આવી વૃત્તિથી વ્યક્તિમાં અહંભાવ આવે છે અને બીજા પ્રત્યે હલકો ભાવ જન્મે છે. પોતાનામાં દોષો નથી એવું માનનારા જ બીજાના દોષોની વાતો કરે છે, ટીકા ટિપ્પણી કરે છે. દત્ત ભગવાને ચોવીસ ગુરુ- અનેક ગુરુ કર્યા એનો અર્થ જ એ કે દરેક પાસેથી સારું-સારું શીખવાનો પ્રયત્ન કર્યો. ઈશ્વરના સર્જનમાં કંઈને કંઈ ગુણ તો હોવાના જ. આપણને જે વસ્તુ દોષ તરીકે દેખાય તે કદાચ બીજા માટે દોષ ના પણ હોય.

**અમન્ત્રમક્ષરો નાસ્તિ નાસ્તિ વનસ્પતિરૌષધિ વિના |**
**અયોગ્ય: પુરુષો નાસ્તિ યોજકસ્તત્ર દુર્લભ: ||**

દરેક અક્ષરમાં મંત્ર બનવાનું સામર્થ્ય છે, દરેક વનસ્પતિમાં કોઈને કોઈ ઔષધિ રહેલી છે, કોઈપણ માનવી અયોગ્ય નથી. પરંતુ આ બધામાં રહેલા ગુણોને શોધીને તેને બહાર લાવનાર યોજક મળવો દુર્લભ છે. દુર્યોધનને ગામમાં કોઈ સારો માણસ જણાયો નહિ અને યુધિષ્ઠિરને એ જ ગામમાં કોઈ ખરાબ માણસ જણાયો નહિ એ વાર્તાનો સાર એ છે કે વ્યક્તિની દૃષ્ટિ કેવી છે એના પર જ બધો આધાર છે.

માણસના સુખ દુ:ખનો આધાર એનો સ્વભાવ છે, એની વિચારવાની ઢબ છે, એની દૃષ્ટિ છે. માણસમાં પ્રેમભાવ જાગે તો પછી બધા ઝગડા ખતમ થઈ જાય કારણ કે જેનામાં અન્ય વ્યક્તિ માટે પ્રેમ છે

તેને એના દોષો દેખાતાં જ નથી. એ પોતાના દોષો જ જુએ છે. પ્રેમ ભરેલી વ્યક્તિ પોતાનું શુદ્ધિકરણ કરતો રહે છે અને તેથી ધીરે ધીરે તેની વાણી, આંખ વિગેરે એવાં દિવ્ય બને છે કે એનું અદમ્ય આકર્ષણ ઊભું થાય છે. એમની પાસે જવાથી લોકોને શાંતિ મળે છે. એમની પાસે જવું ગમે છે. બીજાના દોષો જોનાર, ટીકા કરનાર ધીરે ધીરે લોકોથી દૂર થતો જાય છે, એકાંતને બદલે એકલવાયો થઇ જાય છે અને પરિણામે મનની શાંતિ ખોઇ બેસે છે.

"નિંદક નિયરે રાખીએ" એવી કબીરની વાણી નિંદા કરનાર આપણા દોષો પ્રત્યે આપણને જાગૃત કરે છે તેથી આપણા પર ઉપકાર કરે છે એવો ભાવ દર્શાવે છે. નિંદા કરનાર એનું મન ગંદુ કરીને આપણું મન શુદ્ધ કરવામાં મદદરૂપ બને છે તેથી આપણે એનો ઉપકાર માનવો જોઇએ. નિંદા કરનાર સાબુનું કામ કરે છે.

ઘરમાં, સંસ્થામાં, પરિવારમાં જ્યાં પણ માણસો સમૂહમાં ભેગા થતાં હોય ત્યાં આવી દૃષ્ટિ કામ કરે તો પ્રેમભાવ જાગે અને રાગદ્વેષ ભાગે. અન્યના દોષો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કેળવે, એને નજર અંદાજ કરે, પોતાના રાઈ જેવડા દોષને પહાડ જેવા ગણે અને બીજાના રાઈ જેવડા સદ્‌ગુણોને પહાડ જેવા ગણે તે જ વ્યક્તિ વિકાસ કરી શકે, એકબીજાને પ્રેમના તાંતણે બાંધી શકે અને સબળ સંગઠન ઊભું કરી શકે. ધર્મ એ ભિન્ન મનોને બાંધનારો વજ્રરસ છે એવા પૂ.શ્રીના કહેવાનો સાર જ એ છે.

પૂ. વિનોબાજી લખે છે કે બે ભાઇબંધોને બને છે, પણ બે ભાઇઓને બનતું નથી. એનું કારણ શું? ભાઇબંધોમાં ફરજ પ્રત્યે સભાનતા છે, જ્યારે ભાઇઓમાં અધિકાર પ્રત્યે સભાનતા છે. જ્યાં જ્યાં ઝગડા, ટંટો ફિસાદ, વાદ-વિવાદ દેખાય ત્યાં સમજી લેવાનું કે વ્યક્તિ બીજાના દોષો શોધવામાં અને પોતાના દોષો ઢાંકવામાં પડ્યો છે. પૂ.શ્રી આવી વૃત્તિ સામે આપણને ચેતવે છે.

**પ્રેમ** સહન કરવાનું શિખવાડે છે.

અમર આદેશમાં પૂ.શ્રી કહે છે કે :

- **જુઓ તો પોતાના દોષ જુઓ, ગાઓ તો બીજાના ગુણ ગાઓ.**
- **ખાઓ તો સ્વકષ્ટાર્જિત ખાઓ.**
- **એકબીજા તરફ દેવદૃષ્ટિથી જોતાં શીખો, દાનવ દૃષ્ટિથી નહિ.**
- **વાંછો તો સર્વકલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહિ.**
- **એકબીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહિ.**
- **એકબીજાના પોષક બનો, શોષક નહિ.**

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને આપણા દોષો શોધીને, એને દૂર કરીને, આપણું મન શુદ્ધ કરવાનો માર્ગ એ જ સુખી થવાનો સાચો માર્ગ છે એવો સંકેત આપે છે. એ સંકેતને સમજીને સદાચાર યુક્ત જીવન જીવીએ તો જીવન, ઘર, પરિવાર, મંગલમય બનશે અને રંગશતાબ્દી સાચી રીતે ઉજવવાનો સંતોષ થશે.

●

- જો તમે તમારું વલણ બદલો તો ખરાબ સમાચારને સારા સમાચારમાં ફેરવી શકાય છે. આ એક સારા સમાચાર છે.
- આપણે પવનને ભલે અનુકૂળ ન કરી શકીએ પણ પવનને અનુકૂળ તો જરૂર થઇ શકીએ.
- વિજેતાઓ આપણાથી કંઇ જુદું નથી કરતાં તેઓ જુદી રીતે કરે છે.
- મહાન માણસોને રાતોરાત સિદ્ધિ મળી હોતી નથી. જ્યારે અન્ય લોકો સૂતા હોય છે ત્યારે રાત્રે પણ તેઓ કપરા ચઢાણ ચઢવાનું ચાલુ જ રાખે છે.

**પ્રેમ** સૌ પર પણ વિશ્વાસ થોડા પર.

# સંકેત-૧૧

**ગુરુસેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,**
**મંત્રતંત્ર કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.**

**તુષ્ટ થતાં ગુરુ સ્હેજમાં થાય નર સર્વજ્ઞ,**
**અષ્ટ સિદ્ધિ વશ ક્ષણ મહીં, થાય સર્વ શાસ્ત્રજ્ઞ.**

(અ.૭૦ દો.૩૯-૪૦)

શ્રીગુરુલીલામૃતના ૧૯૦૦૫ દોહરામાં મુગુટમણિ સમા કેટલાક દોહરામાં આ દોહરા મોખરે છે. આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને કહેવાનું બધું જ કહી દે છે, ફકત આપણે માટે કરવાનું જ બાકી રહે છે. આ દોહરાને જીવનમાં ચરિતાર્થ કરી બતાવનાર પોતે ગુરુસ્વરૂપ બની જાય છે.

“ગુરુ અંધકારમાં પ્રકાશ કરનાર છે, ગુરુ વિના જ્ઞાન નથી, ગુરુ ગોવિંદ બેમાં પહેલા ગુરુને વંદન કરવાનાં હોય કારણકે ગુરુ ગોવિંદને બતાવે છે” આવી ઘણી બધી વાતો આપણે જાણીએ છીએ, પરંતુ આપણે જે જાણીએ છીએ તે જ્ઞાન નથી, એ તો માહિતીના પોટલાં છે. આવી માહિતીનો ભાર માથે મૂકીને ફરનારને કાંઈ બ્રહ્મજ્ઞાન થતું નથી. ગુરુ જ્ઞાન આપે છે એ વાત સાચી પણ એ જ્ઞાન આપવાની રીત નિરાળી છે. એના કાંઈ વર્ગો ચલાવતાં નથી.

વ્યક્તિમાં જે કાંઈ પડેલું હોય તેને બહાર કાઢી આપે તે ગુરુ. ગુરુ દષ્ટિમાત્રથી શિષ્યના સંશયો દૂર કરીને તેને જ્ઞાનવાન બનાવે છે. છ વર્ષની ઉંમરે વનમાં તપ કરવા નીકળેલા ધ્રુવજીને જ્યારે ભગવાને દર્શન આપ્યા ત્યારે ધ્રુવજીએ જે સ્તુતિ કરી તે આજે પણ શ્રેષ્ઠ સ્તુતિ ગણાય છે. એ સ્તુતિ છે :

**યોઽન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તાં**
**સંજીવયત્યખિલ શક્તિધરઃ સ્વધામ્ના |**
**અન્યાંશ્ચ હસ્ત ચરણ શ્રવણત્વગાદીન્**
**પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્ ||**

છ વર્ષના ધ્રુવજીએ આવી સ્તુતિ કેવી રીતે કરી? એને કોણે સ્તુતિ શિખવાડી? ભાગવતનું અધ્યયન કરતાં ખબર પડે છે કે તપમાં આંખ મીંચીને ધ્યાનસ્થ ઉભેલા ધ્રુવજીને જગાડવા ભગવાને એના જમણા ગાલે શંખની અણીનો ભાગ અડાડયો અને બસ ! એ અણી અડતાં જ જ્ઞાન થઈ ગયું.

વ્યાકરણાચાર્ય પાણિનિએ ભગવાન શંકરને રિઝવ્યા. ભગવાને પ્રસન્ન થઈને એવું ડમરું વગાડ્યું કે એ ડમરુંના નાદમાંથી જ પાણિનિને વ્યાકરણનું- ભાષાનું જ્ઞાન થઈ ગયું.

**"હરિ વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત"**ની કર્મકાંડની અધ્યાય ૮૧ની કથામાં પણ ગુરુ મહારાજે અંત્યજ ઉપર મંત્રિત ભસ્મ નાંખી કે તરત જ એણે વિદ્વાન બ્રાહ્મણો સાથે વાદ વિવાદ કર્યો અને વેદ જાણનારા મદાંધ બ્રાહ્મણોને હરાવ્યા.

આવા અનેક ઉદાહરણો એમ સૂચવે છે કે ગુરુ ખુશ થઈને- રીઝીને એમ કહે કે જા તને આવડી ગયું એટલે એ આવડી ગયું જ સમજવું. અરુણ, બૈદ અને ઉપમન્યુની પરીક્ષા કર્યા પછી ગુરુને સંતોષ થતાં જ, એમની કૃપા થકી એમને તરત જ જ્ઞાન થઈ ગયું.

ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ | એવું બોલવું સહેલું છે. પરંતુ એને સાક્ષાત્ પરબ્રહ્મ માનવું એ અઘરું છે અને સાક્ષાત્ પરબ્રહ્મ માનીને એ રીતે જીવન વ્યવહાર ગોઠવવો એ તો ખૂબ જ કપરું છે.

ગુરુને તુષ્ટ કરવામાં આવે તો વ્યક્તિ સહેજમાં સર્વજ્ઞ થાય, ક્ષણમાં અષ્ટ સિદ્ધિ એને વશ થાય અને એ બધા શાસ્ત્રોનો જાણકાર

થઇ જાય. ટૂંકમાં આ બધી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે, શાસ્ત્રજ્ઞ અને સર્વજ્ઞ થવા માટે ફક્ત ગુરુને રાજી કરવાના છે, એને સંતોષ આપવાનો છે. આમ જોઇએ તો કેટલું સરળ છે? પણ આ જ સૌથી વધુ અઘરું છે.

ગુરુમહારાજ તુષ્ટ થાય કેવી રીતે? ગુરુમહારાજની કૃપા ઉતરે કેવી રીતે? ગુરુ શિષ્યની વૃત્તિ જુએ છે, એનો ભાવ જુએ છે, એની શ્રદ્ધા જુએ છે. ગુરુને એની સંપત્તિ કે જાહોજલાલીની કાંઇ પડી નથી. આપણે એવું માનીએ છીએ કે મોંઘી મોંઘી વસ્તુ ભેટમાં મૂકવાથી ગુરુ પ્રસન્ન થાય છે, પરંતુ એવું માનનાર તો મૂર્ખ છે.

**સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહિ,**
**ધનકા ભૂખા જો ફિરે, વો તો સાધુ નાહિ.**

ગુરુમહારાજનું સતત સ્મરણ, એમને ગમે તે કરવાની અને ન ગમે તે ન કરવાની વૃત્તિ અને એ પ્રમાણેનું આચરણ એ પણ ગુરુ સેવા જ છે. ગુરુજીના તનની સેવા તો કરવાની જ છે, પણ ગુરુના મનને આનંદમાં રાખવા માટે એમને ગમે તે જ કરવાની તૈયારી એ મનની સેવા છે. ગુરુમહારાજના તનની સેવા તન, મન અને ધનથી કરવાની તૈયારી એ મહત્ત્વની બાબત છે. ગુરુ માટે સર્વ સમર્પણની તૈયારી-સમર્પણ ભાવ જ ગુરુને રાજી રાખી શકે. પૂ.શ્રી “ગુરુ ઘર આવ્યા” ભજનમાં જણાવે છે :

**સ્વાગતની શી કરું તૈયારી? તન મન ધન સહુ તુજ પર વારી,**
**જ્યાં દેખું ત્યાં તુજ બલિહારી, રંગ ચઢાયા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યા.**

ગુરુસેવા પદ્ધતિ દ્વારા ગુરુકૃપાને પામી જનાર પૂ. પ્રેમ અવધૂતજી (લીંચવાસી)ના અનેક પ્રસંગો ટાંકી શકાય. સેવા પદ્ધતિની રીત એવી સાત્વિક અને સૂક્ષ્મ કે ગુરુમહારાજના મનમાં જે વિચારો આવે તે પોતે જાણી જાય અને તરત જ તે વિચારોને અમલમાં મૂકે. પૂ.બાપજીને તરસ લાગે તો પૂ.પ્રેમ અવધૂતજીને એવું થાય કે લાવ ! બાપજીને

પૂછું કે : "બાપજી ! પાણી પીવું છે?" અને જ્યાં પૂછે ત્યાં બાપજી "હા" જ કહે. આને કારણે ડૉ.રતિભાઈના જણાવ્યા મુજબ પ્રેમચાલીસામાં પંક્તિ રચી છે કે : **"રંગ હૃદય- મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે."**

ગુરુસેવા એટલે ગુરુના તન અને મનની સેવા તો ખરી જ, પણ ગુરુના મનને સહેજ પણ દુ:ખ ના થાય એ રીતે વિચારવું, બોલવું અને વર્તવું પણ ખરું જ. પૂ.પ્રેમ અવધૂતજીએ પૂ. બાપજીની સેવા તો કરી જ પરંતુ બાપજીની સેવા કરનાર મુ.મોદીકાકા અને મુ.જગન્નાથકાકાની પણ એવા જ પ્રેમથી સેવા કરી. પૂ.બાપજીને સંવાદિતા ગમે તો આપણા વિચાર, વાણી કે વર્તનથી એ સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન થવો જોઈએ નહિ.

**સેવાધર્મો પરમગહનો યોગીનામપ્યગમ્ય।** એવું અમસ્તું નથી કહેવાયું. આની સાથે સાથે **કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા।** એ પણ યાદ રાખવા જેવું છે. મુ.જયંતીભાઈ આચાર્યએ પૂ.પ્રેમ અવધૂતજીની સેવાને બિરદાવતા આ વાક્ય લખેલું અને તે તદ્દન સાચું છે કે સેવા એ કલ્પલતા છે અને આવી સેવારૂપી કલ્પલતા નીચે બેસનારને શું ન મળે?

પૂ.પ્રેમ અવધૂતજીની સેવા પદ્ધતિથી રીઝેલા અવધૂતજીએ જાતે લીંચને **"મીની નારેશ્વર"** કહ્યું. ડૉ.રતિભાઈના પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે: **"ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ."** ડૉ.ભોંસલેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, મારી સ્થૂળ હાજરી નહિ હોય ત્યારે લીંચ જજો, ત્યાં મનને શાંતિ મળશે. ૧૯૬૨માં દ્વારિકાથી લીંચ આવ્યા ત્યારે **"તું બોડાણાની જેમ મંતર માર કે જેથી મારે હવે ક્યાંય જવું ના પડે"** એવું બાપજીએ બચુભાઈને કહ્યું. આવી ઘણી બધી વાતો એ સેવા પદ્ધતિથી રીઝેલા ગુરુદેવની લીલાઓ છે.

સેવા પદ્ધતિથી ગુરુ રીઝે એટલે મંત્ર અને તંત્ર પણ સેવક (કિંકર) બની જાય. ગુરુદેવ અનુકૂળ થાય એટલે બધું જ અનુકૂળ, બધું જ વશમાં. પરંતુ આવી સેવા પદ્ધતિ જાણનાર ગુરુ મહારાજની સતત ઉપસ્થિતિ અનુભવે અને તેથી ગુરુને ન ગમે એવું કોઈપણ આચરણ નહિ કરે. જીવનને દૈવી સંપત્તિથી ભરી દેનાર, સહુમાં પોતાનો ગુરુમહારાજ બિરાજે છે એવી ભાવના કેળવી જીવનનો વ્યવહાર ગોઠવનાર, સર્વજ્ઞ થાય એમાં શું નવાઈ?

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણા જીવનને કેવું ઘડવું તેનો સંકેત આપે છે. 'ગુરુ' થવાનું નથી, 'ગુરુના' થવાનું છે. "આ મારો છે" એવું ગુરુમહારાજ પોકારે તો જ આપણું જીવ્યું સાચું. **જાણેલુ કામ નહિ આવે, પણ જીવેલું કામ આવશે**. ગુરુના આદર્શો પ્રમાણે જીવન વ્યવહાર ગોઠવીએ તો એક દિવસ ગુરુ મહારાજ આપણો જરૂર સ્વીકાર કરે.

પ્રવચન અને ભાષણોમાં જ નહિ, પણ જીવનના પ્રત્યક્ષ વ્યવહારમાં ગુરુમહારાજને જીવી બતાવીએ તો એ રંગ શતાબ્દીની સાચી, ભવ્ય અને દિવ્ય ઉજવણી ગણાશે. સેવા પદ્ધતિ જાણનાર સંવાદિતા ઉભી કરે અને જાળવે એવો સંકેત ગુરુમહારાજ આપે છે.

●

# સંકેત-૧૨

**પશ્ચાતાપે પાપનું ન રહે નામ નિશાન,**
**ઉદિત થાય નિર્વેદ ને થાય સત્યનું ભાન.**

(અ.૭૦ દો.૧૯૩)

કવિ કલાપીની કાવ્ય પંક્તિ છે :

**"રે પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું જે,**
**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."**

આજ કવિની બીજી પંક્તિ છે : "તું પાપ સાથે નવ પાપી મારતો."

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને જીવનનો ખૂબ મોટો પાઠ શિખવાડે છે. કોઈપણ વ્યક્તિ સાથેનો આપણો વ્યવહાર કેવો હોવો જોઈએ એ નક્કી કરવામાં આ દોહરા દ્વારા મળતો સંકેત ખૂબ જ મહત્ત્વનો છે.

દેવ અને દાનવ, પાંડવ અને કૌરવ, રામ અને રાવણ એ આપણામાં રહેલી સારી અને ખરાબ વૃત્તિઓ જ છે. ખરાબ વૃત્તિઓને દૂર કરી, સારી વૃત્તિઓને જાળવી હોય તેવા દોહરા અલગ કરી તેનો અભ્યાસ કરવાથી, ગુરુલીલામૃતમાં 'વૃત્તિ' વિશેનો ઉલ્લેખ હોય તેવા દોહરા અલગ કરી તેનો અભ્યાસ કરવાથી, આ વૃત્તિ વિશેની સમજ વધશે. માણસ સાત્ત્વિક વૃત્તિ વધારતો જાય તેમ તેમ તેનો સચ્ચિદાનંદ અવસ્થાનો સમય-ગાળો વધતો જાય.

પાપ અને પુણ્યની સાદી સમજ આપતાં તુલસીદાસજી જણાવે છે કે :

**પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ।**
**પરપીડા સમ નહીં અધમાઈ।**

પૂ.શ્રી લખે છે કે :

**પરદુ:ખ ભંજનતા છે પુણ્ય રે,**
**પીડ પરાઈ પાપ કારમુ પેખ જો.**

ભગવાન વેદ વ્યાસનો પાપ પુણ્યની સમજ આપતો શ્લોક યાદ રાખવા જેવો છે.

**અષ્ટાદશ પુરાણેષુ વ્યાસસ્ય વચન દ્વયં |**
**પરોપકાર: પુણ્યાય પાપાય પરપીડનમ્ ||**

અઢારે પુરાણનો સાર આપતાં વેદ વ્યાસ જણાવે છે કે પરોપકાર એ પુણ્ય છે અને બીજાને પીડા આપવી એ પાપ છે. આપણા કાર્યથી બીજાને પીડા થશે કે કેમ એ કેવી રીતે ખબર પડે? આ જાણવા માટે આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવાનો કે: કોઈ મારી સાથે આવું વર્તે તો મને ગમે? જો એ ન ગમે તો આપણે એવું વર્તન નહીં કરવાનું. **આત્મન: પ્રતિકૂલાનિ પરેશાં ન સમાચરેત્ |**

માણસ પોતાના સ્વભાવવશ, અપરિપકવતાવશ, અભિમાનવશ ઘણીવાર અવિવેકી વર્તન કરે છે. ઘણીવાર તો એને કોઈ વર્તન કરવાની ફરત પાડતું હોય એમ લાગે. ન કરવું હોય તો પણ એનું મન એની પાસે એવું પાપાચરણ કરાવે છે. આવી લાચારી દુર્યોધને અનુભવી છે. આવી લાચારી રાવણે પણ અનુભવી છે અને તેથી દુર્યોધનના મોંઢે વ્યાસ ભગવાને એવું કહેવડાવ્યું છે કે :

**જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ |**
**જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ ||**

દુર્યોધન કહે છે કે હું ધર્મ શું છે તે જાણું છું પણ આચરી શકતો નથી અને અધર્મ શું છે એ પણ જાણું છું છતાં એમાંથી છટકી શકતો નથી. દરેક વ્યક્તિ પોતાના કર્મને અનુરૂપ સ્વભાવ લઈને જન્મતો હોય છે. એમાં આત્મકૃપા અને ગુરુકૃપા દ્વારા સાત્ત્વિકતા વધારી શકાય અને તમોવૃત્તિ ઘટાડી શકાય.

વધાવો **પ્રેમ** પુષ્પે એ દિગંબર દત્ત અવધૂતને.

આ દોહરા દ્વારા પાપ કરનારને પાપમાંથી મુક્ત થવાનો ઉપાય દર્શાવાયો છે. ખોટું કરનાર, પાપ કરનાર એવા કર્મો બદલ પશ્ચાતાપ અનુભવે, પસ્તાવો કરે અને હવે આવું ખોટું નહિ કરવાનો સંકલ્પ કરે તો તે પૂરતું છે. ગીતામાં ભગવાને સારી રીતે, સમજપૂર્વક દુરાચાર કરનારની મુક્તિ માટે પણ ઉપાય બતાવ્યો છે. જો આવો સુદુરાચારી પણ પ્રભુને ભજે તો એ તરત જ પાપી મટીને સાધુ બની જાય છે. આ મોટું આશ્વાસન છે.

**અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ |**
**સાધુરેવ સ મન્તવ્ય: સમ્યગ્વ્યસિતો હિ સ: ||**

દત્તનામ સંકીર્તનમાં પૂ.શ્રી જણાવે છે કે :

**નો પાપં વિદ્યતે લોકે નામ્ના યન્નૈવ દહ્યતે |**
**'અપિ ચેત્સુદુરાચારો' વૃથોક્તં કિં નુ શાંગિણામ્ ||**

પરંતુ આ પસ્તાવો હૃદયના ઊંડાણમાંથી થવો જોઇએ. ભવિષ્યમાં આવું નહિ કરવાની દૃઢ પ્રતિજ્ઞા સાથેનો પસ્તાવો જ પાપના બંધનમાંથી છોડાવી શકે. બાકી ભવિષ્યમાં પાપ કરવાની યોજના સાથે, ભૂતકાળના પાપ માટે પસ્તાવો કરવાનો કોઇ જ અર્થ નથી.

આ દોહરામાં માનવમૂલ્યનો સ્વીકાર છે અને તેનું જતન છે. ભૂલેલા રાહીને સાચા રસ્તે આવવાની તક છે અને ઘોર નિરાશામાં પણ આશાનું કિરણ એના જીવનને જીવવા જેવું બનાવે છે. કોઇ કોઇનો કાયમી મિત્ર કે દુશ્મન હોતો નથી. There is Neither a Permenent friend nor foe. આજે ખરાબ કામ કરનારો, પાપ કરનારો સુધરી જાય અને ભવિષ્યમાં મહાન વ્યક્તિ બને એવું પણ બને અને આજનો સારો માણસ ભવિષ્યમાં બગડે પણ ખરો. વાલિયો લૂંટારો વાલ્મિકી ઋષિ બન્યો એ આનું જ્વલંત ઉદાહરણ છે. વળી સાચો ધર્મ પણ ખોટું કરનારના વિચારો બદલી એને સત્યનું ભાન કરાવે છે. વ્યક્તિનો નહિ,

એના વિચારનો વિરોધ કરવાનો છે. વ્યક્તિ સારા વિચારો કરે, સારું વર્તન કરે એ જ આશય ધર્મનો, સંતોનો અને શાસ્ત્રનો હોય છે.

Every Criminal has a future and every saint has a past. દરેક ગુનેગારને એનું ભવિષ્ય છે એટલે કે સુધરવાની તક છે અને દરેક સંતનો ભૂતકાળ હોય છે. આજે સંત જણાતી વ્યક્તિ ભૂતકાળમાં પાપી હોઈ શકે. માણસે શું કર્યું એને વધુ મહત્ત્વ આપવાને બદલે હવે એ શું કરવા માંગે છે તેનો ખ્યાલ કરો. ભૂતકાળને ભૂલીને ભવિષ્યનો વિચાર કરો. રાતનો ભૂલો પડેલો સવારે ઘરે પાછો આવે તો એને ભૂલેલો કોણ કહેશે?

આપણે બધા માનવો છીએ. આપણે સામાજિક પ્રાણી છીએ એટલે સમૂહમાં-સમાજમાં રહેવાનાં. દરેક વ્યક્તિ એક બીજાથી નોખા છે, અલગ છે એટલે એક જ કુટુંબમાં રાવણ અને વિભિષણ, ધૃતરાષ્ટ્ર અને વિદૂર હોઈ શકે. વ્યક્તિનું વર્તન બદલાતું રહે છે. તેથી ખોટું કરનાર હવે કાયમ ખોટું જ કરશે એમ માનીને એનું ભવિષ્ય અંધકારમય બનાવવાનું નથી. ખરેખર તો સંતો આવા પાપીને, પતિતને પાવન કરવા માટે જ જન્મ ધરે છે અને તેથી તો તેઓ પતિતપાવન કહેવાય છે.

પૂ.બાપજીએ એવા કેટલાયે પાપીને પાવન કર્યા છે અને એક વખતનો ગામનો ઉતાર ગણાતો નાલાયક માણસ પછીથી બાપજીનો પરમભકત બની ગયો છે. વ્યક્તિમાં સારું તત્ત્વ છે તે વાતનો સ્વીકાર કરી, એ સારા તત્ત્વને બહાર લાવવા માટેની પ્રેરણા આપવી જોઈએ, વાતાવરણ ઊભું કરવું જોઈએ અને મદદરૂપ બનવું જોઈએ. આ જ સાચી ભક્તિ છે, આ જ સાચી આધ્યાત્મિક્તા છે.

એકવાર પાપ કરી બેઠેલો માણસ પશ્ચાતાપ કરે, અફસોસ વ્યકત કરે, હવે પછી એવું કોઈ પાપ નહિ કરવાનો નિશ્ચય કરે અને સાચું શું છે એ જાણે તો પણ પૂરતું છે. માણસ પસ્તાવો કરે, પશ્ચાતાપ

કરે, એનો અર્થ જ એ કે એણે કરેલું કાર્ય ખોટું છે એનો સ્વીકાર કરે છે અને એ અંગે એનું દુ:ખ, નારાજગી વ્યક્ત કરે છે. માણસ અંતરથી ક્ષમા માગે એટલે બસ !

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને જીવનની સાચી કેડી પર ચાલવાનો સંકેત આપે છે. દરેક વ્યક્તિ સાથે હળીમળીને રહેવું હોય તો "ભૂલી જાવ અને માફ કરી દો" (Forget અને Forgive)નું સૂત્ર અપનાવવું પડે. આ સૂત્રને અપનાવવું સરળ પડે એટલા માટે જ પૂ.શ્રીએ આપણને પરસ્પરદેવો ભવનું સૂત્ર આપ્યું છે. જે વ્યક્તિ ક્ષમા આપી શકે તે જ વીર છે. ધરતીને માતા કહી છે તેનું કારણ તેનામાં રહેલી ક્ષમાવૃત્તિ અને સહનશીલતા છે.

પાપ આચરનારની પામરતાનો સ્વીકાર કરી, એના પ્રત્યે દયા અને સહાનુભૂતિની વૃત્તિ જગાવી, પ્રેમપૂર્વક એને પસ્તાવો થાય, એ પશ્ચાતાપ કરે એવું આપણે આચરણ કરીએ એવો સંકેત ગુરુમહારાજ આપે છે.

આ સંકેતને ઝીલીએ અને એ પ્રમાણે જીવીએ તો રંગજન્મ શતાબ્દીની ઉજવણી મહેકી ઊઠે.

●

# સંકેત-૧૩

**મૂરખ હતભાગી કરે દોષારોપ અન્યત્ર,**
**સુખ દુ:ખો આવી મળે કર્યાં અત્ર પરત્ર.**
**કેમ યતિને દોષ દે? તારું કર્મ તપાસ!**
**અવિદ્યાવેષ્ટિત કહે, 'હર્યો યતીશે ગ્રાસ.'**

(અ.૭૧ દો.૬૫-૬૬)

સંતોની કૃપાને ઓળખવી સરળ નથી. ઘણીવાર શરૂઆતમાં એમ લાગે કે સંતે આપણને મુશ્કેલીમાં મૂકી દીધા, પરંતુ અંતે પરિણામ જોતાં એમની કૃપાનો ખ્યાલ આવે. વળી આપણે જે પ્રકારની કૃપાની અપેક્ષા રાખીએ એવી કૃપા ના પણ હોય. આપણું જેમાં કલ્યાણ હોય એવું સંત કરે. જ્યારે આપણે આપણને ગમે એવું કરે તો કૃપા કરી એમ ગણીએ. નીચેનો દોહરો વાંચતા આ વાત સમજાશે.

**હરિકૃપા તબ જાનીઓ જબ દે મનુજ અવતાર,**
**ગુરુકૃપા તબ જાનીઓ જબ છોડાવે સંસાર.**

સંસારમાં પલોટાવવું પડે એવું કંઇ થાય તો આપણે તેને ભગવાનની કૃપા ગણીએ. સંસારિક સુખને સાચું સુખ કેવી રીતે કહેવાય? એ સુખ તો અંતે દુ:ખ આપનારું છે. તુલસીદાસ લખે છે કે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપી કે ભી હોય,**
**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ દોય.**

વિભિષણની હનુમાનજી પ્રતિ ઉક્તિ છે :

**કહત વિભિષણ સુનુ હનુમંતા,**
**રામકૃપા બિનુ મિલે નહિ સંતા.**

પોતાના "દ્વારિકાના ડિમ ડિમ" ના પ્રવચનમાં પૂ.બાપજી સુખની વ્યાખ્યા કરતાં જણાવે છે : "સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ સુખમ્."

"જેમાં મન સહિત ઈન્દ્રિયો વિષયોમાંથી પરાઙમુખ થઈ આત્માભિમુખ થાય-ઈશ્વર તરફ વળે તે સુખ. આમ એક તો આપણી સુખ વિશેની સમજ જ ખોટી છે. ધન, સુત, દારા મળે તો એનાથી જીવ સંસારમાં વધુ આસક્ત થાય છે અને જન્મ મરણના ચક્કરમાં ફરે છે. એ સુખ નથી પણ દુ:ખ છે.

**સંપદો નૈવ સંપદા: વિપદો નૈવ વિપદા: |**
**વિપદો વિષ્ણુ વિસ્મરણમ્ સંપન્નારાયણો સ્મૃતિ: ||**

ભગવાનનું નામ ભૂલાય તે દુ:ખ, યાદ આવે તે સુખ, એ સાચી સંપત્તિ.

બીજું કે સાંસારિક સુખને સાચું ગણીએ તો પણ જે સુખ દુ:ખ આપણને આવીને મળે છે તે આપણા કર્મનું પરિણામ છે. આપણે જ કરેલા આ જન્મના કે ગયા જન્મના કર્મો ફળ આપવા માટે તૈયાર થાય ત્યારે સુખ કે દુ:ખ રૂપે આવે છે. માણસ કર્મો કરતી વખતે સાવધ રહેતો નથી, કાળજી રાખતો નથી. પરંતુ એ કર્મના પરિણામરૂપ દુ:ખ ભોગવતી વખતે કકળાટ કરે છે. આ એની અજ્ઞાનતાનું કારણ છે. માણસ બાવળ વાવીને કેરી ઇચ્છે છે. ખોટા કર્મો કરે છે પણ સુખની ઇચ્છા રાખે છે. ઝેર ખાવું છે અને અમર થવું છે. આવું તો કેવી રીતે બની શકે? પૂ.શ્રી લખે છે :

**પુણ્યસ્ય ફલમિચ્છન્તિ પુણ્યં નેચ્છન્તિ માનવા: |**
**ફલં પાપસ્ય નેચ્છન્તિ પાપં કુર્વન્તિ યત્નત: ||**

પુણ્ય કે સત્કર્મનું ફળ સુખ તો બધાને જોઈએ છે, પણ સત્કર્મ કરવાની વૃત્તિ ભાગ્યે જ કોઇને થાય છે. પાપ કે દુષ્કર્મનું ફળ દુ:ખ

કોઈને જોઈતું નથી. પણ દુષ્કર્મ કરવામાં તો બધા હોંસા તૂંસીથી આગળ થાય  છે.

**'કણભાના કડાકા'** પ્રવચનમાં બાપજી જણાવે છે કે :

"પ્રાણીમાત્રના સુખદુ:ખનું કારણ પોતાનાં સારાં કે નરસાં કર્મો જ  છે. કોઈ કોઈને સુખી કે દુ:ખી કરે છે એ એક વહેમ છે, અજ્ઞાનજન્ય ભ્રમ છે, માટે કોઈપણ કાર્ય એવું ન કરો કે જેથી કોઈનું અહિત થાય, ને જે ઈશ્વરના સાંનિધ્યમાં ન કરી શકાય. આપણે ઈશ્વરને જોઈ શકતા નથી, પણ એ આપણને જૂએ છે, એની હસ્તિ બધે છે."

મૂરખ અને નસીબનો ફાટેલો પોતાના કર્મોનો વિચાર કરતો નથી. પરિણામે તે પોતાના સુખ દુ:ખ માટે બીજાને દોષ દે છે. પોતાના સુખ- દુ:ખ માટે જયારે માનવી બીજાને જવાબદાર ઠેરવે છે ત્યારે તેમાંથી રાગદ્વેષ જન્મે છે.

જો માણસ પોતાના કર્મોનું જ ફળ ભોગવતો હોય તો પછી સંતસેવા કે સંત સમાગમની શી જરૂર? સંત સેવાથી દુ:ખ ટળે ને સુખ ના મળે?

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનો ધમડાછામાં મુકામ હતો. સંતોની સેવા કરવાનો અને સંત સમાગમ કરવાનો એ જમાનામાં રિવાજ હતો. ધમડાછાની કેટલીક વ્યક્તિ પૂ.શ્રી સાથે સાંજે સત્સંગ કરવા આવતાં અને ઘણીવાર ફરવા પણ નીકળતાં. એકવાર પૂ.શ્રીએ હસતાં હસતાં કહ્યું કે, લોકો એમ માને છે કે હું સંતાન ન હોય તેને સંતાન આપું  છું. પણ મારી પાસે આવા કાંઈ છોકરાંના ગોદામ નથી હોતા. દરેક વ્યક્તિ એનું પ્રારબ્ધ જ ભોગવતો હોય છે. દરેક વ્યક્તિ એના કરેલા કર્મોનું ફળ જ ભોગવતો હોય છે. આ સાંભળીને એક ભકતે હિંમત લાવીને  કહ્યું કે, બાપજી ! જો અમારે અમારું પ્રારબ્ધ જ ભોગવવાનું હોય, અમારા કર્મો પર આધારિત સુખ દુ:ખ જ અમને મળવાનાં હોય તો પછી આપની

પાછળ પાછળ ફરવાનો અર્થ શો? આ સાંભળીને પૂ.શ્રીએ તરત જ કહ્યું કે, જો તમે જુગારી સાથે બેસશો તો જુગાર રમતા શીખશો, દારૂડીયા સાથે બેસશો તો દારૂ પીતાં શીખશો અને અમારા જેવા સાથે બેસશો અને સારી વાતો સાંભળશો તો તમે સારાં વિચાર કરશો, સારાં કર્મો કરશો અને સારાં કર્મો કરશો એટલે પછી તમને એનું સારું ફળ મળશે. પણ ફળ તો તમારા કર્મોનું જ મળશે. સંત તો તમને સારા કર્મો કરવા પ્રેરશે. કેવું સરસ ચિંતન !

અવિદ્યાથી વિંટળાયેલા આપણે બધા સંસારી તો એમ જ માનીએ છીએ કે અમે ભલે ગમે તેવા નઠારા કામ કરીએ પણ સંત સાથે ફરીએ, પાદુકા પૂજીએ એટલે અમને સુખ મળવું જોઇએ, પણ એવું મળતું નથી. પૂ.બાપજીએ અનુષ્ઠાનો કર્યા, તપશ્ચર્યા કરી, કષ્ટો સહન કર્યા અને સત્યને પંથે જ ડગ માંડ્યા ત્યારે મહાન સંત બન્યા અને છતાં એમના જીવનમાં પણ તકલીફો તો આવી જ, પરંતુ એને વિધિનું વિધાન માનીને સ્વીકારી લીધી.

વ્યક્તિની ભક્તિની પારાશીશી જ આ છે કે એ સંકટને, દુ:ખને, આપત્તિને કેટલી સહજતાથી સ્વીકારી લે છે, પ્રભુનો પ્રસાદ માનીને સ્વીકારી લે છે અને એને દૂર કરવાનો પુરુષાર્થ કરે છે. દુ:ખથી ડરે તે ભકત શાનો? દુ:ખનાં રોદણાં રડે તેની ભક્તિ લજવાય. દુ:ખની સામે હાથ જોડીને બેસી રહે તેને ભગવાન પણ મદદ કરતો નથી. “હિંમતે મર્દા, તો મદદે ખુદા.” આપણે જ આપણા ભાગ્યના સ્રષ્ટા છીએ. સાચના પંથે ચાલ્યા વિના, સાચાં કર્મો કર્યા વિના, ધર્માચરણ વિના સુખ-શાંતિ મળતાં નથી.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને કર્મના સિદ્ધાંત તરફ આંગળી ચીંધે છે, અને સત્કર્મો કરવાનો સંકેત કરે છે. આપણે આપણા સુખ દુ:ખ માટે કોઇને પણ દોષ ના આપીએ અને આપણા જ કર્મોનું ફળ છે એમ માની, કોઈની સમક્ષ ફરિયાદ ન કરીએ તો જ સાચા રંગભકત

કહેવાઈશું. અવિદ્યાથી વિંટળાયેલો હોય તેનામાં વિવેક હોતો નથી અને તેથી ઊંધી વિચારધારાને કારણે રાગદ્વેષ રાખીને દુ:ખી થાય છે.

પૂ.શ્રી લખે છે કે સુખ દુ:ખ એ તો મનનાં સારાં-નઠારાં સ્વપ્નો છે. સ્વપ્ન એ સાચી વાત નથી, વાસ્તવિકતા નથી.

**સુખ દુ:ખ મનનાં સોણલાં જન્મમરણ તન ગંધ,**
**બની રમકડું ઈશનું, ખેલ રંગ નિર્દ્વંદ્વ.**

સુખ-દુ:ખનો, જન્મમરણનો હસતે મોંએ સ્વીકાર કરી, જે કાંઈ થાય છે તે મારા સારા માટે જ થાય છે એવો ભાવ કેળવી વિવેક સભર જીવન જીવીએ તો એ શ્રીરંગજન્મ શતાબ્દીની અણમોલ ભેટ ગણાશે.

●

- હે ભગવાન ! જેને હું બદલી શકું એમ ન હોય એ પરિસ્થિતિ કે વસ્તુને સ્વીકારવાની મનોવૃત્તિ આપ.
  જે પરિસ્થિતિ કે વસ્તુ બદલી શકું એમ હોય એ બદલવાની હિંમત આપ.
  અને આ બંને વચ્ચેનો તફાવત સમજવાનું ડહાપણ આપ.
- જો તમે ધારો કે હું આ કરી શકીશ તો તમે કરી શકશો. જો તમે એમ ધારો કે હું આ નહિ કરી શકું તો તે તમે નહિં કરી શકો.
  તમે ધારશો તેમજ થશે.

# સંકેત-૧૪

**શ્રદ્ધા ભક્તિ જેહની જેવી, મન નિર્મળ,**
**તેવું ફળ પામે નકી, હોય ચિત્ત નિશ્ચલ.**

(અ.૭૩ દો.૧૦૮)

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ ઉપાસનાનું રહસ્ય સમજાવતાં આ દોહરામાં **ચાર** બાબતો જણાવે છે. **એક** તો વ્યક્તિની શ્રદ્ધા કેવી છે? **બીજું** વ્યક્તિની ભક્તિ કેવી છે? **ત્રીજું** મન નિર્મળ છે કે કેમ? અને **ચોથું** ચિત્ત નિશ્ચલ- દઢ છે કે કેમ?

પૂ.શ્રી શ્રદ્ધાની વ્યાખ્યા આપતા જણાવે છે કે :

**સત્કર્મે પ્રીતિ સદા, શ્રદ્ધા નિર્મલ માન.**

(અ.૧૮ દો.૨૦)

શ્રદ્ધામાં વ્યક્તિ વેદ-શાસ્ત્ર કે ગુરુનું વચન સાચું છે એમ સ્વીકારી લે છે અને તે પ્રમાણે વર્તે છે.

ભક્તિની વ્યાખ્યા કરતા પૂ.શ્રી જણાવે છે કે :

**કહે અલખ: સૂણ બાળ હે ! ભક્તિસ્વરૂપ અગમ્ય,**
**સર્વશ્રેષ્ટ પ્રભુ પ્રેમ જે નિર્મળ અનન્ય રમ્ય.**
**ઈશ્વરભક્તિ એ નકી ! તત્સંગે આનંદ,**
**તદ્વિરહે વ્યાકુળતા ભજે સતી જયમ કંથ.**

(અ.૪ દો.૩૫-૩૬)

ભક્તિમાં સાધક ભગવાન સાથે જોડાઈ જાય છે અને તેથી ભગવાનથી જુદા પડવાનું- વિભકત થવાનું એને ગમતું નથી. વિરહમાં વ્યાકુળતા જન્મે છે.

આમ વ્યક્તિ નિર્મળ મન દ્વારા સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રોમાં વિશ્વાસ રાખી-શ્રદ્ધા રાખી, સત્કર્મો કરે, આ કર્મ પ્રેમથી કરે અને આવા

કર્મો હંમેશા કરે એ એક વાત થઇ. જો વ્યક્તિની શ્રદ્ધા જ કાચી હોય તો પછી એનામાં નિષ્ઠા તો આવે જ ક્યાંથી? નિષ્ઠામાં શ્રદ્ધાથી આગળ વધીને ઉપાસ્ય દેવમાં સ્થિર થવાનું છે. નિશ્ચલ અને દૃઢ થવાનું છે.

આપણે ધારેલું ફળ મેળવી શકતા નથી એનું એક માત્ર કારણ નિષ્ઠાનો અભાવ છે, પાકી શ્રદ્ધા નથી. શ્રદ્ધા રાખીએ છીએ ખરા પણ એ શ્રદ્ધા દૃઢ નથી હોતી.

બીજાને લાભ થાય તો તરત તેનો ઉપાસ્ય દેવ વધુ અસરકારક છે એવો ભાવ થાય છે. આવી વ્યક્તિનું દેખાતું ધર્માચરણ એ દૃઢ શ્રદ્ધાયુક્ત નથી તેથી એને શું ફળ મળે? પૂ.શ્રી લખે છે કે :

**કાચા ઘટમાં ના ટકે પાણી જેમ સુજાણ,**
**તેમ ભક્તિશ્રદ્ધા વિના, કાચો રંગ પ્રમાણ.**

(અ.૪૭ દો.૧૨૦)

શ્રદ્ધા ફલતિ સર્વત્ર એ વાક્ય પણ શ્રદ્ધાનું જ મહત્વ સમજાવે છે. પૂ.શ્રી જણાવે છે કે, મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવ, જ્યોતિષ, વૈદ્ય (દાક્તર) અને ગુરુમાં જેની જેવી ભાવના- જેવી શ્રદ્ધા હોય છે તેને તેવું જ ફળ મળે છે.

**મંત્ર તીર્થ દ્વિજ દેવ ને, ગણક વૈદ્ય ગુરુમાંહ્ય,**
**જેવી જેની ભાવના, સિદ્ધિ તેવી થાય.**

(અ.૯૪ દો.૫૦)

એટલે પ્રશ્ન એ થાય કે ઊંચી ભાવના કે સાત્ત્વિક શ્રદ્ધા ઉત્પન્ન થાય એ માટે શું કરવું? આને માટે વ્યક્તિએ પોતાનું મન નિર્મળ- મળ વગરનું કરવાનું છે. કપટ વિનાનું મન હશે તો સાચી શ્રદ્ધા જાગશે, લાંબે ગાળે એનું નિષ્ઠામાં રૂપાંતર થશે અને સુદૃઢ ભક્તિ થશે. જેમ કોઇ ખરાબ વાસણ હોય તો તે પાત્ર સાફ કર્યા પછી જ એમાં ચોખ્ખું દુધ લઇએ તો તે પી શકાય છે. તેમ મન નિર્મળ કર્યા પછી હરિનું નામ લઇએ

તો ભક્તિ પમાય છે. ભવરોગનું ઓસડ નામના પ્રવચનમાં પણ પૂ.શ્રી આ જ વાત કરે છે.

માણસ માત્રને રોગ એક જ થયો છે અને તે ભવરોગ. એટલે જ અશાંતિ, કલેશ, કલહ, અસમાધાન. અને તેના પર ભગવન્નામસ્મરણ એ ઈલાજ પણ એક જ.

રોગ શું? ભવરોગ. એટલે કે વારંવાર જન્મવું અને મરવું.

એનો ઈલાજ શું?

ભગવન્નામસ્મરણ. એની પરેજી (ચરી) શું? મનમાંથી કપટ દૂર કરવું, મનને નિર્મળ કરવું. જો ચરી પાળવામાં ન આવે અને ચરી પાળ્યા વિના દવા લેવામાં આવે તો દવાની અવળી અસર (Re-action) થાય. પરેજી વિના દવા લેવાથી રોગ કાબૂમાં આવવાને બદલે વકરે. ચિત્ત શુદ્ધિ વિના ભક્તિ શક્ય જ નથી તેથી પૂ.શ્રી પોતાના ભજનમાં લખે છે :

**મન ! છોડ દે કપટ હરિપદ ભજ રે.** 'હરિપદ ભજ રે 'એ દવા છે પરંતુ મન ! છોડ દે કપટ એ પરેજી છે. આ જ વાત બીજા ભજનમાં પણ કરી છે.

**મનુવા ! હરિ ભજના હરિ ભજના. કૂડ કપટ સબ ત્યજના રે. .. મનવા.**

પૂ.શ્રી પોતાના એક પ્રભાતિયામાં લખે છે :

**કૂડ ને કપટ કૂકર્મ માંહે ભર્યાં,**
**બહારથી તિલક ને છાપ દીધાં !**
**માળને ટાળથી મૂઢ જન છેતર્યાં,**
**મીઠડી વાણીથી કવન કીધાં !!**

આમ મનમાંથી કૂડ કપટને છોડી દઈને, મન નિર્મળ કરીને પછી ભગવાન પ્રત્યે જ અનન્ય પ્રેમ જાગે તે ભક્તિ કહેવાય. ભક્તિમાં પ્રભુ સાથેનું જોડાણ નિર્મળ અને દૃઢ હોય એટલે એનું ફળ મળે જ.

ખરેખર તો એની સ્થિતિ જ એવી થઇ જાય કે પછી દોષ જોવાની કે દુ:ખની લાગણી અનુભવવાની વૃત્તિ જ ન રહે.

અર્જુન અને એકલવ્ય બન્ને ધનુર્વિદ્યા શિખ્યા. અર્જુનને જીવતાં દ્રોણે ધનુર્વિદ્યા શીખવી જ્યારે એકલવ્યને દ્રોણની માટીની પ્રતિમાએ ધનુર્વિદ્યા શીખવી. માટીની મૂર્તિમાં એકલવ્યની એવી દૃઢ શ્રદ્ધા હતી કે એ મૂર્તિ નથી પરંતુ જીવતા ગુરુદેવ જ છે એમ માનીને એ ધનુર્વિદ્યા શીખ્યો. એની અડગ શ્રદ્ધાને કારણે જ તે અર્જુનથી પણ વધુ હોંશિયાર બાણાવળી થયો.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને મનને નિર્મળ કરી, દૃઢ શ્રદ્ધા ભક્તિ કેળવવાનો સંકેત કરે છે. મનમાંથી રાગ-દ્વેષ, કૂડ કપટ દૂર કર્યા વિના ભગવાનના નામની માળા જપીએ કે સત્સંગમાં બેસીએ તેનાથી કોઇ ફેર પડતો નથી, ઉલટાનું નુકશાન થાય છે, માણસ દંભી બને છે. **પૂ.રવિશંકર મહારાજ** લખે છે કે : આપણે પવિત્ર થવા સત્પુરુષોના સાંનિધ્યમાં જઇએ છીએ ને એમને મોંઢેથી સદુપદેશ સાંભળીએ છીએ પણ સાથે કુવિચારોની ગોળીઓનો ત્યાગ કરવો જોઇએ. મનમાં ખોટા વિચારોનું સેવન ચાલુ રાખવું અને પવિત્ર થવાની ઇચ્છા રાખવી એ બે કામ સાથે થઇ ન શકે.

આજે ધંધામાં અને રાજકારણમાં તો કૂડ-કપટ અને જુઠાણું પૂરજોશમાં ચાલે છે, પણ ધર્મસંસ્થાના વહિવટકારોમાં અને ધર્મકાર્ય કરનારા યાજ્ઞિક, કથાકારો કે ભજનિકોમાં પણ એટલું જ જુઠાણુ અને કૂડ-કપટ ચાલે છે. પૂ.શ્રી આપણને શુદ્ધ જીવન જીવવાનો સંકેત આપે છે. નિર્મળ મન, સારા વિચારો, સદાચરણ અને દ્રવ્યશુદ્ધિ તેમજ જીવનશુદ્ધિ એ જ સુખી જીવનનો રાજમાર્ગ છે. **સરળ મનના થવા માટે નિર્મળ મનના થવું એ પૂર્વ શરત છે.**

પૂ.શ્રીનો સંકેત ઝીલીને આપણે સાત્ત્વિક ઉપાસનાની કેડીએ ડગ મૂકીએ તો રંગ જન્મ શતાબ્દી સાચી ઉજવી ગણાશે.

●

# સંકેત-૧૫

**જોઈ સાત્વિક ભાવને કરે કૃપા તતખેવ,**
**આપી સૌખ્ય અહીં, ગતિ પરત્ર નતને દેવ.**
**ભક્તકૃપાળુ શ્રીગુરુ, કોણ શ્રીમત્ત ત્યાંય?**
**થતાં યત્કૃપા ક્ષણ મહીં, થાય રંકનો રાય.**

(અ.૭૬ દો.૩૩-૩૪)

'ગુરુકૃપાહિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્ |' એ તદ્દન સાચી વાત છે. ગુરુની કૃપા થતાં બધા જ દુ:ખોનો અંત આવે છે. ગુરુ વિના જ્ઞાન નથી અને જ્ઞાન વિના મોક્ષ નથી. આમ અજ્ઞાનનો અંધકાર દૂર કરી, જ્ઞાનનો પ્રકાશ રેલાવનાર ગુરુ, ગોવિંદથી પણ પહેલાં નમન કરવાને યોગ્ય છે કારણ કે ગોવિંદના દર્શન એ ગુરુની કૃપાનું જ ફળ છે.

ગુરુનું અને ગુરુકૃપાનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે. ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવી દે છે. જીવમાંથી શિવ બનાવનાર ગુરુ અને ગુરુની કૃપા શું ન કરી શકે? ભગવાન દત્તાત્રેયના ગુરુ કોણ? ભગવાન શંકર, ભગવાન રામના ગુરુ કોણ? મુનિ વસિષ્ઠ. ભગવાન કૃષ્ણના ગુરુ કોણ? સાંદિપની ઋષિ. આમ ભગવાન પણ માનવદેહ ધરે ત્યારે ગુરુ કરે, ગુરુની સેવા કરે અને ગુરુકૃપા દ્વારા અવતારી કાર્ય પૂ રું કરે. આવી દિવ્ય છે આપણા ધર્મની પરંપરા. ગુરુકૃપા વિશે પૂ.શ્રી લખે છે કે :

**સમદષ્ટિ છે એહની કરે કૃપા વર્ષાવ,**
**દેવ સકલ વશ થાય ને જાય સંસૃતિ તાવ.**
**અનન્ય નિષ્ઠા મન વિશે, ગુરુ ત્રિમૂર્તિરૂપ,**
**ભાવ શુદ્ધ તો ક્ષણમહીં, શિષ્ય થાય તદ્રૂપ.**

(અ.૨ દો.૪૩ અને ૪૬)

**પ્રેમ**ની લહેજત **પ્રેમી** જાણે, પીએ કો **પ્રેમી** ભક્ત.

**સદ્‌ગુરુ  સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નરદેહ,**
**ગુરુનામામૃતપાનથી  જાય  મરણસંદેહ.**

(અ.૩ દો.૧૪૩)

**"સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહીં કોઈ અપના", "ગાઓ ગાઓ રે આજે ગુરુજીનો ગરબો"** કે **"ઔષધિ કૌન પિલાવે, ગુરુ બિન ઔષધિ કૌન પિલાવે"** વગેરે ભજનોમાં પણ ગુરુની અને ગુરુકૃપાની જ વાતો છે.

પ્રશ્ન એ છે કે ગુરુની કૃપા મળે કેવી રીતે? કૃપા શબ્દમાં જ આનો જવાબ છે. કૃપા એટલે કર (કૃ) અને મેળવ (પા). તું ગુરુમાં અનન્ય શ્રદ્ધા અને ભાવ રાખીને જીવન વ્યવહાર ગોઠવ, હરતાં-ફરતાં ગુરુનું સ્મરણ કર, ગુરુને ગમે તેવું કર અને ના ગમે તેવું ના કર અને પછી જો કે ગુરુ પ્રસન્ન થાય છે કે નહિ ! સાચો ગુરુ શિષ્યનો ચિંતાહારક છે. એકવાર એનો હાથ પકડે પછી એની મુક્તિ ન થાય ત્યાં સુધી એનો હાથ છોડતો નથી. અને તેથી સાચા સંતો બને ત્યાં સુધી શિષ્ય કરતાં નથી. પૂ.બાપજીએ શિષ્ય કરવાની પ્રથા સ્વીકારી ન હતી એનું આ જ કારણ. કોઈ વ્યક્તિ પૂ.શ્રીને ગુરુ માનીને વર્તે એ જુદી વાત છે. પરંતુ પૂ.બાપજીએ કંઠી બાંધવાની કે કાનમાં મંત્ર ફૂંકી શિષ્ય બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરી નથી અને છતાં જેણે જેણે બાપજીને સાચા ભાવે સેવ્યા છે તેના કામો એમણે કર્યા પણ છે.

નારેશ્વરમાં પૂ.શ્રીને સ્થિર કરવામાં મહત્ત્વનો ફાળો આપનાર દાસકાકાના કેટલાં બધા કામો કર્યા છે? પોરના મુ.ગોવિંદકાકા હોય કે લીંચના પૂ.પ્રેમ અવધૂતજી (પૂ.બચૂભાઈ) હોય કે કોઈ ગામડાનો અભણ ભક્ત હોય, ગુરુ મહારાજે દરેકના ભાવને પારખીને તેને સંતોષ આપ્યો જ છે, તેનું કલ્યાણ કર્યું જ છે. ભિલોડના બાજીનું આમંત્રણ સ્વીકારીને સંતો ભાવના ભૂખ્યા હોય છે એ વાત સિદ્ધ કરી છે. ધોમધખતા તાપમાં બાજીના ઝૂંપડામાં પધરામણી કરી, પણ ત્યાંના ઠાકોરના ઘરે

મુકામ ના જ કર્યો. ગરમીથી બાપજીને પડતી તકલીફનો સતત વિચાર કરી દુ:ખ અને સંતાપ અનુભવતા બાજીને રાજી કરવા પૂ.શ્રીએ એટલા જ વિસ્તારમાં વરસાદનું એક ઝાપટું પાડી દીધું. આવા તો કેટલાય પ્રસંગો વર્ણવી શકાય.

**"સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહિ"** એવું સંતો પોકારી પોકારીને કહે છે. સંતની કે ગુરુની કૃપા મેળવવા માટે કેવળ સાત્ત્વિક ભાવની જરૂર છે. સુદામાના તાંદુલ કે શબરીના એંઠા બોર કે વિદુરની ભાજી સ્વીકારવા પાછળ એમનો સાત્ત્વિક ભાવ જ કારણભૂત છે. સબસે ઊંચી પ્રેમ સગાઈ | પ્રશ્ન એટલો જ છે કે આવો સાત્ત્વિક ભાવ થાય કેવી રીતે?

માણસની વૃત્તિ જેટલી સાત્ત્વિક થાય એટલો ભાવ સાત્ત્વિક થાય. ગયા જન્મના કર્મો સ્વભાવરૂપે આવે એ વાત સ્વીકારીએ તો પણ વ્યક્તિ પ્રયત્ન દ્વારા સ્વભાવમાં સુધારો કરી શકે અને સુધારો કરવો જોઈએ. **"વૃત્તિથી વૃત્તિ ઘડાય છે"** એટલે સદ્‌ગુરુનું સ્મરણ કરીને, એનું જીવન ચરિત્ર વાંચીને આપણે પણ ધીમે ધીમે સાત્ત્વિક ભાવ જગવવાનાં હોય છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**"ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના,**
**શીતલ વચનામૃત ધારાસે, દુ:ખિયન દુ:ખ મિટાના, મનુવા."**

**"જોતાં અંતર અન્ય ઠરે ને રંગભજનનો જામે રે,**
**તત્ત્વમસિ તંબુરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે !! વનવગડાની.."**

વ્યક્તિ રાગ-દ્વેષ, કૂડ-કપટ, ક્રોધ-લોભ-મોહ વગેરે ધીરે ધીરે દૂર કરે અને શમ, દમ, તિતિક્ષા, દયા, શૌચ, આર્જવ (સરળતા) જેવા સદ્‌ગુણો કેળવે એટલે નિર્મળ મનમાં સાત્ત્વિક ભાવો જાગે અને એવા સરળ સ્વભાવના સાધકના નિર્મળ મનના સાત્ત્વિક ભાવને પરખીને ગુરુમહારાજ કૃપા કરે જ કરે. કૃપા કે આશીર્વાદ આપવાના નથી હોતા.

એ તો અંતરમાંથી વહી જ જતા હોય છે. શિષ્યનું જીવન જ એવું સદાચરણ યુક્ત હોય, એનાં શ્રદ્ધા, ભાવ, નિષ્ઠા જ એવા સાત્ત્વિક હોય કે ગુરુની કૃપા આપોઆપ વરસી જાય અને શિષ્યનું લક્ષ્ય સિદ્ધ થઇ જાય. ઘણીવાર બહુ અક્ષરજ્ઞાન ધરાવતો માણસ વધુ ખત્તા ખાય છે. "ભણતર મોટું ભૂત, તપસી ! ભણતર મોટું ભૂત." અને "સાક્ષરા: વિપરીતા રાક્ષસા:" એ ન્યાયે આવી વ્યક્તિમાં દોષ શોધવાની વૃત્તિ વધુ હોય છે અને તેથી સાત્ત્વિક ભાવ જલ્દી થઇ શકતા નથી.

આ દોહરા દ્વારા ગુરુ મહારાજ આપણને સરલ અને નિર્મળ જીવન જીવવાનો સંકેત કરે છે. "નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમ તણી સરવાણી" એ સાત્ત્વિક ભાવનું પ્રતીક છે અને ગુરુકૃપા પામ્યાની એંધાણી છે. ગુરુકૃપા મળી જાય એટલે વ્યક્તિનો ઇહલોક અને પરલોક બન્ને સુધરી જાય. ગુરુમહારાજ તો કૃપા વરસાવવા તૈયાર જ છે, આપણે એને ઝીલીએ, જીરવીએ અને જીવીએ તો પછી આપણા જીવનમાં રોજ જ રંગજન્મ શતાબ્દી ઉત્સવ છે.

●

# સંકેત-૧૬

**થાએ વનસ્પતિ હરી વર્ષાઋતુમાં અન્ય,**
**શુષ્ક જવાસો, દુર્જનો તેમ અત્ર અધન્ય.**

(અ.૭૮ દો.૬૯)

શ્રી વેણીભાઇ પુરોહિતનું એક કાવ્ય છે. એમાં તેઓ જણાવે છે કે :

**જાગો રે હો જીવ ઉદાસી ! જાગો.**
**આ કાયા કુટિલની નગરી ને આ કાયા છે કાશી... જાગો રે !**
**રાવણ ઝૂઝે રામની સામે રામ રાવણ એક રાશી,**
**લખતી એકના લેખ વિધાતા, બીજાની છે દાસી રે... જાગો રે !**

શિવ મહિમ્નમાં શ્લોક છે :

**રુચિનાં વૈચિત્રા ઋજુ કુટિલ નાના પથ જૂષાં**
**નૃણામેકોડગમ્ય ત્વમસિ પયસામર્ણવ ઈવ |**

આ પૃથ્વી પર અસંખ્ય જીવો જીવે છે. પરસેવામાં જન્મનાર (સ્વેદજ) જૂ કે લીખ હોય, પૃથ્વી ફોડીને બહાર પ્રગટતા (ઉદ્ભિજ્જ) ઝાડ, વનસ્પતિ કે વેલ હોય, ઈંડુ ફોડીને બહાર આવનાર (અંડજ) કાગડો, મોર કે ચકલીરૂપ પક્ષી હોય કે ઓરથી વિંટળાયેલ (જરાયુજ) માણસ કે પશુ હોય. આ મનુષ્ય યોનિમાં દરેક પુરુષ-સ્ત્રીના સ્વભાવ જુદા જુદા હોય છે. ગયા જન્મના કર્મોને અનુરૂપ સ્વભાવ લઈને વ્યક્તિ જન્મે છે. એક જ કુટુંબમાં રાવણ અને વિભિષણ જન્મે છે. દુર્યોધન સારું શું અને ખરાબ શું એ જાણે છે છતાં લાચારીથી ન કરવાનું કરે છે અને કરવાનું નથી કરતો. આવું બધું કેમ?

**સત્યં જનં વિરોધાય અસત્યં જન રંજનમ્ |**
**સુરા વિક્રિયતે સ્થાને દધિ ક્ષિરં ગૃહે ગૃહે ||**

પશુ-પંખી- માનવીમાં ભાત ભાતના જીવો જોવા મળે છે. પંખીમાં કાગડો ધૂર્ત છે, લૂચ્ચો છે, જ્યારે કબૂતર ભોળું છે, નિર્દોષ છે. દેડકો ભોટ છે, એનું હિત કેમ જાળવવું તેનું ભાન નથી, જ્યારે સાપ ડંખીલો છે. હાથી શાંત અને ભોળો છે જ્યારે ચિત્તો લુચ્ચો છે. માણસમાં પણ ખાનદાનીના સ્તર જુદા જુદા છે. એક જ મા-બાપના સંતાનોના સ્વભાવ અલગ અલગ છે. આનું કારણ શું? દરેકના સ્વભાવ, વૃત્તિ એના કર્મને અનુરૂપ હોય છે અને કર્મ અલગ હોવાથી આવી વિભિન્નતા જોવા મળે છે.

આ દોહરામાં પૂ.શ્રી ઉદાહરણ વનસ્પતિનું આપે છે પણ નિયમ માણસને લગતો આપે છે. વર્ષાઋતુમાં ખૂબ વરસાદ પડે ત્યારે વનસ્પતિ ખીલી ઊઠે છે અને હરી-લીલીછમ થાય છે. ટૂંકમાં વરસાદની અનુકૂળ ઋતુ આવતાં વનસ્પતિ ખીલી ઊઠે છે, ઝૂમી ઊઠે છે. આમ છતાં જવાસો સુકો રહે છે, તે પૂરબહારમાં ખીલી ઊઠતો નથી. આમાં કોનો દોષ? ઋતુનો કે જવાસાનો? વર્ષાઋતુમાં બધી રીતે અનુકૂળ વાતાવરણ મળતાં ઝાડ-વેલ પાંદડાથી ઝૂકી ઊઠે છે. વૃક્ષ ઘટાદાર બની જાય છે. આમ છતાં પલાશ (ખાખરા)નાં છોડને ત્રણ જ પાંદડા ઊગે છે. ત્રણથી વધીને ચાર પાંદડા થતાં નથી? આમાં કોનો દોષ? વર્ષાઋતુનો કે પલાશનો? જવાબ છે પલાશનો.

માણસોમાં પણ સજ્જન અને દુર્જન એમ બે પ્રકારના માણસો વર્ષો થયા જોવા મળે છે. રામજીના સમયમાં પણ મંથરા હતી અને રાક્ષસ રાવણની લંકામાં પણ વિભિષણ હતો. કેટલાક માણસો ગુણગ્રાહી હોય છે. દરેકમાંથી સારું શીખે છે. એ દરેકની સારી વસ્તુ જ જોવાનો પ્રયાસ કરે છે. અને કેટલાક માણસો અવગુણગ્રાહી હોય છે. એ ગમે તેનામાંથી દુર્ગુણ શોધી કાઢે છે. એટલે જ કહેવાયું છે કે કેટલાક માણસો એવા હોય છે કે **એ જ્યાં જાય ત્યાં આનંદ આનંદ અને** કેટલાક માણસો એવા હોય છે કે **એ જ્યાંથી જાય ત્યાં આનંદ આનંદ.**

આ 'જ્યાં' અને 'જ્યાંથી' નો તફાવત સમજીએ તો આ દોહરો સમજી જવાય. માખી જેવા કેટલાક માણસો પોતાની જાતને હોમીને પણ બીજાનું બગાડે છે. રકાબીમાં ચ્હા કાઢી હોય તો એ ચ્હામાં માખી પડે અને મરી જાય પણ તમારી ચ્હા તો બગાડે જ. માખી અને મધમાખી બે બહેનો છે પણ જીવનમાં કેટલો તફાવત છે?

ભર્તુહરી મહારાજે માણસોના ચાર પ્રકાર દર્શાવ્યા છે.

(૧) કેટલાક માણસો એવા હોય છે કે જે પોતાનું બગાડીને પણ બીજાનું ભલું કરે છે. આ પ્રથમ કોટિના માનવો છે. આ સંતો છે.

(૨) કેટલાક માણસો એવા હોય છે કે જે પોતાનું ન બગડતું હોય તો બીજાનું સારું કરે છે. આ સજ્જન માણસો છે.

(૩) કેટલાક માણસો એવા હોય છે કે જે પોતાનું સારું થતું હોય તો બીજાનું બગાડે છે. મોટા ભાગના માણસો આ કોટિનાં છે. આ પામર માણસો છે.

(૪) પરંતુ ભર્તુહરી મહારાજ કહે છે કે કેટલાક માણસો એવા હોય છે કે જે વગર કારણે- પોતાનું કશું ભલું ન થતું હોય તો પણ બીજાનું બગાડે છે. આવાને શું કહેવું? માણસના રૂપમાં પશુ?

તુલસીદાસજી રામાયણમાં જણાવે છે કે સજ્જન અને દુર્જન બન્ને દુ:ખરૂપ છે. એકનો વિયોગ દુ:ખરૂપ છે અને બીજાનો સંયોગ દુ:ખરૂપ છે.

**પૂ.શંભુ મહારાજ** એક ભજનમાં લખે છે કે :

**કવચ કેરા કાતરાને પ્રેમે પકડી રાખીએ,**
**(તો) ચટપટી લાગે અંગે, હું નહિ જઉં દુરિજન સંગે.**
**બાવળ કેરા છાંયડામાં સુખ ક્યાંથી સાંપડે?**
**કાંટા વાગે અંગે, હું નહિ જઉં દુરિજન સંગે.**

આ દુનિયામાં રામ- રાવણ, કૃષ્ણ-કંસ, સજ્જન-દુરિજન, સદ્‌વૃત્તિ-દુર્વૃત્તિ એવા દ્વંદ્વ તો રહેવાના જ.

દુર્જન માણસનો સ્વભાવ જ એવો છે કે એને સારી વસ્તુ ફાવે જ નહિ, એ સારી વસ્તુનો ઉપયોગ કરી શકે જ નહિ. આવા ભાગ્યહીન દુર્જનો અને ભાગ્યશાળી સજ્જનોનું વિશ્વ બનેલું છે. આપણે સજ્જન બનવાનું  છે એવો પૂ.શ્રીનો સંકેત છે.

પૂ.પ્રેમ અવધૂતજી કહે છે તેમ : બીજાની વાડકીમાં ભલે છાશ હોય પણ આપણી વાડકીમાં તો દૂધપાક જ હોવો જોઈએ. આ દોહરા દ્વારા પૂ.શ્રી દુરિજનનો સંગ છોડી સજ્જન બનવાનો સંકેત કરે છે. પોતે માંકડને દયાથી રહેવાની જગા આપે છે તેથી ખાટલો માર ખાય છે. લોકો ખાટલાની ઈસને ધોકો મારે છે અને માંકડ કાઢે છે.

**સજ્જનથી સુખ ઉપજે દુરિજનથી દુઃખ થાય,**
**માંકડના સહેવાસથી માર ખાટલો ખાય.**
**ભાગ્યહીન કો નહિ મીલે બડી વસ્તુકો ભોગ,**
**દ્રાક્ષ પકે તબ કાગકે કંઠમે નીકલે રોગ.**

આપણે સજ્જન થઈ લોકોને સુખરૂપ થઈ પડીએ તો આપણે ગુરુમહારાજના સંતાન સાચાં. ખાનદાનીથી જીવીએ, ઝેરના ઘૂંટડા પી જઈએ અને અમૃતના ઘૂંટડા પાઈએ તો રંગજન્મ શતાબ્દી સાચી.

●

# સંકેત-૧૭

**એવા નિઃસ્પૃહ ભૂસુરો દાન્ત અકિંચન ધન્ય !**
**સ્વાચારે રત સર્વદા, સ્વાત્મતુષ્ટ સુધન્ય !!**
**વેદમંત્રબળે અહા ત્રિમૂર્તિ પણ સ્વાધીન,**
**વર્તે ઈન્દ્રાદિક સુરો સદા નમીને દીન.**

(અ.૮૦ દો.૧૧૨-૧૧૩)

વર્ણ વ્યવસ્થા એ હિન્દુ ધર્મની વિશિષ્ટતા છે. આ વર્ણ વ્યવસ્થાના મૂળમાં શ્રમ વિભાજન રહેલું છે. બ્રાહ્મણોનું કાર્ય ભણવું અને ભણાવવું, ક્ષત્રિયનું કાર્ય સમાજનું રક્ષણ કરવું, વૈશ્યનું કાર્ય સમાજનું પોષણ કરવું અને ક્ષુદ્રનું કાર્ય સમાજની સેવા કરવી. આ કાર્યને અનુલક્ષીને બ્રાહ્મણને વિરાટપુરુષનું મુખ કહ્યું, ક્ષત્રિયને છાતી કહી, વૈશ્યોને સાથળ કહ્યાં અને શુદ્રોને પગ કહ્યાં.

આ બધામાં બ્રાહ્મણનું સ્થાન અથવા મુખનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. મેનેજમેન્ટ-Leadership સંચાલનની ભાષામાં બ્રાહ્મણનું કામ નિર્ણયો લઈને સમાજને સાચી દિશામાં દોરવાનું છે. નેતાગીરીના ગુણો બ્રાહ્મણોમાં આરોપાયા.

જેણે સમાજના નેતા થવાનું હોય, સમાજને દોરવાનો હોય, સાચા નિર્ણયો લઈને એ દિશામાં સમાજને કાર્યાન્વિત કરવાનો હોય એ બ્રાહ્મણ "બુદ્ધિમતાં વરિષ્ઠ" અને શ્રેષ્ઠ આચારયુક્ત હોવો જોઈએ.

ધર્મનું સંરક્ષણ અને સંવર્ધન બ્રાહ્મણ કરે છે. સમાજ ધર્મ ઉપર ટકે છે. ધર્મ સમાજને સંગઠિત રાખે છે. આવું કાર્ય જેને સોંપવામાં આવ્યું હોય તે વ્યક્તિ કેવો હોવો જોઈએ?

સમાજને દોરનારો બ્રાહ્મણ ઈચ્છા અને અપેક્ષા વગરનો, નિઃસ્પૃહી હોવો જોઈએ. સમાજનું ભલું કરવા નીકળનારે- સર્વોદય માટે

નીકળનારે- પોતાના લાભનો- સ્વોદયનો વિચાર કરવાનો હોય જ નહિ. **બહુજન હિતાય, બહુજન સુખાય**નો ભેખ લઈને નિકળેલો બ્રાહ્મણ જ સમાજને દોરી શકે, સંગઠિત રાખી શકે. નિઃસ્પૃહી હોવાની સાથે બ્રાહ્મણ- નેતા- સમાજનો વડીલ 'દાન્ત' હોવો જોઈએ. શરીરની ઈન્દ્રિયો ઉપર કાબુ હોવો જોઈએ. ઈન્દ્રિયો એ ઘોડા છે અને એની લગામ બરાબર હાથમાં રાખી હોય તો રથ લક્ષ્યસ્થાને પહોંચે. આચારને શુદ્ધ કરનાર બ્રાહ્મણ જ સમાજને દોરી શકે. સારા માણસો-શ્રેષ્ઠ માણસો- ઊંચા સ્થાને બેઠેલા મહાનુભાવો- જેવું આચરણ કરે છે તેવું જ આચરણ અન્ય વ્યક્તિઓ- અનુયાયીઓ કરતા હોય છે.

સમાજને આપવા માટે નેતાગીરીનો દોર પકડનાર- સેવાનો ભેખ લેનાર સમાજ પાસેથી કશું જ લે ના એ જરૂરી છે. એટલે બ્રાહ્મણ અકિંચન હોય એ જરૂરી છે. સેવા કરનાર સુખ- સાહ્યબીમાં આળોટતો હોય તો એ સેવા નથી, સેવાનો દંભ છે.

તમે સમાજને શું આપી શકો છો એમ પૂછો. સમાજ તમને શું આપી શકે છે એવું કદી પૂછશો નહિ. નિઃસ્પૃહી અને અકિંચન વૃત્તિવાળો બ્રાહ્મણ, સમાજનો નેતા, પોતાના ધર્મમાં- પોતાની ફરજમાં હંમેશા ડૂબેલો રહે, કાર્યરત રહે એ ખૂબ જરૂરી છે. આપણા દેશમાં સહકારી મંડળીઓ નથી વિકસી એનું મહત્ત્વનું કારણ એ પણ છે કે વેતન વગર સેવા આપનાર માનદ્ કર્મચારીઓ સેવારત રહેતા નથી. સમયસર આવતા નથી કે યોગ્ય રીતે ફરજ બજાવતા નથી. એને કશું કહી શકાતું પણ નથી. વેતન ન લેવું અને છતાં સમયસર, કાર્યક્ષમતાથી કાર્યરત રહેવું એ સાચું બ્રહ્મત્વ છે. પોતાની ફરજમાં કાર્યરત રહેનાર- કાર્યક્ષમ ફરજ બજાવનાર- સાચા નેતાની કલ્પના બ્રાહ્મણમાં રહેલી છે. બ્રાહ્મણે આચાર દ્વારા સમાજને દોરવાનો છે.

નિઃસ્પૃહી, ઈન્દ્રિયોને કાબુમાં રાખનાર, અકિંચન અને છતાં આચારમાં રત રહેનાર બ્રાહ્મણ આખરે તો પોતાની ફરજ બજાવ્યાનો-

સમાજનું ભલું કર્યાનો સંતોષ મેળવતો હોય છે. સંતોષ એ જ સાચું ધન  છે. અને તે પણ પોતાની ફરજ બજાવ્યાનો થતો સંતોષ એ ઉત્તમ સંતોષ છે. **"ખપી જવું તમારામાં અમારી મુક્તિ એ જ છે"** અથવા **"અરે ! સાચા પ્રેમી ક્વચિદપિ અપેક્ષા નવ કરે"** જેવા ઊંચા આદર્શો સાથે જીવનારા- સમાજને નેતાગીરી પૂરી પાડનારા એ સમાજનું મુખ છે, - સાચા બ્રાહ્મણો છે.

બ્રહ્મં જાનાતિ ઈતિ બ્રાહ્મણ: | એવી વ્યાખ્યા સ્વીકારીએ તો આવું બ્રહ્મત્વ મેળવનાર ખરેખર સમાજને સાચી દિશામાં દોરનાર હશે, સમાજનું સાચા અર્થમાં મુખ હશે.

પૂ.બાપજી પણ આવી ખુમારીવાળા અને આવા સદ્‌ગુણોથી ભરેલા મહામાનવ હતા. પૈસાને અડવું નહિ, પ્રવચનો કરવા નહિ, પ્રચારના માધ્યમનો સ્વીકાર કરવો નહિ અને એમ છતાં આચાર દ્વારા સમાજને સાચી દિશામાં વાળવો એ એમનું લક્ષ્ય હતું. સમાજ સંગઠિત બને, ધર્માભિમુખ બને અને સાચું સુખ મેળવે એ માટે એમણે સદા વિચાર્યું ને સદૈવ એવું વર્તન કર્યું. આવી  તેજસ્વિતાભર્યું જીવન જીવતા બ્રાહ્મણનું- નેતાનું- તપસ્વીનું કહ્યું કોણ ના કરે? કોણ એને આધીન ના રહે?

**તેન ત્યકતેન ભૂંજિથા:** નો આદર્શ લઈને સમાજ માટે, રાષ્ટ્ર માટે કામ કરતી કોઈ પણ વ્યક્તિ સમાજ કે રાષ્ટ્ર માટે પૂજ્ય બને છે. બધા એનું નેતૃત્વ સ્વીકારે છે.

બ્રહ્મત્વને સાચા અર્થમાં પોષનાર અને જીવનાર બ્રાહ્મણની તાકાત કેટલી હોય છે? આ તાકાતનો કોઈ અંદાજ જ ન મૂકી શકાય? બ્રાહ્મણ વેદમંત્રના બળે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રિમૂર્તિને પણ સ્વાધીન કરી શકે. ઈંદ્ર વગેરે દેવો પણ સદા એના કહ્યા પ્રમાણે વર્તે. આમાં કોઈ અતિશયોક્તિ નથી.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને સંકેત આપે છે કે ઘરના વડીલ, સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટીઓ, રાજયના કે દેશના પ્રધાનો જો અકિંચન અને નિઃસ્પૃહી બની પોતાની ફરજમાં સદા રત રહેશે તો દેવો પણ તેના ચરણ ચૂમશે. પરંતુ આપણે તો હોદ્દાનો દુરુપયોગ કરીને સંસ્થાના ભોગે ઘરની સમૃદ્ધિ વધારવામાં પડ્યા હોઈએ તો શું થાય? પૂ.ગાંધીજી, પૂ.લાલબહાદુર શાસ્ત્રી જેવા દેશના નેતાએ બ્રહ્મત્વની તાકાતનો પરચો બતાવ્યો છે અને પૂ.શ્રી જેવા સંતોએ પણ બ્રહ્મત્વ ખીલવી બતાવ્યું છે. આપણે પણ એવું બ્રહ્મત્વ ખીલવશું તો સાચી રંગજન્મ શતાબ્દી ઉજવી એમ કહેવાશે.

●

જીવન અંજલી થાજો !
મારું જીવન અંજલિ થાજો.
ભૂખ્યાં કાજે ભોજન બનજો,
તરસ્યાનું જળ થાજો,
દીનદુઃખિયાંનાં આસું લો’તાં
અંતર કદી ના ધરાજો.

# સંકેત-૧૮

**ભરે પેટ શ્રુતિ વિક્રયે દ્રવ્યલોભથી હન્ત,**
**વેચે વિશ્વંભર અહા વિત્તાર્થ ભવજંત.**

(અ.૮૦ દો.૧૧૯)

બ્રાહ્મણો એ સમાજનું મુખ છે. સમાજને દોરનાર છે. સમાજને કલ્યાણપથ પર લઈ જનાર છે. આ બ્રાહ્મણ કેવો હોવો જોઈએ? આ બ્રાહ્મણ અકિંચન, નિઃસ્પૃહી અને નિર્લોભી હોવો જોઈએ. લોભ એ નરકના ત્રણ દ્વારો પૈકીનું એક દ્વાર છે. કામ, ક્રોધ અને લોભ એ નરકનાં ત્રણ દ્વાર છે એમ ગીતા કહે છે. આ ત્રણેમાં લોભ એ સૌથી મોટો શત્રુ છે. નિઃસ્પૃહી, નિર્લોભી અને પરગજુ બ્રાહ્મણનું બ્રહ્મત્વ એવું તેજસ્વી બને છે કે ભગવાન પણ તેને આધીન રહે છે. ભગવાન વિષ્ણુ કહે છે :

**દૈવાધીનં જગત્સર્વં મન્ત્રાધીનં ચ દૈવતમ્ |**
**તે મન્ત્રા બ્રાહ્મણાધીના બ્રાહ્મણો મમ દૈવતમ્ ||**

પૂ.શ્રી લખે છે :

**દૈવાધીન જગત્ બધું, દૈવત મંત્રાધીન,**
**મંત્રો વિપ્રાધીન એ, વિપ્ર દેવ મમ ક્લિન્ન.**

આટલી તાકાત જેને મળી છે એ બ્રાહ્મણ માગણવૃત્તિથી દીન બનીને, ઉકરડા ઉપરની એંઠી પતરાળીનું એંઠુ અન્ન ખાય તો કેવું ખરાબ લાગે? કરોડાધિપતિનો છોકરો મંદિરે ઊભો રહીને આવતા જતા ભક્તો પાસેથી ભીખ માગે તો એનું તો ખરાબ દેખાય જ દેખાય પણ એના બાપનું પણ ખરાબ દેખાય.

પૂ.શ્રીનું સમગ્ર જીવન ખુમારીથી ભરેલું હતું. એ ખુમારી આપણામાં પણ પ્રગટે, વધે અને એવી કક્ષાએ પહોંચે કે એ જોઈને

**પ્રેમ**ની સગાઈ લોહીની સગાઈ કરતાં ચઢિયાતી છે.

પૂજ્યશ્રી પણ રાજી રાજી થઈ જાય એ અપેક્ષિત છે. બાપને રાજી રાખે તે જ સાચા દીકરા કહેવાય. બાપે સ્થાપેલી પરંપરા જાળવે, બને તો એનો વિસ્તાર કરે તો એ સપુત કહેવાય. પૂ.શ્રીએ પૈસાને અડકવાનું બંધ કર્યું. પૈસાનો સ્પર્શ થાય તો તે દિવસે ઉપવાસ કરવાનું નક્કી કર્યું એની પાછળ દ્રવ્યલોભની વૃત્તિનો ધરમૂળ નાશ કરવાનો જ ઉદ્દેશ હતો. **"દેવનું કાર્ય દેવ કરે છે"** એ સૂત્ર દ્વારા દેવપરસ્તી, દેવમાં અડગ અને અતૂટ વિશ્વાસ, અને માગણવૃત્તિનો ત્યાગ એ ઉદ્દેશો હતા. "ભગવાનની સામે પણ માગણ બનીને ના ઊભા રહો" એવું કહેવાનું કારણ એ જ કે માગણની કોઈ કિંમત હોતી નથી. Beggers are never the choosers. **માગણ કરતાં લાંઘણ સારું** એ ન્યાયે ભૂખ્યા મરી જવું એ માગીને જીવતા રહેવા કરતાં વધુ સારું.

સ્વમાનથી જીવવા માટે પોતાનું બ્રહ્મત્વ અકબંધ જળવાવવું જોઈએ. આ બ્રહ્મત્વ જાળવવા માટે, જીવન ટકાવી રાખવા પૂરતી જરૂરી વસ્તુ મળે એટલી વ્યવસ્થા જ હોવી જોઈએ. બ્રાહ્મણને સુખ સાહ્યબી કેવી રીતે હોય? એને એ કેવી રીતે પોષાય? દેશની સરહદ સંભાળતો પ્રહરી જેમ સદા જાગ્રત રહેવો જોઈએ તેમ સમાજના ઘડતર કરવાની જવાબદારી સંભાળતો બ્રાહ્મણ પણ સદા જાગ્રત રહેવો જોઈએ. જો એને સુખ- સાહ્યબી, એશ-આરામ મળે તો એ એની ફરજ ચૂકી જશે.

દેવો પણ જેને આધીન રહે છે, જેને માટે બ્રહ્મત્વ એ જ સર્વસ્વ છે અને જે લક્ષ્મીનંદન નહિ પણ લક્ષ્યનંદન બની રહેવા સર્જાયો હોય એ બ્રાહ્મણ એની ફરજ ચૂકે તો? એનો રસ્તો બદલે તો?

**સાક્ષરા: વિપરીતા રાક્ષસા:** એ ન્યાયે બહુ ભણેલા માણસો સમાજના પોષક પણ છે અને શોષક પણ છે. એ પોતાની શક્તિનો સન્માર્ગે ઉપયોગ કરે તો સમાજ વિકાસ પામે છે, પણ સ્વાર્થ માટે ઉપયોગ કરે તો સમાજ વિનાશ પામે છે. સાક્ષરા: શબ્દને ઉલટાવીએ

જો તારલા આકાશની કવિતા છે, તો માતા પૃથ્વી પરની કવિતા છે.

તો રાક્ષસા: થાય છે. આ દેશની દુર્દશા થવામાં બ્રાહ્મણોનો ફાળો વિશેષ પ્રકારનો છે. જેણે સમાજના નેતા થઇને સમાજને દોરવાનો હોય તેનામાં સાચા પંથે ચાલવાની, સાચું બોલવાની, સાચું કહેવાની હિંમત જોઇએ. જો બ્રાહ્મણ નિ:સ્પૃહી અને અકિંચન હશે તો એ કોઈનાં ખોટા વખાણ નહિ કરે અને ગમે એવો ચમરબંધી હશે તો પણ તે ખોટું કરતો હશે તો તેનું ધ્યાન દોરશે અને તેને ખોટું કરતાં અટકાવશે.

પરંતુ આવી તેજસ્વિતા લાવવા માટે પૈસાને અને પ્રતિષ્ઠાને ઠોકર મારવી પડશે. પરંતુ આજે તો જેની પાસેથી સદ્‌ગુણોની, સદાચારની અપેક્ષા રખાતી હતી તે વર્ગ જ તદ્દન આચારહિન અને દુર્ગુણયુક્ત થઇ  ગયો. ભાગવતની પોથીનું પારાયણ કરનાર પારાયણ દરમ્યાન પણ મોંમાં તમાકુ-પાન ભરી રાખે અને છતાં તેને મુખ્ય આચાર્ય કશું કહે નહિ એ પરિસ્થિતિ એ સમાજની નાલેશી છે. આવો બ્રાહ્મણ સમાજનું શું ભલું કરશે? કેવળ દક્ષિણા માટે થતું ધર્મકાર્ય એ વેપાર બને  છે. સામે ચાલીને કથા માગવી, કથામાં મનોરંજન પૂ  રું પાડવું અને તે દ્વારા ભગવાનને ભૂલીને ઘરની તિજોરી ભરવી એવું જ્યારથી બ્રાહ્મણોએ શરૂ કર્યું ત્યારથી સમાજનું અધ:પતન શરૂ થયું.

ચાલુ ભજને- પૂજને- કથા દરમ્યાન અતિ શ્રીમંત વ્યક્તિ પધારે તો પોતાની વ્યાસપીઠની મહત્તાને ભૂલી જઇ શ્રીમંતના ચરણે પડનાર કથાકાર સમાજને શું દોરવાનો? ઘરમાં પૈસાની તિજોરી ભરાશે પણ પ્રતિષ્ઠાની, સંસ્કારિતાની, તેજસ્વિતાની તિજોરી ખાલી થશે.

પૂ.શ્રી આપણને આ દોહરા દ્વારા પૈસાના લોભથી વેદ અને વિશ્વંભરને વેચનાર બ્રાહ્મણો એ સંસારના કીડા છે એવું કહે છે અને આપણને ચેતવે છે કે પૈસા માટે પરમેશ્વરને વેચશો નહિ. બાપજીએ જે ખુમારી જીવનમાં દર્શાવી તેની આપણે વાતો કરીએ તે સારું છે પણ ખરેખર તો એવી ખુમારી આપણે પ્રગટાવવાની છે. આપણું જીવન ખુમારીભર્યું બનાવવાનું છે. ભગવાન આપણને એવી સન્મતિ આપે કે

આપણે બાપજીની અપેક્ષા પ્રમાણેનું જીવન જીવીએ, જીવન મહેકાવીએ અને સમાજનો પૂ.શ્રી પ્રત્યેનો આદરભાવ વધે એવો પ્રયત્ન કરીએ. નહિતર બાપજીની ખુમારીની વાતો કરવાના કાર્યક્રમો દ્વારા પૈસા મેળવવાના પ્રયત્ન કરીએ તો નવાઇ નહીં. પૂ.શ્રીનો શિષ્ય, પૂ.શ્રીનું સંતાન કેવું હોય? સાદું જીવન, ઊંચું ચિંતન, પ્રેમ, સરળતા, નિખાલસતા અને દયાભાવથી ભર્યું જીવન જીવતું સંતાન એ પૂ.શ્રીનું સંતાન કહેવાય. પ્રામાણિકતાથી કમાવવું, થોડી કમાણી બીજા માટે વાપરવી અને ભગવાનનું નામસ્મરણ કરતાં રહેવું એવો પૂ.શ્રીનો સંકલ્પ ઝીલીએ તો સાચી શતાબ્દી ઉજવી ગણાશે. પૈસા અને પ્રતિષ્ઠાને લાત મારશું તો જ સંગઠિત રહી શકીશું, કારણકે ઝઘડાના મૂળમાં આ જ હોય છે ને !

●

- આપણે સૃષ્ટિના વિવેચકો કે ટીકાકારો બનવાને બદલે સૃષ્ટિના પૂજારીઓ બનીએ, વાસ્તવિકતાના ઉપાસકો બનીએ અને દુનિયાના ભક્તો બનીએ એમાં સાચી ધાર્મિકતા છે.
- જીવન શું છે એ પૂછવાને બદલે જીવન જીવીએ અને એ રીતે જ જીવન સમજીએ.
  જાણેલું કામમાં નહીં આવે, જીવેલું જ કામમાં આવશે.

# સંકેત-૧૯

**સુલભ સકળ અવનીમહીં, દુર્લભ સદ્દર્શન,**
**કરે સુપાવન પાપીને જેહ પૂર્ણ તત્ક્ષણ.**

(અ.૮૩ દો.૧૭)

ભગવાન જયારે જીવ ઉપર કૃપા કરે છે ત્યારે તેને સન્મતિ આપે છે, સત્સંગ આપે છે, સંતદર્શન આપે છે. તુલસીકૃત રામાયણમાં હનુમાનજી સીતાની શોધમાં લંકા ગયા ત્યારે સવારના પહોરમાં વિભિષણના ઘર સમક્ષ સાધુનું રૂપ લઈને ઉભા હતા. સવારના પહોરમાં શ્રીરામનું સ્મરણ કરતાં વિભિષણજી જાગ્યાં અને જોયું તો આંગણામાં સંત ઉભા હતા. એ પ્રસંગે વિભિષણની હનુમાન પ્રતિ ઉક્તિ છે કે :

**કહત બિભિષન સુનુ હનુમંતા,**
**રામકૃપા બિનુ મિલે નહિ સંતા.**

સંતપુરુષ કે સાધુપુરુષ કોને કહેવો? ભગવા પહેરે તે સાધુ? સીધું ઉઘરાવે તે સાધુ? પૂ.શ્રી રચિત પ્રશ્નોત્તર માલામાં પહેલો જ પ્રશ્ન આ જ છે કે **"કઃ સાધુઃ"** સાધુ કોણ? અને ઉત્તરમાં જણાવે છે કે **"સાધનવાન્ માલામુદ્રાદિ શોભિતો નૈવ ।" સાધનયુક્ત હોય તે. માળા અને મુદ્રાદિ બાહ્ય ચિન્હોથી શોભતો હોય તે નહિ જ.** ટૂંકમાં સાધુતા એ વૃત્તિ છે, વેશ નથી. જે સાચો સાધુ છે એ પ્રભુ પરસ્તીવાળો હોય છે. એને ભગવાન ઉપર પૂર્ણ ભરોસો હોય છે. અને તેથી તે જગત પાસેથી કશી અપેક્ષા રાખતો નથી. સાધુ અને સંત ધનવાન નહિ, સાધનવાન હોવાં જોઈએ. અને સાધન એટલે કયા સાધનો? પૂ.શ્રી બીજો જ પ્રશ્ન કરે છે. **"કિં સાધનં" સાધન શું**? અને એનો ઉત્તર આપતાં બાપજી જણાવે છે કે **વિવેકો વૈરાગ્યાદ્યં શમાદિ ષટ્કં ચ | વિવેક, વૈરાગ્ય**

**વગેરે અને શમ (દમ, ઉપરતિ, તિતક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ) વગેરે ષટ્ સંપત્તિ. વૈરાગ્ય વગેરે** દ્વારા બાપજીએ મુમુક્ષુપણાનું સૂચન કર્યું છે. આમ વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું એવા એ ચાર સાધન (સાધન ચતુષ્ટય)થી શોભતો હોય તે સાધુ કહેવાય.

વિવેકયુક્ત વૈરાગ્ય અને કેવળ વૈરાગ્યમાં વિવેકયુક્ત વૈરાગ્ય એ જ ઇચ્છનીય છે. વિવેક વગર વૈરાગ્ય આવે તો તે હેતુની સિદ્ધિ માટે અપૂરતો છે.

આના ઉપર પૂ. પ્રકાશાનંદજીના વાર્તાલાપમાં એક દૃષ્ટાંત છે. એકવાર મેનાવતીને ઇચ્છા થઇ કે ભર્તુહારીની સાથે રહેતા પોતાના પુત્ર ગોપીચંદનો વૈરાગ્ય કેવો છે? રાત્રે પુરુષનો વેષ લઇને મેનાવતી જંગલમાં ગઇ. જંગલમાં ભર્તુહરી અને ગોપીચંદ ભૂમી ઉપર થોડે થોડે દૂર સૂતેલાં હતાં. સૌ પ્રથમ મેનાવતી ગોપીચંદ પાસે ગઇ અને તદ્દન નજીક સૂઇ ગઇ. પોતાની પાસે કોઇ સૂતું છે એવું લાગવાથી તરત જ ગોપીચંદે કહ્યું કે મારી જગ્યાએ કોણ સૂતું છે. બીજે જઇને સૂઇ જા. મેનાવતી તરત ત્યાંથી ઉભા થઇ ગયાં અને પછી ભર્તુહરી પાસે જઇને સૂઇ ગયા. ભર્તુહરી કશું બોલ્યા વગર ઊઠીને બીજે સૂઇ ગયા. બીજે દિવસે સવારે મેનાવતીએ ગોપીચંદને રાતની વાત કહી સંભળાવી અને કહ્યું કે તારો વૈરાગ્ય વિવેકયુક્ત ન હતો તેથી જંગલની ભૂમિ પર પણ તને “મમત્વ” રહ્યું અને તેથી મારી જગ્યાએ કોણ સૂતું છે એવું બોલાઇ ગયું. જયારે ભર્તુહરીનો વૈરાગ્ય વિવેકયુક્ત હતો તેથી એ કશું બોલ્યા વિના બીજે જતાં રહ્યાં.

આમ વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું એવા ચાર સાધનથી શોભતો સાધુ પોતે સદાચારી હોય છે, સ્વેચ્છાચારી નહિ. આચાર દ્વારા ઉપદેશ એ એમનો જીવન સિદ્ધાંત બની રહે છે. આને કારણે જે વ્યક્તિ એના સંપર્કમાં આવે છે એ વ્યક્તિના મન પર એની

બધા જીવોને મળવાની ઇચ્છાથી **માનું** સર્જન થયું.

ઘેરી અસર થાય છે. "વૃત્તિથી વૃત્તિ ઘડાય છે" એ ન્યાયે સામી વ્યક્તિની વૃત્તિ પણ સદ્‌વૃત્તિ થવા લાગે છે.

A Man is Known by the Company that he keeps. જેવો સંગ તેવો રંગ એ ન્યાયે સારી વ્યક્તિ સાથે બેસનારને સારા વિચારો આવે અને તેથી તે સારા કર્મો કરે. જ્યારે ખરાબ વ્યક્તિ સાથેની સોબતથી વ્યક્તિ ખરાબ કર્મો કરતો થાય છે. સારા માણસોના સંગથી, સાધુપુરુષના સહવાસથી વ્યક્તિનું જીવન જ બદલાઈ જાય છે.

અભિપ્રેરણાના સિદ્ધાંતો (Motivation Theories) એક વાત સ્પષ્ટ કરે છે કે માનવી પોતે તટસ્થ છે અને એને જેવી પ્રેરણા મળે તેવી દિશામાં ગતિ કરે છે. આમ વ્યક્તિને સંતપુરુષનો સમાગમ થઈ જાય તો તે સાચી દિશામાં ગતિ કરશે. સાચું કરતો થશે અને ખોટું કરતો અટકી જશે. વાલિયા લૂટારૂને નારદ મળ્યા તો તે વાલ્મિકિ ઋષિ બની ગયો. અંગુલીમાન લૂટારૂને ભગવાન બુદ્ધ મળ્યા તો તેનો જીવનપથ પણ બદલાઈ ગયો અને સત્પંથે ડગ ભરનારને જે આત્મ સંતોષ મળે છે તે આત્મ સંતોષ તો વ્યક્તિને લાખો રૂપિયા મળે તો પણ મળતો નથી. પૂ.રવિશંકર મહારાજે અનેક ડાકુઓની ડાકુગીરી છોડાવી દીધી અને ડાકુઓએ છોડી પણ દીધી. જગ્ગા ડાકુ નામનો ખૂનખાર ડાકુ સજ્જનના સંગમાં ડાકુમાંથી દેશનો પ્રતિષ્ઠિત નાગરિક બન્યો. પરંતુ આવા પ્રેરક (Motivator) મળે ક્યાં? મળે કોને?

વ્યક્તિ ગમે તેટલો પાપી હોય, દુરાચારી હોય કે નાલાયક હોય પણ જે ક્ષણથી તે સુધરવાનો સંકલ્પ કરે છે તે જ ક્ષણથી તેનો નવો જન્મ થાય છે. સંતોનું કામ અવળે રસ્તે ડગ ભરતા પાપીઓને સાચા રસ્તે વાળવાનું છે, અને તે દ્વારા તેમને પાવન કરવાનું છે. પરંતુ જગતમાં બધું મળે છે પણ સત્સંગ મળતો નથી. સાધુપુરુષનો સંગ, હરિકથા વિગેરે ભગવાનની કૃપા હોય તો જ મળે છે. સાધુ સંતના દર્શનથી પાપ, તાપ અને દૈન્ય ત્રણેનું શમન થાય છે છતાં આપણે સત્સંગ, સંત દર્શન કેમ

પામી શકતા નથી? કારણ કે આપણામાં સન્મતિ નથી. સત્સંગથી આપણામાં વિવેક આવે છે. તેથી તુલસીદાસજી કહે છે કે,

**બિનુ સત્સંગ બિબેક ન હોઈ,**
**રામકૃપા બિન સુલભ ન સોઈ.**

આપણને તો સમર્થ ગુરુમહારાજ મળ્યા છે એટલે દુર્લભ ગણાતી વસ્તુ સુલભ બની છે. એમણે ચિંધેલા રસ્તે ચાલીને પાવન થઈએ અને આપણા સદ્‌વર્તન દ્વારા **એમને અંતરથી રાજી કરીએ એવી શુભ મનોકામના.**

●

- આચરણ વગર સર્વ વ્યર્થ છે. નીતિ-નિયમને, સદાચારને જો દેશવટો આપીએ તો સ્વપ્ને પણ સુખ કે શાંતિ નહિ મળે. જાણેલું કામ નહીં આવે, જીવેલું જ કામ આવશે.
- આપણે માનવધર્મ ભૂલી ગયા છીએ, હરપળે ભૂલી જઈએ છીએ. આપણે તો આ વિશ્વમંદિરને પવિત્ર રાખવા માટે અને માનવમાંથી દેવ બનવા માટે આ પૂજન કરીએ છીએ. માનવતાના ધર્મો આચરવાના ચૂકી ગયા અને પૂજનની શુષ્ક ક્રિયા રહી ગઈ.
- સમાજને ઉપયોગી એવું કોઈ પણ શુભકાર્ય એ યજ્ઞ જ છે. તે વડે સમાજમાં સંપત્તિનું સંતુલન જળવાય છે અને સાચો સમાજવાદ સ્થપાય છે. આ યજ્ઞ પ્રણાલીનો આશય આવો શુભ છે.

**-પ્રેમ અવધૂત**

પ્રાર્થના એ એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે.

# સંકેત-૨૦

**સંસારે પ્રાણી સહુ કર્માધીન સુજાણ,**
**ગુણાનુસારે સૌખ્ય ને પામે દુ:ખ પ્રમાણ.**
**કલ્પાયુષ દેવો અહા તે પણ કર્માધીન,**
**કાલગ્રસ્ત બધા ! કથા કોણ મર્ત્યની દીન?**

(અ.૮૪ દો.૧૪૯-૧૫૦)

સુખ સ્વરૂપ, આનંદ સ્વરૂપ આત્મા અવિદ્યાના આવરણથી જીવભાવે સુખ-દુ:ખની અનુભૂતિ કરે છે. સુખ અને દુ:ખનું જોડકું બધાના જીવનમાં આવે છે. સુખ અને દુ:ખ એ હકીકતમાં મનની કલ્પના માત્ર છે. કોઈ પણ પરિસ્થિતિને જોવાના દૃષ્ટિકોણમાંથી સુખ-દુ:ખનો ભાવ જન્મે છે. પરમાત્મા સુખ સ્વરૂપ હોય અને જડ ચેતન બધામાં એ આનંદસ્વરૂપ પરમાત્મા જ વસેલો હોય તો જગતમાં દુ:ખ આવે જ ક્યાંથી?

વળી સુખ કોને કહેવાય અને દુ:ખ કોને કહેવાય એની સાચી સમજ પણ આપણને હોતી નથી. પૂ.શ્રી સુખની વ્યાખ્યા આપતાં જણાવે છે કે "સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણી યસ્મિન્ તત્ સુખમ્ |" ઈન્દ્રિયો બહિર્વસ્તુમાંથી, બહિર્વૃત્તિમાંથી પાછી વળે અને પરમાત્મામાં લીન થાય તો તે સાચું સુખ કહેવાય. ગીતા તો સુખના પણ સાત્ત્વિક, રાજસિક અને તામસિક પ્રકારો પાડે છે. ટૂંકમાં પરમાત્મા તરફ ગતિ થાય એવી વૃત્તિ અને પ્રવૃત્તિમાં રત રહીએ તો તે સુખ કહેવાય. પરંતુ આપણા સંસારીની તો સુખની વ્યાખ્યા જ તદ્દન જુદી અને તદ્દન ખોટી છે. ભગવાન કૃપા કરતો હોય ત્યારે આપણને અવકૃપા જણાય, ભગવાને દુ:ખ આપ્યું એવું લાગે. ભાગવતમાં ભગવાનના શ્રીમુખે કહેવાયું છે કે હું જ્યારે જીવ પર પરમ કૃપા કરવા ઈચ્છું છું ત્યારે સૌપ્રથમ એનું ધન, સંતાન, સ્ત્રી વગેરે લઈ

લઉં છું. હવે ધન, સંતાન વગેરે જાય તો વિવેકી માણસ એમ સમજે કે હવે ભગવાનની કૃપા થવાની એની પૂર્વ તૈયારી શરૂ થઇ ગઇ. સુખનો વરસાદ વરસવાનો. વદસાદ પહેલાં વીજળી થાય, પવન ફૂંકાય એવું માનીને ધન, સંતાન વગેરે ગુમાવ્યાનો શોક ના કરે પણ પ્રભુની કરૂણાનો અનુભવ કરે.

તલસીદાસજી પણ લખે છે કે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપીકે ભી હોય,**
**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ દોય.**

આમ આપણી સુખની, ભગવદ્કૃપાની દષ્ટિ જુદી છે તેથી દુઃખી થઇએ છીએ. દ્રૌપદીના સ્વયંવરમાં યુધિષ્ઠિર, ભીમ, નકુળ, સહદેવ જેવાં થોડા પગથિયા ચઢ્યા ત્યાં જ ગબડી પડ્યા. જ્યારે દુર્યોધન સડસડાટ ઉપર સુધી પહોંચી ગયો હતો. એ વાતને ધ્યાનમાં રાખી ભીમે કૃષ્ણ સમક્ષ ફરિયાદ કરી કે તમે અમારા મિત્ર, સગા, હિતેચ્છુ ગણાઓ છો તો અમારું શું ધ્યાન રાખો છો? દુર્યોધન સડસડાટ ઉપર સુધી પહોંચ્યો જ્યારે અમે તો થોડા થોડા ચઢાણ પછી જ અટકી ગયા તો તમે અમારું શું ભલું કર્યું? અમારે કેટલી વિટંબણા સહન કરવી પડી? કેટલી ચિંતા થઇ? અમે તો દુઃખી દુઃખી થઇ ગયા હતા.

ભગવાને કહ્યું કે ભીમ તારી દષ્ટિથી તારી વાત સાચી છે પણ તું મારી વાત સાંભળ્યા પછી ન્યાય કરજે કે મેં તારું ભલું કર્યું કે બૂરું? મેં તમને, થોડી થોડી ઊંચાઇએથી એટલા માટે ગબડાવી દીધા કે જેથી તમને ઓછું વાગે, જ્યારે દુર્યોધનની તો મારે કમર તોડી નાંખવી હતી એટલે જ્યારે એ એક પછી એક પગથિયાં ચઢ્યે જતો હતો ત્યારે તમને બધાને એમ લાગતું હતું કે એ પ્રગતિ કરી રહ્યો છે. એ પણ આનંદ અનુભવતો હતો, પણ મારા સિવાય કોઇને પરિણામનો ખ્યાલ ન હતો. એટલે આનંદ અને અભિમાનથી ઊંચે જતો દુર્યોધન જ્યારે પડ્યો ત્યારે જ તમને બધાને ખ્યાલ આવ્યો કે એને ખૂબ જ નુકસાન થયું છે.

પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.

સુખ દુ:ખ એ મનની કલ્પના છે એ પહેલી વાત. બીજું સુખ-દુ:ખની આપણી સમજ ખોટી છે એ બીજી વાત અને ત્રીજી અને છેલ્લી વાત એ કે માનો કે સુખ દુ:ખ જેવી વસ્તુ છે તો આ સુખ દુ:ખ એ આપણા કર્મોના પરિપાકરૂપે જ આવતા હોય છે. આપણને મળતું સુખ એ આપણા કોઈ સત્કર્મનું પરિણામ છે જ્યારે દુ:ખ એ દુષ્કર્મનું પરિણામ છે. એટલે એવી પરિસ્થિતિમાં કોઈ અન્યને દોષ દેવાને બદલે આપણે કર્મના ફળ સ્વરૂપ એનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઈએ.

ધર્મ અને ભક્તિની સાચી કસોટી પરિસ્થિતિનો સામનો કરવામાં, દુ:ખને સહન કરવામાં અને એનો સહર્ષ સ્વીકાર કરવામાં છે. સંતો અને ભક્તોને પણ સંકટો તો આવ્યા જ છે, પણ તેમણે એને સંકટો માન્યા નથી. પત્ની મરી જતાં નરસિંહ મહેતાએ ગાયું કે "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ" અને સંસારી હોત તો રડી રડીને મરી ગયો હોત. પૂ.બાપજીના શરીરને પણ લકવાની પીડા ભોગવવી પડી હતી. અને પરિસ્થિતિ એવી નાજુક કે લંગોટ પણ જાતે કાઢી શકતા નહિ કે પહેરી શકતા નહિ. સેવામાં હનુમાનશી ભક્તિ કરનાર મુ.જગજીવન માસ્તર હતા. કોઈ પૂછે કે "બાપજી કેમ છે?" તો હસીને કહે કે આ માસ્તર રોજ મારું ચીર હરણ કરે છે. (એટલે કે લંગોટ લઈ લે છે.) પણ એટલો દયાળુ છે કે તરત ચીર પૂરે છે પણ ખરો. કપરી પરિસ્થિતિને હળવી બનાવવાનો કિમિયો જીવતો હોય તે સંત, રોદણા રડવાની ટેવ હોય તે સંસારી.

જો સુખ અને દુ:ખ એ આપણા કર્મોના જ ફળ હોય તો આપણે સારા કર્મો કરી સુખ મેળવવાની તૈયારી કરીએ. પરંતુ વાવીએ બાવળ અને કાંટા વાગે ત્યારે કોઈને દોષ દઈએ તો કેમ ચાલે? બાવળ પાસેથી કેરીની આશા રાખીએ તો કેમ ફળે? પૂ.શ્રી આ દોહરા દ્વારા આપણને સત્કર્મો કરવાનો સંકેત કરે છે. પરંતુ આપણે તો યુધિષ્ઠિરને બદલે દુર્યોધનની વૃત્તિ ધરાવીને જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ | જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ જેવું જીવીએ - કરવાનું ન કરીએ અને નહિ કરવાનું બધું જ

કરીએ તો પછી દુ:ખના વાદળ સહેવા પડશે. પૂ.શ્રીએ પોતાનું જીવન સદાચરણથી હર્યું ભર્યું રાખ્યું, દુ:ખને સ્વીકાર્યું, સંકટનો સામનો કર્યો અને દુ:ખને મનનું સોણલું ગણી "સચ્ચિદાનંદમગ્ન" જ રહ્યા. આપણે પણ ક્ષુલ્લક વાતોને, દુ:ખોને ભૂલીને ગુરુમહારાજના કહ્યા પ્રમાણે સદાચરણ દ્વારા જીવનનું ઘડતર કરીએ. પૂ.શ્રીના આદર્શોને આગળ ધપાવીએ તો તે શું શતાબ્દીની ઉજવણી ના ગણાય? કદાચ સાચી ઉજવણી જ એ છે એમ કહેવાય.

●

- ભગવાન એ ખાલી અણીને વખતે છેવટનો ઉપાય નથી સંકટ સમયનો રાહતમાર્ગ નથી, રહી ગયેલું થોડુંક કરી આપનાર મારફતિયો નથી. એ તો હંમેશા આપણી સાથે રહીને આખું કામ કરનાર અંતર્યામિ છે.
- જીવન એક મોટર સાયકર છે. પેટ્રોલ એ ઈશ્વરકૃપા છે અને કીક માનવીનો પુરુષાર્થ છે. પેટ્રોલ અને કીક મારવાનું બંને જરૂરી છે. ઈશ્વરકૃપા અને પુરુષાર્થ બંને જોઈએ પ્રાર્થના અને પ્રયત્ન બંને જોઈએ.

શબ્દ જેટલા ઓછા તેટલી પ્રાર્થના ઉત્તમ.

# સંકેત-૨૧

**પુણ્યકર્મથી કો સમે થાય દુષ્કર્મ દૂર,**
**ટાળી શકે ન કાળને સુર, નર, દાનવ ક્રૂર.**

(અ.૮૪ દો.૧૫૭)

પ્રાણીમાત્ર સુખની શોધમાં ફરે છે અને મૃત્યુને ટાળવાનો પ્રયાસ કરે છે. અજ્ઞાની વ્યક્તિમાં વિવેક ન હોવાથી, સાચી સમજ ન હોવાથી એ પાણીમાંથી માખણ મેળવવાના ફાંફાં મારે છે. એ લાખ પ્રયત્નો કરે તો પણ એને પાણીમાંથી જેમ માખણ મળે જ નહિ તેમ એ ગમે તે કરે તો પણ મૃત્યુ ટળે જ નહિ.

આ દોહરામાં પૂ.શ્રી કર્મના સિદ્ધાંતની સમજ આપે છે અને કાળની અનિવાર્યતા સમજાવે છે. વ્યક્તિ અણસમજુ હોય કે અર્ધસમજુ હોય ત્યારે જાત જાતની ગેરસમજ ઊભી થતી હોય છે. દરેક વ્યક્તિ પોતપોતાના કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવતો હોય એમ કહીએ ત્યારે બે પ્રકારની દલીલો કરવામાં આવે છે. **એક** તો કેટલીક વ્યક્તિઓ ભક્તિભાવથી ભરેલાં હોય, ભલમનસાઇથી વર્તતાં હોય, કોઇનું ખરાબ કરતાં ન હોય, તો પછી એના જીવનમાં દુઃખ કેમ દેખાય છે? અને **બીજું** કેટલીક વ્યક્તિ અધર્મ પર અધર્મ કર્યે જ જતો હોય છે છતાં એને સુખ જ મળ્યાં કરતું હોય છે તો તેનું કારણ શું? ઘણાં સત્પંથે જીવન જીવનારાં એક પછી એક દુઃખ આવતાં નિરાશા અને હતાશા અનુભવે છે અને આપણે પણ હવે નાલાયક જ બનવું રહ્યું એવા નિર્ણય પર આવે છે. આનો ઉપાય શો?

આપણા શાસ્ત્રો અને સંતો પૂર્વજન્મનો સ્વીકાર કરે છે. જીવ જ્યારે શરીર છોડે છે ત્યારે પોતાના સારા અને નરસા કર્મોનું પોટલું લઇને

પ્રાર્થનારૂપી નાના પરબિડિયામાં મોટી માંગણી મૂકી શકાય.

શરીર છોડે છે. સાચું અને પૂરું જ્ઞાન નહિ હોવાથી ઘણીવાર વ્યક્તિ ખોટા નિર્ણયો લઇ બેસતો હોય છે. પરંતુ એને કારણે કર્મનો સિદ્ધાંત ખોટો પડતો નથી. ઘુવડ સૂર્ય નથી એમ કહે તેથી કાંઇ સૂર્ય પોતાનું અસ્તિત્ત્વ ગુમાવતો નથી.

ઘણીવાર ખોટા કર્મો કરનાર લીલાલહેર કરતો દેખાતો હોય છે તેનું કારણ એના પૂર્વસંચિત પુણ્યકર્મો છે. પુણ્યકર્મના પ્રભાવે કરીને એના દુષ્કર્મોનું ફળ તરત મળતું નથી. થોડું પાછું ઠેલાય છે. પરંતુ એનો અર્થ એ નથી કે એ દુષ્કર્મનું ફળ એણે નથી ભોગવવાનું. કર્મોના ફળમાંથી કોઇ છટકી શકે નહિ. દીપક આખ્યાનમાં (અધ્યાય ૩) પૂ.શ્રી લખે છે કે :

**દેવ, ઋષિ, કિન્નર ભલે હોય જ્ઞાની કે મૂઢ,**
**અટલ કાયદો કર્મનો કોઇ ન પામે છૂટ.**

જો કર્મનું ફળ ભોગવવાનું જ હોય તો પાપાચારી આખી જીંદગી સુખ ભોગવતો હોય એવું દેખાય છે તેનો શો જવાબ છે? અને પુણ્ય કરનારો દુ:ખમાં સબડે છે એનો શો જવાબ છે?

આપણા સારા નરસા કર્મોના ફળને- પ્રારબ્ધને- ભોગવવા માટે જીવ યોગ્ય શરીર ધારણ કરે છે. આમ સંચિત કર્મો પૈકી ફળ આપવા તૈયાર થયેલા કર્મો સત્કર્મો હોય તો એનું ફળ પણ સારું રહેવાનું અને આવું સારું ફળ- પ્રારબ્ધ ભોગવવા માટે જીવ જ્યારે શરીર ધારણ કરે ત્યારે એને સુખ જ મળવાનું. જીવ શરીર ધારણ કર્યા પછી જે કર્મો કરે એની સાથે સાથે આ જન્મના સુખ-દુ:ખને હંમેશાં સંબંધ હોતો નથી. પાછલા કર્મોને અનુરૂપ જીવ સુખ દુ:ખ ભોગવે છે. એ પાછલા જન્મોના કર્મને આપણે જાણતા નથી એટલે અજ્ઞાનતાથી આપણે આ જીવનના કર્મો સાથે સુખ-દુ:ખને સરખાવી ખોટા પ્રશ્નો ઊભા કરીએ છીએ. આ વાતને સમજાવવા એક દ્દષ્ટાંત આપવામાં આવે છે.

શ્રદ્ધાનો પાયો પામેલા ઉપકારની યાદ છે.

પહેલાના જમાનામાં ગામડામાં અનાજ ભરવાની મોટી મોટી ઊંચી માટીની કોઠી આવતી હતી. એમાં ઉપરથી અનાજ નાંખવામાં આવતું. અનાજની જરૂર પડે ત્યારે એ કોઠીના નીચેના ભાગમાં મોટું ગોળ બાકોરું હોય તે ખોલવામાં આવતું. આ બાકોરામાંથી અનાજ બહાર આવે એટલે જેટલું જોઈએ તેટલું લઈને પાછું એ બાકોરું કાપડના ડૂચાથી બંધ કરવામાં આવતું. હવે ધારો કે આ ઊંચી કોઠીમાં પહેલા બે મણ ચોખા નાંખી દઈએ તો નીચેનું બાકોરું ખોલતાં ચોખા જ બહાર આવશે. બે મણ ચોખા નાંખ્યાં પછી કોઠી હજી થોડી ખાલી છે. હવે એક વ્યક્તિ આ કોઠીમાં તપેલી ભરી ભરીને બાજરી નાંખે છે. કોઠીમાં બે મણ ચોખા ઠાલવ્યાં ત્યારે કોઈ હતું નહિ. હવે જ્યારે તપેલીથી બાજરી નંખાય છે ત્યારે એક ભાઈ ત્યાં હાજર છે. હવે આ ભાઈ કોઠીમાં બાજરી નાંખતા જુએ છે. (દુષ્કર્મ કરતાં જુએ છે.) પરંતુ નીચેનું બાકોરું ખોલતાં ચોખા બહાર આવતાં જુએ છે (સુખ સાહ્યબી ભોગવતા જુએ છે) ત્યારે આશ્ચર્ય અનુભવે છે, મૂંઝાય છે અને માથું ખજવાળે છે. જેણે બે મણ ચોખા ઠલવાતાં જોયાં છે એને કોઈ આશ્ચર્ય કે મૂંઝવણ થતી નથી. આમ ગયા જન્મના સત્કર્મને કારણે માણસના આ જન્મના દુષ્કર્મનું ફળ મેળવવામાં વિલંબ થાય એ સ્વાભાવિક છે પરંતુ તેમાંથી એ છટકી શકવાનો નથી એ ન ભૂલવું જોઈએ. કર્મ કર્યું એટલે એનું ફળ તો મળવાનું જ અને એ ભોગવ્યે જ છૂટકો.

શ્રુતિ કહે છે, "યદ્ દષ્ટં તન્નષ્ટં" **જે દેખાય છે તેનો નાશ નિશ્ચિત છે.** આમ શરીર દેખાય છે તો શરીર નાશ પામવાનું છે એ નિશ્ચિત છે. ખરેખર મૃત્યુ તો જર્જરિત થયેલા શરીરરૂપી પિંજરમાંથી જીવરૂપી હંસને મુક્ત કરે છે. મૃત્યુ તો મંગલકારી છે, અનિવાર્ય છે. એ ટાળ્યું ટાળી શકાય એમ નથી. અને તેથી કાળનો પંજો સહુ પર ફરી વળતો રહે છે. સદ્ભાગી તે કહેવાય કે જે મૃત્યુ આવતાં પહેલાં એની તૈયારી કરી રાખે. મૃત્યુ આપણને ગળચીમાંથી પકડે એ પહેલાં જ એને

વધાવી લઈએ. મૃત્યુ કરતાં પણ મૃત્યુની બીક વધુ ભયાનક છે. એટલે જ મૃત્યુની બીક દૂર કરે તે જીવી ગયેલો ગણાય છે. જે ચિંતા માટે કહેવાયું છે તે મૃત્યુ માટે પણ કહી શકાય :

**"મૃત્યુ સબકો ખા ગયા, મૃત્યુ સબકા પીર,**
**મૃત્યુકી ફાકી કરે ઉસકા નામ ફકીર. |"**

શુકદેવજીએ ભાગવત કથા દ્વારા પરીક્ષિતનું મૃત્યુ દૂર નો'તું કર્યું, મૃત્યુનો ડર દૂર કર્યો હતો. તક્ષક નાગે શરીરને ડંખ માર્યો તે પહેલાં જ પરીક્ષિત મૃત્યુની વાટ જોતાં હતા તેથી એ મૃત્યુ અકળાવનારું ના રહ્યું. આપણે કર્મોના પરિપાકરૂપ સુખ- દુઃખ અને અંતે મૃત્યુ હસતાં હસતાં સ્વીકારીએ એવો સંકેત છે.

●

- એવું સતત અનુભવો કે તમારું શરીર હરતું-ફરતું પ્રભુનું મંદિર છે, તમારી ઓફિસ કે વેપારની દુકાન વૃંદાવન જેવું મોટું મંદિર છે અને ચાલવું, ખાવું, શ્વાસ લેવો, જોવું, સાંભળવું, વાંચવું વગેરે ક્રિયાઓ ભગવાનની પૂજા છે. કામ કરવું એને પણ પૂજા ગણો. યોગ્ય ભાવથી કરવામાં આવતું કામ ધ્યાનરૂપ બની જાય છે.
- કામ ખાતર કામ કરો, કોઈ આશય વગર, કર્તાભાવ સિવાય, ફળની આશા રાખ્યા વગર કામ કરો. ભાવના એવી રાખો કે ઈશ્વરના હાથમાં તમે સાધન માત્ર છો એ તમારાં અંગો વડે ભગવાન કામ કરે છે.

-પૂ.સ્વામી શ્રી શિવાનંદ

# સંકેત-૨૨

**ગુરૂકતમાર્ગે ભજનથી થાય દુષ્કર્મ નાશ,**
**ભવ નિવૃત્તિ પલકમાં થાય મોક્ષ પણ દાસ !!**

(અ.૮૮ દો.૩૦)

"ભવરોગનું ઓસડ" પ્રવચનમાં પૂ.શ્રીએ નામસ્મરણને ઓસડ-ઔષધ કહ્યાં છે, જ્યારે સરળ, નિખાલસ, નિષ્કપટ મનને એની પરેજી- ચરી- અનુપાન કહ્યાં છે. વ્યક્તિ પોતે પોતાની વૃત્તિ અને સ્વભાવ અનુસાર તેમજ સંગની અસરને કારણે સારા નરસા કામ કરતો હોય છે અને પછી એના કર્મોનું ફળ ભોગવતો હોય છે. આ સિદ્ધાંત એના મગજમાં બરાબર ઠસી જાય તો પછી એ સત્કર્મો તરફ વળી જાય એ સ્વાભાવિક છે.

ભજન શબ્દની વ્યાખ્યા પૂ.શ્રી એવી કરતાં કે જેનાથી આ ભવનો- જન્મમરણનો નાશ થાય તે ભજન. **સ્મરણં સ્વસ્વરૂપસ્ય હખણ્ડૈકાત્મના તુ યત્ | તદેકં ભજનં પ્રોકતં જન્મ મૃત્યુ જરાપહા ||** અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે અને એ જ એક જન્મ, મૃત્યુ ને ઘડપણનો નાશ કરનાર છે. આપણે જેને ભજન કહીએ છીએ તેનાથી આ વ્યાખ્યા જુદી છે. ભજન કરવા પાછળનો આશય ભવરોગની નિવૃત્તિ અને મોક્ષ સ્વાસ્થ્યની પ્રાપ્તિ હોવો જોઈએ. આવા આશયથી ભજન કરીએ તો ભજનમાં કે ભજન મંડળમાં વિખવાદ કે ઝઘડાને કોઈ અવકાશ જ નથી. પરંતુ જ્યારે ભજનના ઓથા હેઠળ વ્યક્તિ પ્રસિદ્ધિ, પૈસા અને પ્રશંસા- વાહ વાહ ઈચ્છતો હોય ત્યારે એ ભજન ભજન રહેતું નથી. સાચું ભજન ભગવાનનો ભેટો કરાવી આપે છે.

**ભજન કર્યે સુખ ઊપજે, ભજન કર્યે દુ:ખ જાય,**
**ભજન કર્યે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.**

પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જતો દૂત.

આ ભગવાનનો ભેટો કે મોક્ષ એ શું હશે? મોક્ષ એ સ્વર્ગમાં કે પાતાળમાં ક્યાંયે નથી, પરંતુ તે અહીં જ છે એવું પણ કહેવાય છે. જ્ઞાની એમ પણ કહે છે કે જો બંધન જ નથી તો મુક્તિ- મોક્ષનો પ્રશ્ન જ ક્યાં છે? પૂ.શ્રીએ એમના પ્રવચનમાં મોક્ષની સાદી સીધી વ્યાખ્યા આપતાં જણાવ્યું કે, **મોક્ષ એટલે સર્વક્લેશ વિનિર્મુક્તિ.**

આવા મોક્ષ માટે, ભવનિવૃત્તિ માટે શું કરવું? પૂ.શ્રી બે વસ્તુ સૂચવે છે. (૧) ભજન કરવું અને (૨) ગુરુએ કહ્યા પ્રમાણે ભજન કરવું. આ બીજી શરત ખૂબ જ મહત્ત્વની છે. ગુરુએ ચિંધેલો માર્ગ છોડીને, સ્વાર્થ માટે પોતાને યોગ્ય જણાય તે રીતે ભજન કરે તો પછી એ ભજન ભજન રહેતું નથી.

ભજન કેવી રીતે કરવું? હરિનું નામ કેવી રીતે લેવું? પૂ.શ્રીએ આ અંગે માર્ગ ચિંધ્યો જ છે.

**મન છોડ દે કપટ, હરિપદ ભજ રે. અને**
**મનુવા, હરિભજના હરિ ભજના કૂડ કપટ સબ ત્યજના.**

આ પંક્તિમાં કૂડ કપટ છોડીને હરિ ભજીએ તો જ તે ભજન કહેવાય. હરિનું ભજન કરનાર સરળ, નિખાલસ, રાગદ્વેષ વિનાનો, સહુ સાથે હળી મળીને રહેનારો, નિર્મળ હૈયું, નિર્મળ વાણી ધરાવનારો હોવો જોઈએ. **'ગુરૂક્તમાર્ગે ભજનથી થાય દુષ્કર્મ નાશ'**માં ગુરુએ કહ્યું હોય તેનું પાલન કરવાનું છે. પૂ.શ્રીએ ભજન ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. પત્ર મંજૂષાના પત્રો વાંચતા આ વાત ધ્યાનમાં આવશે.

"સબસે હિલમિલ જગમેં રહના, ચંદનસમ નિજ કાચ જલાના, જગમેં સુગંધિ ફેલાના અને શીતલ વચનામૃત ધારાસે દુ:ખિયન દુ:ખ મિટાના" જેવી પંક્તિઓ ભજન કરનારાને બોધરૂપ છે. ભજન કરનારનું જીવન આ સદ્‌ગુણોથી ભરેલું હોવું જોઈએ.

સેવા એ **પ્રેમ**નું બાહ્ય સ્વરૂપ છે.

પૂ.શ્રીની અપેક્ષા કેવી છે?

"વાણી, વર્તન વાક્યે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા"ની વૃત્તિવાળી વ્યક્તિ ભજન કરે તો ભવની નિવૃત્તિ થાય.

"ઔર નિકમ્મા ઝઘડા સારા, ખાલી વખ્ત ગંવાના",

"સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર, અંધાને રવિનો શો ખ્યાલ?"

"ઝેરવેરની હોળી કરીને પ્રેમ પીચકારી રમીએ રે"

ગુરૂક્ત માર્ગે કહીને પૂ.શ્રી આપણને સંકેત કરે છે કે પહેલાં આવું જીવન ઘડજો અને પછી ભજન કરજો. તો જ કંઈ પામશો, નહિતર આખી જીંદગી ભજનમાં ગઈ હશે અને છતાં જીવનમાં ખાલીપો જણાશે, તેજસ્વિતા નહિ જણાય, મરણનો ભય નહિ જાય, **સર્વક્લેશ વિનિર્મુક્તિને બદલે સદા ક્લેશ નિયુક્તિ જેવું જીવન રહેશે.**

**"ભજન કેફથી સાન ભુલાવું, વિધવિધ રંગ રમાડું રે,**
**મારી અમર મોક્ષપદ આપું, આવાગમન મટાડું રે."**
**"ભજે ત્યજી અન્ય વિચાર, તેજ પામે ક્વચિત્ પાર,**
**બીજું સર્વ જાણ નિ:સાર ભવતાર ભજન એક."**
**"વાણિજ્ય ન ચાલે તપસી, કેટલાએ ગયા લપસી,**
**માયાફન્દે વચ્ચે ફસકી, ચસકી ડાગળી નાઠા એ."**
**"કૂડ કપટ હૈયાથી તજે, શીલસાજ સંતોષે સજે,**
**સદ્‌ગુરુ સખુન[1] વિચારે મન, તેનું જીવતર થાએ ધન."**

પૂ.શ્રીની વાણી અને વર્તનનો ઊંડો અભ્યાસ કરીએ, એમણે પ્રવચનમાં જે સીધેસીધું કહ્યું છે અને વર્તન દ્વારા જે સંકેતો આપ્યાં છે તે પ્રમાણે જીવન જીવીએ અને તે પ્રમાણે જો ભજન કરીએ તો દુષ્કર્મ દૂર થાય જ, ભવનિવૃત્તિ પલકમાં થાય અને મોક્ષ પણ મળી જાય.

---
૧. વચન.

સેવા ધર્મ યોગીઓને પણ અગમ્ય છે.

આવી રીતે જો ભજન કરીએ તો ભજન કરનારાઓમાં પ્રેમભાવ જાગે, સંપ-સુમેળ જાગે અને બધા એક જ ગુરુમહારાજના પરિવારના બાલુડાં છે એવા રૂડા ભાવથી આનંદ મેળા ભરાય અને તેમાં ભક્તો ઉભરાય. આવું જોવા ન મળે તો એનો અર્થ એટલો જ કે આપણે ગુરૂક્ત માર્ગે ભજન કરતાં નથી.

●

- નામ (ન આમ) એ આમજનતાનું નેતિ છે. જીવને શિવ સુધી પહાંચાડવાનો પૂલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુ:ખિયાનો વિસામો છે. સુખિયાંના આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે. ને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે.
- માણસમાત્રને રોગ એક જ થયો છે અને તે ભવરોગ. એટલે જ અશાંતિ, કલેશ, કલહ, અસમાધાન. અને તેના પર ભગવાન્નામસ્મરણ એ ઈલાજ પણ એક જ છે.

-રંગ અવધૂત

સેવાનો આધાર પૈસા નથી, હૃદય અને ઈચ્છા છે.

## સંકેત-૨૩

**બોલે શ્રીગુરુ : સ્ત્રી તણું સાધન એક જ જાણ,**
**પતિસેવા વિણ નારને તરણોપાય ન માન.**
**શ્રુત્યધિકાર ન એહને, દેવો મંત્ર ન તેમ,**
**જાય સામર્થ્ય મંત્રનું, દાતૃતેજ પણ એમ.**
**પતિસેવા સ્ત્રીનો નકી એક જ ધર્મ મહાન,**
**શું મંત્રે એને યથા? મંત્ર પતિવાક્ય માન.**

(અ.૮૯ દો.૬,૭ અને ૧૦)

**"ધરતીનો છેડો ઘર"** એ સર્વ સ્વીકૃત કથન સુખી ઘરની જરૂરિયાત સમજાવે છે. વ્યક્તિ જ્યારે લગ્ન કરે છે ત્યારે એના મનમાં પોતાના સુખી કુટુંબ-કબીલાની એક કલ્પના હોય છે. જેમ મા-બાપ અને ભાઈ-બહેન એ જીવનના મહત્ત્વના અંગો છે તેમ પત્ની અને દીકરા-દીકરી પણ મહત્ત્વની બાબતો છે. દરકે વ્યક્તિ સર્જનનો આનંદ માણવાની ઈચ્છા રાખતો હોય છે. એકોડહં બહુસ્યામ્ | એવા સંકલ્પ માત્રથી સૃષ્ટિનું સર્જન થયું. આવું જ સર્જન વ્યક્તિ પોતે પણ કરવા ઈચ્છતો હોય છે.

વ્યક્તિ ભર યુવાનીમાં પ્રભુતામાં પગલાં પાડતો હોય છે. એ વખતે એના મન પર પૈસાનું મહત્ત્વ ઘણું હોય છે. પરંતુ મહત્ત્વની વાત છે સંવાદિતાભર્યું દામ્પત્યજીવન હોવું તે. આ દામ્પત્ય જીવનની સંવાદિતા કે વિસંવાદિતા એના સંતાનોના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને સંતોનોનું ઘડતર એની વૃદ્ધાવસ્થાના સુખ કે દુ:ખનું કારણ બને છે. પરંતુ વ્યક્તિને આ બહુ મોડું સમજાય છે. પૂરનું પાણી વહી ગયા પછી પાળ બાંધવાના વિચાર જેવું થાય છે. એક જણે હસવામાં કહ્યું કે "છોકરાં કેવી રીતે ઉછેરવા જોઈએ એની મને જ્યારે સમજ આવી ત્યારે મારા ચાર સંતાનો મોટા થઈ ગયા હતાં."

પૂ.શ્રી રચિત દત્તપ્રણતિનો બીજો શ્લોક ગૃહસ્થે યાદ રાખવા જેવો છે.

બીજાની સેવા એ પૃથ્વી ઉપર રહેવાનું ભાડું છે.

**પ્રાદુર્ભૂતં હ્યત્રિતપ: કિં જગદર્થે**
**કિં હ્યનસૂયા પાતિવ્રત્યં ફલિતં તત્|**
**મૂર્તામૂર્તાતીતમજાતં હ્યજમેનં**
**દત્તાત્રેયં તં હ્યદિ સન્તં પ્રણતોઽસ્મિ ||**

ભગવાન દત્તાત્રેયને જોઈને પૂ.શ્રી કહે છે કે આ કોણ છે? અત્રિમુનિનું તપ પ્રગટ્યું છે કે મા અનસૂયાનું પતિવ્રતાપણું ફળ્યું છે? સંતાન એ પિતાનું તપ અને માતાની પતિવ્રતાનું પ્રતીક છે. બીજી રીતે કહીએ તો પતિ-પત્ની વચ્ચેના સંબંધો સંતાનોનાં ઘડતરમાં-વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. મા-બાપને સતત લડતા જોઈને ઘણા બાળકો નહિ પરણવાનું નક્કી કરે છે. એમને લગ્નજીવન પર તિરસ્કાર આવે છે. આનાથી વિરુદ્ધ સંવાદિતાભર્યું મધુર દામ્પત્ય જીવન એ પૃથ્વી પરનું સ્વર્ગ છે. આજે લોકો વધુ ભણ્યા છે, વધુ કમાતા થયા છે પણ તેમના દામ્પત્ય જીવન વધુ નંદવાયા છે. સ્ત્રી જે ક્ષમા અને સહનશીલતાની મૂર્તિ ગણાતી હતી તે હવે અસહનશીલ બની ગઈ છે. ધરતી, નદી અને સ્ત્રી કે જેને ‘માતા’ તરીકે ઓળખવામાં આવે છે તેની પાસેથી સહનશીલતા અને ઊંચા આદર્શોની અપેક્ષા રખાય છે.

બાળકના ઘડતરમાં માતાનો ફાળો સહુથી વધુ હોય છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે એવું જે કહેવાયું છે તે સાચું છે. મદાલસા અને જીજાબાઈએ હાલરડાં દ્વારા સંતાનમાં સદ્ગુણોનું સિંચન કર્યું હતું. સ્ત્રીની શક્તિનો સમાજને પરિચય છે. **“માના રેંટિયામાં સમાય પણ બાપના રાજ્યમાં ના સમાય”** એ સ્ત્રીની માતા તરીકેની શક્તિનો એકરાર કરતું વાક્ય છે. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા: | **ગૃહિણી ગૃહમ્ ઉચ્યતે** જેવા અનેક વાક્યો સ્ત્રીનું મહત્ત્વ સૂચવે છે. સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકર:| એ ગીતાનું કથન પણ સમાજમાં સ્ત્રીનું શું મહત્ત્વ છે તે સૂચવે છે.

આવા મધુર દામ્પત્ય જીવન માટે સ્ત્રી સમજુ હોય, શરમ અને લાજ સાચવનારી હોય, સહનશીલ હોય, ઉચ્ચ આદર્શો માટે જીવતી હોય એ ખૂબ જ જરૂરી છે. પરદેશમાં સ્ત્રી- સ્વાતંત્ર્ય અને પુરુષ સમોવડી

થવાના ખ્યાલોના અતિરેકથી અતિ ખરાબ પરિણામો આવ્યા છે. સ્ત્રીનું શોષણ ના થાય, એને ગુલામ ના બનાવાય એ સાચું, પરંતુ સ્ત્રીએ ઘર સાચવવાનું છે, ઘર મઠારવાનું છે, ઘર શણગારવાનું છે એ ન ભૂલવું જોઈએ. અત્યારે સ્ત્રી સ્વાતંત્ર્યની ભાવનામાંથી એવી પરિસ્થિતિ જન્મી છે કે બાળકો માતાનો પ્રેમ મેળવતા નથી અને પરિણામે બાળકો વિકૃત માનસવાળા થાય છે અને સમાજ બગડે છે.

સારે જહાંસે અચ્છા હિન્દોસતાં હમારા એવું ગાઈએ છીએ તેના મૂળમાં ત્યાગની ભાવના રહેલી છે. પત્ની માટે પતિ એ સર્વસ્વ છે. પતિ દેવો હિ નારીણામ્ | નો આદર્શ છે. પતિના સુખે સુખી અને પતિના દુ:ખે દુ:ખી થવાની ભાવના છે અને આવા નિયમો પાળીને મૈત્રેયી, લોપા, અનસૂયા, મદાલસા જેવી મહાસતીઓ આપણને મળી હતી. "પોતે ભલા ને પોતાનું ઘર ભલું" એ આદર્શ ઘરને સુખી બનાવવા માટે જરૂરી છે. પત્ની પતિને ભગવાન ગણે અને બાળકો માતા-પિતાને ભગવાન ગણે એટલે ઘરમાંથી કલેશ-કંકાસનું વાતાવરણ નાશ પામે. વડીલોને આદર-માન મળે. દરેક જણ પોતાની મર્યાદા પાળે અને ત્યાગ તથા સહનશીલતા આચરે. અત્યારના જમાનામાં સ્વતંત્રતાના નામે પત્ની પતિનું કહ્યું માનતી નથી, મા-બાપનું કહ્યું સંતાનો માનતા નથી અને પરિણામે માનસિક પરિતાપ જોવા મળે છે. બિન સલામતીની લાગણી વધી છે. વૃદ્ધોનો અનાદર થાય છે જેના પરિણામે વૃદ્ધાશ્રમો વધ્યાં છે.

ભૌતિક સુખ-સગવડ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણમાં આપણી સંસ્કૃતિને જીવંત રાખતાં આ દોહરા દ્વારા પૂ.શ્રી સુખી અને સંવાદિતા સભર દામ્પત્ય જીવનની ગુરુ ચાવી બતાવે છે. પ્રેય અને શ્રેય પૈકી આપણે શ્રેયસ્કર માર્ગ જ અપનાવીએ. દેવ- દર્શન, મંત્રજાપ અને કથા-વાર્તામાં જવાની પ્રક્રિયા કર્યા વગર પણ સ્ત્રી પોતાના પતિને અને તે દ્વારા કુટુંબને સંભાળે એ જરૂરી છે. એવો સંકેત ઝીલીએ તો પણ બસ છે !! એ જ સાચો ધર્મ છે અને એ જ સાચો મંત્રજાપ છે.

●

સેવા હૃદય અને આત્માને પવિત્ર કરે છે.

# સંકેત-૨૪

**માતૃદુઃખ જે ના લહે, મલવત્ એ નિર્ધાર,**
**એક ઘડી સ્તનપાનનો વળે ન કદિ ઉપકાર !!**
**ના પર દૈવત માતથી ! વળે માતૃઋણ કેમ?**
**માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશિવ તેમ !!**
**આપે 'મા'ને દુઃખ જે જાય નરકમાં તેહ,**
**સપ્ત જન્મ દારિદ્રયમાં સડે નિપુત્રિક એહ.**

(અ.૮૯ દો.૨૩૮-૨૪૦)

શ્રવણની માતૃભક્તિની યાદ અપાવે એવી માતૃભક્તિ પૂ.શ્રીએ પોતાના જીવનમાં આચરી બતાવી. આજે સમાજમાં ભૌતિક સુખ સગવડ વધ્યાં છે છતાં માનવીના જીવનમાં માનસિક તાણ (Mental Stress) અને રોગો વધ્યાં છે. બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, થાઈરોઈડ, ડાયાબિટીસ જેવા રોગો નાની ઉંમરથી વ્યક્તિને લાગુ પડી જાય એ સમાજ માટે ઘણું ચિંતાજનક કહેવાય.

પૂ.શ્રી In tune with intinite નામનું પુસ્તક વાંચતા હતાં. આ પુસ્તકના લેખક પશ્ચિમી સંસ્કૃતિના નાગરિક હતા, પણ એ પુસ્તકમાં કેવળ સારા વિચારો કરવા ઉપર જ અને વિધેયક વલણ સ્વીકારવા ઉપર જ એમણે ભાર મૂક્યો હતો. રોગ એ ખરાબ વિચારોનું પરિણામ છે.

આપણા બધા શાસ્ત્રોનો કેન્દ્રવર્તી સૂર એ જ છે કે હે ભગવાન ! મને સન્મતિ આપો. સદ્બુદ્ધિ આપો. અવિચાર કે કુવિચાર બધી આપત્તિનું મૂળ છે.

**ભોગ રોગનું મૂળ છે, ભોગ મૂળ અવિચાર,**
**યૌવન ધન સત્તા મદે થાય નષ્ટ વિચાર.**

(અ.૭ દો.૫૦)

શુદ્ધ **પ્રેમ**થી થયેલી સેવાથી સ્વામી વશ થાય છે.

પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતના પ્રથમ અધ્યાયના પ્રથમ દોહરામાં ભગવાન ગણેશ પાસે સન્મતિની માગણી કરી છે.

સંયુક્ત કુટુંબની પ્રથા લગભગ તૂટવા આવી છે. એટલે સંયુક્ત કુટુંબને કારણે વડીલોનો પ્રેમ અને લાડકોડ મળતાં બંધ થયાં. સહનશીલતા, બધાની સાથે સમૂહમાં રહી જતું કરવાની વૃત્તિ, કોઇને મદદરૂપ બનવાની વૃત્તિ વગેરેનું ઘડતર બંધ થયું. અત્યારનું કુટુંબજીવન કેવું છે? પૂ.શ્રી જણાવે છે કે :

**જર જગદીશ્વર નિશ્ચયે, પ્રમદા પેગંબર,**
**માને વિષયે મસ્ત એ, માતા વેરી ખળ.**
**શાસ્ત્રો ગપ્પાષ્ટક બધાં, સંતો પગની ધૂળ !**
**માની મસ્ત ફરે સદા, આખલા સમ શૂર !**

(અ.૧૫ દો.૧૦૩-૧૦૪)

જુવાનીના અને સુખના દિવસોમાં આ રીતે વર્તનારને પોતે કાંઇ ખોટું કરે છે એવું કદાચ નહિ લાગે, પરંતુ વૃદ્ધાવસ્થામાં અને દુ:ખના દિવસોમાં એના પસ્તાવાનો પાર રહેતો નથી. સમાજમાં અને કુટુંબમાં **'મા'**નું સ્થાન સર્વોચ્ચ છે. **'મા'** એ ભગવાનનું સ્વરૂપ છે. સંતાનના ઉછેરમાં હસતાં હસતાં કષ્ટ ઉઠાવવું, સંતાનને નિર્વ્યાજ પ્રેમથી નવરાવી દેવો, સંતાન માદું પડે તો બાધા રાખવી, સંતાન માટે પોતાના સુખનો, અરે ! સર્વસ્વનો ત્યાગ આપવો આવું જીવન જીવનારી માતાને દેવો પણ વંદન કરે છે. માતાની મહત્તા સ્વીકારીને સૌ પ્રથમ માતૃવંદના જ થઇ છે. માતૃદેવો ભવ | એ પહેલું સૂત્ર છે. પછી પિતા, આચાર્ય અને અતિથિ આવે છે. સંન્યાસી થયા પછી પણ માતાને વંદન કરવાની આજ્ઞા છે. અદ્વૈતના બાદશાહ એવા પૂ.જગદ્‌ગુરુ શંકરાચાર્યએ સંન્યસ્ત લીધો હોવા છતાં પોતાની **'મા'** ને અગ્નિદાહ દીધો હતો.

શ્રદ્ધા અને વિશ્વાસ જીવન નાવના હલેસા છે.

અત્યારે શિક્ષણ વધ્યું, બુદ્ધિ વધી, ધાર્મિક પ્રવૃત્તિ વધી પરંતુ માતા-પિતા તરફની ભાવના હલકી થઇ. માતા-પિતાની સેવા કરવાની વાતની મશ્કરી થવા લાગી અને તેથી ઘરડા ઘરની સંખ્યા વધી. ઘરડાંઘરમાં રહેનારની દુ:ખની કથની વધુ હૃદય દ્રાવક બની. કોઇને માટે કશું કરી છૂટવાની વૃત્તિને બદલે પોતાને માટે બધું કરવાની વૃત્તિ એટલી બળવત્તર બની છે કે માણસ કુતરો પાળવા તૈયાર થાય છે પણ મા-બાપને પાળવા તૈયાર નથી. "એક મા-બાપ પાંચ દીકરાને પોષી શકે પણ મોટા થયા પછી એ પાંચ દીકરા એક મા-બાપને પોષી શક્તાં નથી." અને પત્ની કે પુત્ર માટે ગમે તેટલો ખર્ચ કરવા તૈયાર થનાર, મા-બાપ માટે થોડો ખર્ચ કરવા પણ તૈયાર નથી. Indicidually rich but collectively poor એવી મનોવૃત્તિથી સમાજ પીડાય છે. આ માંદાં સમાજને સ્વાસ્થ્ય બક્ષે એ સાચો સંત અને એ સાચો ધર્મ.

પૂ.શ્રીએ પોતાના આચાર દ્વારા માતૃદેવો ભવનો સિદ્ધાંત ચરિતાર્થ કરી બતાવ્યો. પોતાની માતાને સુપ્રીમ કોર્ટ ગણી એની આજ્ઞાનું અક્ષરશ: પાલન કરનાર અવધૂતજી આ દોહરા દ્વારા માતા-પિતાની સેવા દ્વારા સમાજમાં આદર્શ ઊભો કરવાનો સંકેત આપે છે.

"જનનીની જોડ સખી નહિ જડે રે લોલ" લખનાર કવિ બોટાદકર હોય કે "હે મા ! તેરી સૂરત સે અલગ ભગવાનકી સૂરત ક્યા હોગી" લખનાર ફિલ્મી કવિ હોય, બધાએ માતૃવંદના કરી છે. બાળકને આ જગતનો પરિચય કરાવનાર 'મા' છે, બાળકને ભાષા શિખવાડનાર 'મા' છે, બાળકનું સંરક્ષણ અને સંવર્ધન કરનાર 'મા' છે અને તેથી ધર્મશાસ્ત્રોએ પણ રામ અને કૃષ્ણની માતા કૌશલ્યા અને યશોદાને બડભાગી ગણી વંદના કરી છે.

આપણા સૌનું- સહુ પ્રાણીમાત્રનું સદ્‌ભાગ્ય છે કે દરેકને 'મા' તો હોય છે જ. માનવી એ બુદ્ધિશાળી અને સામાજિક પ્રાણી છે એટલે

તે મા-બાપનાં પ્રેમની, ત્યાગની કિંમત આંકી શકે છે. આ ઋણમાંથી એ ભલે મુક્ત ના થઈ શકે, પરંતુ એ ઋણનો સ્વીકાર તો કરી જ શકે, એ ઋણ અદા કરવાનો યત્કિંચત પ્રયત્ન તો કરી જ શકે અને કરવો જ જોઈએ. કૃતજ્ઞી બનીને, પોતાના સંતોષ ખાતર પણ માત-પિતાની સેવા કરનાર, પોતાના સંતાનોમાં પણ સારા સંસ્કાર રેડે છે. જેવું વાવે તેવું લણે એ સિદ્ધાંત અનુસાર વ્યક્તિ માતા પિતાની સેવા દ્વારા ખરેખર તો પોતાનું જ ભલું કરતો હોય છે. પૂ.પુનિત મહારાજ કહે છે : "સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો." જે માત-પિતાના ઋણને પણ ભૂલી જાય એ વ્યક્તિ બીજું શું ન ભૂલી જાય? આવા સ્વાર્થી અને સ્વકેન્દ્રિ વ્યક્તિથી ભગવાન આપણને બચાવે.

આ દોહરા દ્વારા માત-પિતાની સેવા કરવાનો અને એ દ્વારા કુટુંબને, સમાજને અને રાષ્ટ્રને મજબૂત કરવાનો સંકેત ગુરુમહારાજ આપે છે અને એવી અપેક્ષા રાખે છે કે અવધૂત પરિવારમાં તો આ માત-પિતાની સેવાની મહેક પ્રસરતી જ રહો.

●

# સંકેત-૨૫

**આર્તબંધુ શ્રીગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન,**
**ના વિસારે ભક્તને, માનો રંગ પ્રમાણ.**

(અ.૯૨ દો.૯૧)

ગુરુ શબ્દના અનેક અર્થો છે પરંતુ એ બધામાં કેન્દ્રવર્તી સૂર એ છે કે અવિદ્યારૂપી અંધકારમાંથી વિદ્યારૂપી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ છે. અંતરમાં રહેલું સચ્ચિત્સુખ એ જ બહાર સદ્‌ગુરુરૂપે આવી મળે છે. ગુરુ વિશેના કેટલાક દોહરા જોઈએ.

**ગકાર સિદ્ધિપ્રદ કહ્યો, રકાર પાપદાહક,**
**ઉકાર વિષ્ણુ અવ્યક્ત જે, સદ્‌ગુરુ એમ ત્ર્યાત્મક.**

**ગકાર ગણપતિ જાણ તું, રકાર વન્હિ સ્વરૂપ,**
**ઉકાર શ્રીહરિરૂપ છે, શ્રીગુરુ ત્રિતય સ્વરૂપ.**

**ગુરુ પિતા ગુરુ માત છે, ગુરુ શંકર શ્રીમત્,**
**મંત્ર દ્વિવર્ણ ગુરુ નકી, ચતુર્વર્ગ ફલપ્રદ.**

**શરણાગતને વજ્રપંજરસમ એ નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**

**ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય,**
**ગુરુદર્શન ક્ષણમાં હરે પાપ તાપ ને દૈન્ય.**

**"ગુરુકૃપા હિ કેવલમ્"** એવું આપણે બોલીએ છીએ પણ ગુરુકૃપાને પાત્ર બનીએ છીએ ખરાં? ગુરુમાં શ્રદ્ધા છે, પણ નિષ્ઠા છે ખરી? ગુરુને અંતર્યામી માનીએ છીએ તો એને ગમે તે જ કરવાનું વ્રત લઈએ

છીએ ખરાં? ગુરુ બધું જાણે છે એમ માનીએ છીએ પણ એની આગળ દુ:ખનાં રોદણાં રડવાનું બંધ કરીએ છીએ ખરાં?

ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ એવું બોલવું સહેલું છે, પરંતુ એને પરબ્રહ્મ માનીને એવો જીવન વ્યવહાર ગોઠવવાનું ઘણું કપરું છે. જો ગુરુ કલ્પવૃક્ષ હોય તો પછી બીજાની આગળ હાથ લંબાવવાની શી જરૂર? બીજાની અપેક્ષા શું કામ રાખવી જોઇએ? કલ્પવૃક્ષ નીચે બેઠેલાને તો તે જે વિચારે તે મળી જ રહે અને સાચો શિષ્ય તો ગુરુભક્તિ સિવાય બીજુ માગે જ શું કામ? ગુરુ પાસે માગવાનો પણ વાંધો નહિ પરંતુ માગ્યા પછી એમ કહેવું જોઇએ કે તને યોગ્ય લાગે તો આપજે અને યોગ્ય ન લાગે તો ન આપતો. જેમાં મારું શ્રેય હોય-કલ્યાણ હોય તેમ કરજે અને પરિણામે જે પરિસ્થિતિમાં જે મળે તેનાથી સંતોષ પામે.

વ્યક્તિના સંકટમાં ગુરુ એ જ સાચો બંધુ છે, સાથી છે, મિત્ર છે. શિષ્યનો એકવાર હાથ ઝાલ્યા પછી એને તારવાની જવાબદારી ગુરુની છે. શિષ્ય સંકટમાં હોય તો એ સંકટમાંથી બહાર કાઢવાની ચિંતા ગુરુને હોય છે. આપણને દૃઢ વિશ્વાસ ન હોવાથી આપણે સંકટમાં હવાતિયાં મારતાં હોઇએ છીએ અને ગમે ત્યાં મદદ માટે દોડતાં હોઇએ છીએ. જો અનન્યભાવે શરણાગતિ સ્વીકારી હોય તો બધી જ ચિંતા ગુરુ મહારાજના શિરે હોય છે.

જ્યાં સુધી દ્રૌપદીએ સાડીનો પાલવ દાંત વચ્ચે દબાવી રાખ્યો હતો અને પોતાનું રક્ષણ કરવાનો જાતે પ્રયત્ન કર્યો હતો ત્યાં સુધી ભગવાન મદદે નો’તા આવ્યા પણ જ્યારે “હે કૃષ્ણ” એવું બોલતાં દાંત વચ્ચેથી પાલવ સરકી ગયો અને તદ્દન નિરાધાર થઇ ગઇ ત્યારે જ નિરાધારના આધાર એવા સર્વાધાર શ્રીકૃષ્ણે વસનરૂપ લઇને એની લાજ બચાવી હતી.

વિશ્વાસની શક્તિ રેતીને ખાંડમાં ફેરવી શકે છે.

ભગવાન અને સદ્‌ગુરુ પોતાના ભક્તને કદી ભૂલતા નથી. ભગવાનને ભક્તનું અને ગુરુને શિષ્યનું એટલું બધું લાગી આવે છે કે તેઓ પોતાનું અપમાન સહી લે છે પણ ભક્તનું કે શિષ્યનું અપમાન સહી શકતા નથી.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને અભયવચન આપે છે, વિશ્વાસ જગાવે છે કે એકવાર સદ્‌ગુરુના શરણે જનારનું ગુરુમહારાજ બધી રીતે રક્ષણ કરે છે. પૂ.શ્રીના અવધૂતી આનંદના ભજનોમાં આ ભાવ દેખાય છે.

**"સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહી કોઈ અપના.**
**નાતે ગોતે સબ સ્વારથકે નિ:સ્વારથ ગુરુરાના,**
**આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ નિરબાના.**

**કથે જ્ઞાન અરુ ક્રિયા સિખાવે પકડ દસ્ત સલુના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે જહાં સાંઈકા થાના.**

**"રંગ ગુરુ બિન કોઈ ન તેરો, વિષય વિષારી વિખાર"**
**પાપી હું અપરાધી મેલો, આવ્યો શરણે નાથ,**
**દર્શન આપી દોષો કાપી, વેગે સ્હાઓ હાથ,**
**દીનાનાથ દયાળુ તાત ! આજે શેં રૂઠ્યા ગુરુનાથ?**
**ભક્તનકે કાજ જોગી વેશ ધર્યો રાજ, શી બલિહારી!**

ગુરુમહારાજે પોતાના ગુરુ- સ્વામી મહારાજના સ્થૂળ દેહનું દર્શન આઠ વર્ષની નાની ઉંમરે માત્ર એક જ વાર કર્યું હતું અને તે પણ દૂરથી જ. આમ છતાં એમનો ગુરુ પ્રત્યેનો ભાવ એવો ઊંચો હતો, વિશ્વાસ એવો દઢ હતો અને નિષ્ઠા એવી ઊંડી હતી કે સ્વપ્નમાં દર્શન આપીને અને આદેશ આપીને આપણા ગુરુમહારાજ પાસે કાર્ય કરાવ્યું. પૂ.શ્રીએ પણ

વિશ્વાસનો અભાવ એજ અવસાન છે.

સ્વામી મહારાજ પ્રત્યે એવી ઊંડી અને ઊંચી ભક્તિ પ્રગટાવી કે આજે પણ ગરુડેશ્વરમાં પૂ.શ્રીની જય બોલાવાતી નથી કે પૂ.શ્રીનો મહિમા દર્શાવતાં ભજનો ગવાતાં નથી.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને આપણું જીવન સાત્વિક અને ઉચ્ચ આદર્શોથી ભરેલું બનાવવાનો સંકેત આપે છે. જો ગુરુ મહારાજ ભક્તને ભૂલતાં ન હોય, દુ:ખમાં અને સંકટમાં પડખે રહેતાં હોય અને ભક્તની ઇચ્છા ફળે એવા કલ્પવૃક્ષ સમાન હોય તો પછી એને રાજી રાખવાને બદલે જગતને રાજી રાખવા શું કામ દોડવું? ગુરુમહારાજને ગમે તેવું જ કરવું અને ના ગમે તેવું ના જ કરવું એ રંગજન્મ શતાબ્દીનો સાચો સંદેશો સમજાય અને એનું જીવનમાં અમલીકરણ થાય એવી ગુરુમહારાજને પ્રાર્થના.

●

## પ્રેમ પરિમલ

- દેવ પણ પ્રેમથી મહાન ન હોઈ શકે.
- તમારું દિલ પ્રેમથી ભરેલું હશે તો હંમેશા તમારી પાસે કશુંક આપવા જેવું હશે જ.
- સાચા પ્રેમનો આરંભ ત્યાં થાય છે જ્યાં કશાય બદલાની અપેક્ષા હોતી નથી.
- પ્રાર્થનાથી માનવી પલળે છે પરંતુ પ્રેમથી તેની જીંદગી પલટાય છે.
- પ્રેમ એ અતિ કઠિન માર્ગ છે. એ માર્ગમાં ચાલતાં થાકી જશો ત્યારે તમને આંસુ, યાદ કે બેવફાઇ જેવા ડંખની અનુભૂતિ થશે જે કેવળ ભ્રમ હોય છે.

# સંકેત-૨૬

**શિષ્યોને તારક અહીં ગુરુવચન નિર્ધાર,**
**હોય ભાવના શુદ્ધ તો પામે ફળ તત્કાળ.**

(અ.૯૪ દો.૪૨)

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર, ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર.** ગુરુનું કાર્ય છે શિષ્યને સાચી વસ્તુનું ભાન કરાવવાનું. ગુરુ અને શિષ્યનો સંબંધ એ વિશિષ્ટ પ્રકારનો સંબંધ છે. પૂ.શ્રી લખે છે તેમ: "ગુરુભાવ એ અંત:કરણનો ધર્મ છે, એટલે હૃદયની ભાવના જયાં સંલગ્ન થાય, જેના સ્મરણમાત્રથી હૃદયવિણાના તાર ઝણઝણી ઊઠે, જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્વિક આનંદનો અનુભવ થાય, ગમે તેવા હલમલાવી નાંખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણક્યા કરે એવી કોઈપણ જીવંત કે સમાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપવામાં કલ્યાણ છે."

ગુરુ શિષ્યને તત્ત્વમસિનો બોધ કરીને તેનો અનુભવ પણ કરાવે છે. ગુરુ એ Motivator અભિપ્રેરણા આપનાર છે, ગુરુ એ Leader નેતા છે. ગુરુ એ Educator શિક્ષણ આપનાર છે. ગુરુ વ્યક્તિમાં રહેલી શક્તિને બહાર કાઢનાર છે.ગુરુ પાસે શિષ્ય થઈને જનાર વ્યક્તિ ગુરુને પ્રણામ કરે છે અને ગુરુ પ્રણામ ઝીલે છે પરંતુ ગુરુ શિષ્યને જ્ઞાન આપીને, પોતાના જેવો બનાવીને રજા આપે છે ત્યારે શિષ્ય ગુરુને પગે લાગે છે તો ગુરુ પણ શિષ્યને પગે લાગે છે.

ગુરુના વચનમાં અડગ વિશ્વાસ રાખીને જીવનાર શિષ્ય જ તરી જતો હોય છે. શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્ એવું ગીતા કહે છે. એનાથી

આગળ વધીને શિષ્ય જ, ગુરુમાં અનન્ય વિશ્વાસ ધરાવનાર નિષ્ઠાવાન શિષ્ય જ ભવગસાગર તરી જતો હોય છે.

એક જ ગુરુના અનેક શિષ્યો હોય છે પરંતુ દરેક શિષ્યની ભાવના અલગ અલગ હોય છે. આને પરિણામે શ્રદ્ધા અને નિષ્ઠા પણ અલગ અલગ હોય છે. આને કારણે દરેકને જુદું જુદું ફળ મળે છે. ગુરોરાજ્ઞા અવિચારણીયા | ગુરુની આજ્ઞાનો તરત જ અમલ કરવાનો હોય. એમાં કરવું કે ના કરવું એવો વિચાર કરવાનો હોય જ નહિ.

વ્યક્તિની ભાવના શુદ્ધ હોય તો જ એને ફળ મળે છે અને આવી શુદ્ધ ભાવના ધરાવનારને તરત જ ફળ મળે છે. યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતી તાદશી | એ ન્યાયે મંત્ર ફળતો નથી પરંતુ મંત્રમાં રહેલી આપણી ભાવના, શ્રદ્ધા ફળે છે. વ્યકિત નિષ્કપટ ભાવે, શુદ્ધ ભાવનાથી, ગુરુવચન પ્રમાણે જીવન ગોઠવે તો એ ભવસાગર તરી જાય અને એને તત્કાળ ફળ મળી જાય.

શુદ્ધ ભાવના એટલે કેવી ભાવના? ગુરુ પ્રત્યે સર્વ સમર્પણની ભાવના હોવી જોઈએ. ગુરુ એ જ મારું સર્વસ્વ છે. આ જગતમાં ગુરુને જ ભજવાનું છે. ગુરુ સાથે જ મિત્રતા કરવાની છે અને ગુરુને જ પ્રણામ કરવાના છે. ગુરુ સિવાય અન્ય તત્ત્વ છે જ નહિ અને ગુરુનું નામ જ ભવભય હરનારું છે. આમ પોતાના જીવનને ગુરુ ભાવથી ભરી દેવાનું છે. આને પરિણામે ધીરે ધીરે, હરતાં-ફરતાં ગુરુનું જ ચિંતન રહે. ગુરુ સ્થૂળ દેહે ભલે હાજર ન હોય, પાસે ના હોય પરંતુ સતત સ્મરણને કારણે હૃદયમાંથી ગુરુ જરા પણ ખસતો નથી. આવા સતત સ્મરણ અને સમર્પણથી ગુરુ સાથેનો સંબંધ એવો મજબૂત બની જાય કે ગુરુ હૃદયમાંથી ખસે જ નહિ. આવું બધું કરીને ગુરુ પાસેથી શું મેળવવાનું? શુદ્ધ ભાવનાથી સ્મરણ- સમર્પણ કરનાર કોઈ ભૌતિક વસ્તુની અપેક્ષા તો રાખે જ નહિ. પોતાના દુઃખ દૂર થાય કે સુખનો સાગર રેલાય એવી ઈચ્છા પણ રાખે જ નહિ. એને તો બસ ! મારો ગુરુમહારાજ સદા રાજી

રહે એવી જ ખેવના  હોય. આવા શુદ્ધ ભાવથી ગુરુના કહ્યા પ્રમાણે જીવન જીવે અને સદા સ્મરણ કરે તો તેનું ફળ શું મળે?

પૂ.શ્રી ઉપાસના કાંડની શરૂઆત કરતાં બીજા જ દોહરામાં લખે છે કે:

**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણસ્વરૂપ,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ.**

ગુરુ શિષ્યને પોતાનું સ્વરૂપ આપી દે છે. શિષ્ય માંગતો ન હોવા છતાં ગુરુ એને સામે ચાલીને પોતાનું સ્વરૂપ આપી દે છે. જન્મ મરણનો ફેરો ટાળવાનું લક્ષ્ય આપોઆપ સિદ્ધ થઈ જાય છે. શુદ્ધ ભાવથી ગુરુવચનનું પાલન કરવામાં આવે તો વ્યક્તિ તત્કાળ ભવસાગર તરી જાય.

પૂ.શ્રીના પ્રવચનમાં જે વાત વારંવાર આવતી જણાય છે તે છે "વિશ્વ સંવાદિતા" જાળવવાની વાત. એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો કે જેથી એના વિશ્વ સંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઉઠવા દો, એક શ્વાસ પણ એવો ન લો જેથી એની વિશ્વ શાંતિમાં તલપૂર પણ વિક્ષેપ ઊભો થાય.

ગુરુવચન એટલે ગુરુ બોલ્યા હોય તે પ્રમાણે વર્તવાનું. એટલું જ નહિ પણ ગુરુ જે વિચારતાં હોય તે પ્રમાણે વર્તવાનું છે. ગુરુની વૃત્તિમાં આપણી વૃત્તિ ભેળવી દેવાની છે. પૂ.પ્રેમ અવધૂતજી લખે છે કે:

**ગુરુવૃત્તિ તે આપણી, ગુરુમાં આપ સમાય,**
**થતાં વૃત્તિ બે એક ત્યાં સેવક સચ્ચિદાનંદ થાય.**

**ગુરુ આજ્ઞા પૂર્વે સ્ફૂરે, શિષ્ય તણા મનમાંહ્ય,**
**એવા શિષ્યને શોધવા, ફરે ગુરુ જગમાંહ્ય.**

**મનથી સેવા જે કરે, ભલે હોય ગુરુ દૂર,**
**સેવા મર્મ સમજી લહે એને ક્યાં ગુરુ દૂર?**

સુગંધ એ પુષ્પની માતૃભાષા છે.

ગુરુ પ્રત્યે આવી ઊંચી વૃત્તિ થવી, શુદ્ધ ભાવનાથી એના વચન પ્રમાણે જીવન ગોઠવવું એ પણ ગુરુકૃપા અને પ્રભુકૃપા હોય તો જ જોવા મળે છે. પૂ.બાપજીને તરસ લાગે તો તે સમયના મુ.બચુભાઈ (હાલના પૂ.પ્રેમ અવધૂતજી)ને ખબર પડે. પોરમાં પૂ.શ્રીને કેસર સ્નાન કરાવે તો એમને લીંચમાં પૂ.શ્રી પીળા દેખાય અને મુ. માસ્તરકાકાએ લખ્યું હોય કે અમે મંગળવારે પૂ.શ્રી સાથે અંબાજી જનાર છીએ છતાં બાપજી એમને સોમવારે સંદેશો મોકલે અને પૂ.પ્રેમ અવધૂતજી ઝીલે કે તું આજે (સોમવારે) સ્ટેશન આવ. એ બધું ગુરુમાં પોતાની જાતને ઓગાળી દેનાર શિષ્યની શુદ્ધ ભાવનાનું પ્રતીક છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી તરી જવામાં શું બાકી રહે? ગુરુને સમર્પિત થઈ જનારની ફિકરમાં તો પછી ગુરુએ ફરવું પડતું હોય છે. પૂ.શ્રી આપણને ગુરુ પ્રત્યે શુદ્ધ ભાવ રાખી, એના કહ્યા પ્રમાણે જીવન ગોઠવવાનો સંકેત આપે છે. જો આપણે આપણા ભૌતિક ક્ષુદ્ર લાભ માટે ગુરુમહારાજનો ઉપયોગ કરીશું તો એનાથી મોટી બીજી કમનસીબી એકે નહિ હોય.

●

# સંકેત-૨૭

**ગુરુ સેવા જે આદરે કરે થાય તે પાર,**
**ક્યાંથી તેને દુ:ખ? એ સદા સુખી નિર્ધાર.**
**થતાં તુષ્ટ ગુરુ દે સ્વયં ચતુર્વિધ પુરુષાર્થ,**
**ક્યાંથી યમભીતિ પછી? ગુરુભક્તિ જ યથાર્થ.**

(અ.૯૫ દો.૪૭-૪૮)

મનુષ્યત્વં, મુમુક્ષુત્વં, મહાપુરુષ સંશ્રય: આ ત્રણ વસ્તુ બધાને મળતી નથી. બધી યોનીમાં માનવ યોની દુર્લભ છે. માણસ તરીકે જન્મ મળ્યા પછી મોક્ષ મેળવવાની ઈચ્છા જાગે એ દુર્લભ છે અને મોક્ષ મેળવવાની ઈચ્છા જાગ્યા પછી કોઈ સમર્થ મહાપુરુષનો આશ્રય મળે એ અતિ દુર્લભ છે. આનો અર્થ એ થાય કે જો કોઈ મહાપુરુષ સદ્ગુરુ તરીકે મળી જાય અને એના દિલમાં આપણે વસી જઈએ તો બેડો પાર થઈ જાય.

સાધુ ભૂખા ભાવકા ધનકા ભૂખા નાહિ એ જાણીતી ઉક્તિ એવું સૂચવે છે કે મહાપુરુષો તમારા ધનને નથી જોતા, તમારા મનને જુએ છે, ભાવને જુએ છે. મહાપુરુષની પ્રાપ્તિ સરળ નથી, પરંતુ એ મહાપુરુષને પામ્યા પછી એને વળગી રહેવું, એનામાં અનન્ય નિષ્ઠા રાખવી અને એ જ મારો એકમાત્ર ભગવાન છે એવો ભાવ કેળવી જીવવું એ ખૂબ જ કપરું છે. સંતપુરુષો કૃપા તો બધા પર કરતાં હોય છે પણ એ ઝીલવાની પાત્રતા જુદી જુદી હોય છે. સીતાજીની શોધમાં સુગ્રીવ, જાંબવન, નલ, નીલ, હનુમાન એમ અનેક વાનરોએ અને રીંછોએ ભગવાન રામને મદદ કરી, પરંતુ એ બધામાં રામજીનું મન તો હનુમાનજીએ જ હરી લીધું. હનુમાનજી પ્રતિ ભગવાન રામચંદ્રજીએ કબૂલવું પડ્યું કે હું તારો ઋણી છું અને તારી સામે જોઈ શકતો નથી કારણકે તેં મારા માટે સદા સમર્પણ જ કર્યું છે, કદી કશું માંગ્યું નથી.

માતા એટલે સર્વવ્યાપી **પ્રેમ** તત્ત્વનું ઉદ્દાત્ અને મનોહર સ્મારક.

સેવકપણું એ ઉત્તમ છે પણ એ સરળ નથી. સેવક બનનારે પોતાનો અહમ્ ઓગાળી નાંખવો પડે છે. સેવકને ગમે તે વ્યક્તિ, ગમે તે કામ સોંપી શકે, ગમે તે કહી શકે અને છતાં સેવક સ્વામીનું કાર્ય ભક્તિભાવથી કર્યા જ કરે. મન માર્યા વિના સેવક થવાતું નથી. અહમ્‌ને ઓગાળ્યા વિના દાસ થવાતું નથી. સેવામાં હંમેશા સ્વામીનું મન રાજી રાખવાનું હોય છે. એમાં જો સ્વામીને શારીરિક પીડા થતી હોય તો તો શરીરની સેવા કરવાની અને સ્વામીનું મન આનંદમાં રહે એ પણ કરવાનું. આ કામ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે.

સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય | 'સેવાધર્મ પરમ ગહન છે અને યોગીઓને પણ અગમ્ય છે' એ વિધાન સેવાની કઠિનતા સૂચવે છે. સેવકે આહાર, નિંદ્રા અને ભય ઉપર કાબુ મેળવવાનો રહે છે. જો સેવક બહુ ખાય તો એને નિંદ્રા આવે અને એ સેવા ન કરી શકે. સેવકે તો આઠે પહોર ખડે પગે સેવા કરવા ઊભા રહેવાનું છે, સ્વામીને તકલીફ ન પડે, સ્વામીને સુખ થાય એવું કરવાનું છે એટલે એણે પોતાના અમન-ચમન, સુખ સગવડ જતાં કરવાનાં છે. સેવાધર્મ સ્વીકારનારે સ્વામીના હુકમનું, સ્વામીની ઈચ્છાનું આદર સાથે પાલન કરવાનું હોય છે. સ્વામી જે કાંઈ કહે છે તે યોગ્ય છે કે નહિ એ વિચારવાની એને સત્તા નથી. એનું લક્ષ્ય તો પોતાનો સ્વામી- પોતાના ગુરુમહારાજ- કેમ કરીને પ્રસન્ન રહે એ જોવાનું જ છે. પોતાનું સર્વસ્વ ગુરુ ચરણમાં સમર્પિત કરનાર અને તે દ્વારા પોતે પણ સમર્પિત થઈ જનાર ગુરુના સુખે સુખી બને છે. એને પોતાનું અલગ વ્યક્તિત્વ રહેતું જ નથી. સ્વામીની ઈચ્છામાં જ પોતાની ઈચ્છા ભેળવી દેવાની હોય છે. પૂ.શ્રી પ્રેમ અવધૂતજી લખે છે કે:

**સેવા સેવા શું કહો સેવા સહુ સુખમૂળ,**
**ભાવે સદ્‌ગુરુ સેવતાં થાયે જગ અનુકૂળ.**

**ગુરુ સેવા પ્રેમે કરી, ધરે ન ઉર અભિમાન,**
**ગુરુવૃત્તિ પરખી રહે, સેવક બને અમાન.**

લાગણીએ પરિશુદ્ધ **પ્રેમ**તત્વની કાચી સામગ્રી છે.

ગુરુનું હરતાં-ફરતાં ચિંતન, ગુરુ માટે શું કરું તો એમને સુખ-સગવડ થાય, એને ક્યારે શું જોઈએ એનો સતત વિચાર અને ગુરુને શું ગમે અને શું ન ગમે એનો ખ્યાલ કરી પોતાનો જીવન વ્યવહાર ગોઠવે તો ગુરુ રાજી થાય. ગુરુને સંતોષવાનું કામ અઘરું છે અને સરળ પણ છે. ગુરુ પૈસાથી કે અન્ય વસ્તુથી સંતુષ્ટ થતા નથી. હીરા, માણેક, સોનું-ચાંદી એને ઠીકરાં સમાન છે. એટલે વસ્તુથી ન સંતોષાય એવા ગુરુને કેવી રીતે સંતોષવા? ગુરુને સંતોષવા સરળ એટલા માટે છે કે ગુરુની વૃત્તિમાં આપણી વૃત્તિ ભેળવી દેવાથી ગુરુ સંતુષ્ટ થઈ જાય છે. આપણા બાપજી માગણવૃત્તિના વિરોધી હતા, તો શિષ્ય પણ માગણવૃત્તિ કાઢી નાંખે તો ગુરુમહારાજ રાજી થાય. પૂ.બાપજી માનવ માત્રમાં દત્તને જોવાનું કહેતા એટલે દરેક સાથે પ્રેમભર્યો વ્યવહાર કરીએ, કોઈનો પણ તિરસ્કાર ન કરીએ તો બાપજી રાજી થાય. પોતાના ગુરુની વૃત્તિ પારખી પોતે પણ એવી વૃત્તિ કેળવી જીવે તો ગુરુ સંતુષ્ટ થઈ જાય અને ગુરુ સંતુષ્ટ થાય પછી તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બધું જ શિષ્યને મળી જાય. ગુરુ એ તો આર્તબંધુ છે. શિષ્યના યોગ ક્ષેમની ચિંતા પણ ગુરુ કરે છે. ગુરુથી તો યમરાજ પણ ડરે છે. ગુરુ ગોવિંદ બેમાં ગુરુ ગોવિંદથી અધિક છે એમ કહેવાયું છે તે અમસ્તું નથી કહેવાયું. પૂ.શ્રીએ ગુરુ વિશે લખેલા અનેક દોહરામાંથી એક-બે દોહરા રજૂ કરું.

**સદ્‌ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ,**
**ગુરુનામામૃત પાનથી જાય મરણ સંદેહ.**

(અ.૩ દો.૧૪૩)

**એમ કૃપા ગુરુની થતાં રહે દૈન્ય ક્યાં દુષ્ટ?**
**અષ્ટૈશ્વર્યો આંગણે ખડાં, રંગ જો હૃષ્ટ.**

(અ.૭૬ દો.૭૨)

ભગવાને આકાશમાં કરેલા હસ્તાક્ષર એટલે મેઘધનુષ્ય.

આપણા રંગ પરિવારમાં પૂ.પ્રેમ અવધૂતજી એ સેવામૂર્તિ છે. એમણે કેવળ ગુરુની સેવાને જ ગુરુસેવા નથી માની. ગુરુની સેવા કરનારા સેવકોની સેવા કરીએ તો એ પણ ગુરુસેવા કરેલી જ ગણાય એવી પરિભાષા એમણે સ્વીકારી છે. દાસ નહિ પણ દાસાનુદાસ થવાનું છે. લેવું નહિ પણ દેવું એ જીવનમંત્ર બનાવીને એમણે ગુરુમહારાજને એવા રાજી કર્યા કે પૂ.શ્રીએ લીંચને 'મીની નારેશ્વર' નામ આપ્યું અને ડૉ.ભોંસલેને એવો કોલ આપ્યો કે મારા સ્થૂળ દેહની ગેરહાજરીમાં લીંચ જશો તો માનસિક શાંતિ મળશે.

સેવક નમ્ર હોય, નરમ હોય, સરળ હોય, સમાધાનકારી હોય, પ્રેમી હોય અને નિખાલસ હોય અને એનું બધું જ સુખ ગુરુભક્તિમાં અને ગુરુના સુખમાં આવીને જ અટકે. આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને ગુરુની સાચી સેવા એ ચતુર્વિધ પુરુષાર્થ પામવાનો રાજમાર્ગ છે એવો સંકેત આપે છે. આપણી વૃત્તિ બાપજીની વૃત્તિને અનુરૂપ બનાવી શકીએ તો રંગ જન્મ શતાબ્દી સાચા અર્થમાં ઉજવી ગણાશે.

●

# સંકેત-૨૮

**રંગ અભાગી આથડે, પાસે નિધાન તો ય,**
**પૂર્વ પુણ્ય વિણ ના જડે ! કર્મરૂપ મતિ હોય !!**

(અ.૯૫ દો.૧૬૪)

આનંદ અને સુખની શોધમાં નીકળનાર વ્યક્તિને ખબર નથી કે આનંદનો ઝરો તો એનામાં જ રહેલો છે. એ પોતે જ સુખ સ્વરૂપ છે. એણે પોતાના હૃદયમાં રહેલા ભગવાનને જ ઓળખવાના છે અને એ ઓળખ્યા પછી તો બીજું કશું ઓળખવાનું રહેતું જ નથી.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે:

**પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને?**
**પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને?**

“પાનીમેં મીન પિયાસી”ની જેમ આપણે આપણામાં રહેલા આનંદને ઓળખવાને બદલે બીજે આનંદ શોધવાના હવાતિયાં મારીએ છીએ અને દુ:ખી થઈએ છીએ. કદાચ નિજાનંદની સમજ એકદમ ન આવે તો સદ્‌ગુરુના ચરણ સેવીને વ્યક્તિ ભવ પાર થઇ શકે. આપણે વધુ ભણ્યા, વધુ બુદ્ધિશાળી થયા એટલે પાસેનું ભૂલીને દૂરનું શોધવામાં પડ્યાં. ‘સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો’ એવી સ્થિતિ થઇ.

ભગવાન વેદ વ્યાસે પાપ-પુણ્યની સાદી વ્યાખ્યા આવી આપી છે કે પારકાનું ભલું કરવું એ પુણ્ય છે અને બીજાને પીડવું એ પાપ છે. એ જ રીતે માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવ એ આદર્શો, વ્યક્તિને મા-બાપની સેવા કરીને ભવ સાગર પાર કરવાનો સરળ રસ્તો બતાવે છે.

સુખનો ખજાનો, આનંદનો અર્ણવ પોતાની પાસે જ હોવા છતાં અભાગી જીવ બીજે ભટકતો હોય છે, અથડાતો હોય છે. જો વ્યક્તિને

સદ્‌ભાગ્યે ગુરુ મળી જાય તો એ સદ્‌ગુરુ પણ એને એ જ સમજ આપે છે કે તું પોતે જ આનંદરૂપ છે, સુખરૂપ છે. તું તારામાં ગોતા લગાવ. બહાર શોધવાની કાંઈ જરૂર નથી અને બહાર કશું મળવાનું નથી. સદ્‌ગુરુ એટલે આપણામાં રહેલું સત્‌, ચિત્‌ અને આનંદનું બહાર વ્યકત થયેલું સગુણ સ્વરૂપ. પૂ.શ્રી દત્તબાવનીમાં લખે છે: **અંતર્યામી સચ્ચિત્સુખ બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ**. આ જ ભાવને શ્રીગુરુલીલામૃતમાં પૂ.બાપજી આ રીતે જણાવે છે:

**હૃદય નિયામક અંતરે, બાહિર સદ્‌ગુરુરૂપ,**
**પુન: પુન: પ્રણમું તુને બાધે આ ભવકૂપ.**

આપણને શ્રેયનો માર્ગ શું છે એની ખબર નથી અને એટલા માટે જો ભટકતા હોત તો તો આપણે મદદને પાત્ર ગણાત. પરંતુ ઘણીવાર આપણને આપણો શ્રેય માર્ગ શું છે તે ખબર હોવા છતાં એ તરફ આપણે ગતિ કરતાં નથી એટલે દયાને પાત્ર ઠરીએ છીએ. “પૂર્વ પુણ્ય વિણ ના જડે” માં જડે એટલે સાચો રસ્તો જાણ્યા પછી એ રસ્તા પર ચાલવાની વૃત્તિ થવી અને પછી વૃત્તિને અનુરૂપ પ્રવૃત્તિ થવી. આપણી દશા પણ દુર્યોધન જેવી છે. દુર્યોધન કહે છે કે:

**જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ।**
**જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ॥**

ધર્મ શું છે તે હું જાણું છું પણ તે આચરી શકતો નથી અને અધર્મ શું છે તે પણ જાણું છું પરંતુ એમાંથી નિવૃત્તિ પામી શકતો નથી, એ આચરતાં અટકી શકતો નથી.

‘સમજવું’ શબ્દનો અર્થ પણ એ જ છે કે સમય આવે એ મુજબ વર્તન કરવું. પૂ.શ્રીએ ભજનમાં ગાયું કે “નેક કમાઈ કર લે ભાઈ, ઈસમેં સબકુછ આઈ.” આ ભજન આપણે સાંભળ્યું અથવા ગાયું એટલે એનો શબ્દાર્થ તો આપણે પણ સમજ્યા કે જો વ્યક્તિ પ્રામાણિકતાથી

કમાણી કરે તો એમાં બધું જ આવી ગયું એટલે બીજું કશું કરવાનું રહેતું નથી. પરંતુ બાપજીએ એ પ્રમાણે જીવનમાં આચરી બતાવ્યું જ્યારે આપણે વખત આવે બિન પ્રમાણિક બની કમાઇ લઇએ છીએ અને કોઇ પૂછે તો લાચારી બતાવીને કહી દઇએ કે "શું કરું? એના વગર કોઇ ઉપાય જ ન હતો." પૂર્વ પુણ્ય હોય એવી વ્યક્તિ પ્રામાણિકતાથી જીવન જીવવાનો પ્રયત્ન કરશે, એને માટે સહન કરવું પડશે તો સહન કરશે, પરંતુ લાચારીથી ખોટું તો નહિ જ કરે. પથ્થર ટાંકણાનો માર સહન કરે છે ત્યારે તે મૂર્તિ બને છે અને પૂજાય છે. વ્યક્તિ પણ આવા દૈવી ગુણોને જીવનમાં ઉતારી બતાવે છે અને ઘણું ઘણું સહન કરે છે ત્યારે સંત બને છે અને પૂજાય છે. સંતના ઉપર તો સંકટ આવે, સહન કરવાનું આવે તો તેના સદ્‌ગુણો વધુ ખીલી ઊઠે છે. ચંદનને ઘસવાથી તે વધુ સુગંધીદાર બને છે, શેરડીને પીલવાથી વધુ રસવાળી બને છે, સોનાને તપાવવાથી વધુ પીળું બને છે. સજ્જનો પોતાનો સાધુ સ્વભાવ પ્રાણાન્તે પણ ત્યજતા નથી. સુભાષિત છે :

**ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચન્દનં ચારુગન્ધમ્**
**છિન્નં છિન્નં પુનરપિ પુનઃ સ્વાદુ ચૈવેષુદણ્ડમ્।**
**દગ્ધં દગ્ધં પુનરપિ પુનઃ કાંચનમ્ કાન્તવર્ણમ્**
**પ્રાણાન્તેઽપિ પ્રકૃતિવિકૃતિર્જાયતે નોત્તમાનામ્॥**

માનવી સત્ત્વપ્રધાન હોય તો તેનું ચિંતન, મનન અને વર્તન સરળ અને નિખાલસ રહેવાનું. કૂડ-કપટ, રાગદ્વેષ કે અભિમાનથી એ દૂર રહેવાનો. એને પોતાનામાં રહેલા ખજાનાનું ભાન જલ્દી થવાનું. સદ્‌ગુરુની પ્રાપ્તિ અને સદ્‌ગુરુને તુષ્ટ કરવાનું તે સરળતાથી કરી શકવાનો. જ્યારે તમસગુણ પ્રધાન વ્યક્તિ અભિમાન અને ગર્વમાં મેળવવાનું કદી મેળવી શકવાનો નહિ. વ્યક્તિનો સ્વભાવ જ એને મારે છે કે તારે છે. શબરી, કેવટ, સજનો કસાઇ, ગોરા કુંભાર જેવાં અભણ કે ઓછું ભણેલા ભગવાનને પ્રેમથી બાંધી શકયા એનું કારણ

એમનામાં રહેલી સરળતા, નિર્દોષતા, નિખાલસતા, દયા, કરુણા જેવા સદ્‌ગુણો છે. એક જ ગુરુના અનેક શિષ્યોનો વિકાસ જુદો જુદો કેમ હોય છે? આનો જવાબ પૂ.શ્રી આપે છે કે દરેક વ્યક્તિની મતિ એના કર્મને અનુરૂપ હોય છે. એનો સ્વભાવ એને અમુક કર્મ કરવા તરફ ખેંચે છે. જાણે એણે ન કરવું હોય તો પણ એ કર્મ કરવાની ફરજ પાડે છે. આમ કર્મને અનુરૂપ મતિ થતી હોય, સ્વભાવ ઘડાતો હોય તો સારા સ્વભાવવાળાને, સન્મતિ ધરાવનારને પુણ્યનો પંથ જડી જવાનો. એ વ્યક્તિ એ પંથ ઉપર ચાલવાનો અને એ પોતાનામાં રહેલા ખજાનાને ઓળખી જઇ બીજે અથડાતો બંધ થઇ જવાનો.

આપણે પૂ.બાપજી જેવા ગુરુમહારાજ મળ્યા છે તો હવે આપણે બીજું કશું મેળવવાનું રહ્યું નથી એવી સમજ આવે, એ સમજ પાકી થાય અને એને અનુરૂપ જીવીએ તો આપણે પણ સદ્‌ભાગી ગણાઈશું. આને બદલે પૂ.શ્રીની વાતોને પૈસા કમાવવાનું સાધન ગણીને એને આજીવિકાનું સાધન બનાવીશું તો ગામેગામ પૂજન-કથા-ભજન કરવા માટે અથડાવવાનું ચાલુ જ રહેશે. આપણા પરિવારમાં ‘ગંગા માછણ’નું ઉદાહરણ આપણને સાચો માર્ગ બતાવે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને આપણી પાસેનો ખજાનો ઓળખવાનો સંકેત કરે છે. પૂ.શ્રીને વટાવીને પદ કે પૈસો મેળવનાર હતભાગીને ખબર નથી કે એ કાચના બદલામાં હીરો જતો કરે છે, કસ્તુરી છોડીને કાંદો પકડે છે. વ્યક્તિના કર્મને અનુરૂપ મતિ હોય અને મતિને અનુરૂપ કર્મ હોય તો એને તો કેવળ સદ્‌ગુરુ ભગવાન જ બચાવી શકે.

●

# સંકેત-૨૯

**એક ભાવથી જે ભજે ગુરુને નિઃસંદેહ,**
**પામે સકલાભીષ્ટ ને થાય મુક્ત નર તેહ.**
**જેવી નિષ્ઠા દેવમાં, અનન્ય ગુરુમાં તેમ-**
**હોય, તો જ તત્ત્વાર્થ આ સ્ફૂરે અંતરે એમ.**

(અ.૯૬ દો.૩૦ અને ૩૩)

ગુરુની મહત્તાનું વર્ણન કરતાં અનેક શ્લોકો છે પરંતુ એમાં સર્વ વિદિત શ્લોક છે:

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ।**
**ગુરુઃસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ॥**

આમ ગુરુ એ બ્રહ્મા છે, વિષ્ણુ છે અને શંકર પણ છે. સૃષ્ટિનાં સર્જન, સંરક્ષણ અને સંહાર આ ત્રણે કાર્ય કરનાર ગુરુ છે. એનાથી પણ આગળ એમ કહ્યું કે 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ.' ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. એટલે જગતની દરેક વસ્તુમાં ગુરુતત્ત્વરૂપી પરબ્રહ્મ જ રહેલું છે અને એવા ગુરુને હું પ્રણામ કરું છું.

ગુરુનું કાર્ય શું? ગુરુ શું કરે? શ્રીગુરુલીલામૃતને ધ્યાનથી વાંચીએ તો આનો જવાબ મળી રહેશે. શ્રીગુરુલીલામૃતમાં પણ કર્મકાંડમાં શ્રીગુરુમહિમાની અનેક વાતો આવે છે. ગુરુ શિષ્યને એના સ્વરૂપનો અનુભવ કરાવે છે. તત્ત્વમસિ **તે તું** છે એ મહાવાક્યનો અનુભવ ગુરુ કરાવે છે. અહં બ્રહ્માસ્મિ । પ્રજ્ઞાનં બ્રહ્મ । અને અયમાત્મા બ્રહ્મ । એ ત્રણ મહાવાક્યો એ અનુભવ વાક્યો છે. જેણે અનુભવ કર્યો છે એ વ્યક્તિ પોતાના અનુભવનું વર્ણન કરે છે. પરિચય આપતું વિધાન કરે છે. જ્યારે તત્ત્વમસિ એ બોધવાક્ય છે. એમાં જેણે અનુભવ કર્યો છે

**પ્રેમ** ન પામવો એ જીવનની મહા કમનસીબી છે.

એ વ્યક્તિ (ગુરુ) જેણે એનો અનુભવ નથી કર્યો (શિષ્ય) તેને આ બોધ દ્વારા અનુભવ કરાવે છે. તત્ત્વમસિ એટલે તે (પરબ્રહ્મ) તું છે. તત્ત્વમસિ દ્વારા તું પરબ્રહ્મ જ છે એનું ભાન કરાવવામાં આવે છે. જીવે શિવ થવાનું નથી. 'અસિ' શબ્દ મહત્ત્વનો છે. પણ આ કોણ સમજાવે તો સમજ આવે? સાચો ગુરુ જ આ કામ કરી શકે.

શિષ્યમાં રહેલી શક્તિને બહાર કાઢવામાં ગુરુ મદદરૂપ બને છે. શિષ્યને પ્રેરણા આપે છે. શિષ્યને માર્ગદર્શન આપે છે. શ્રીગુરુલીલામૃતનાં અધ્યાય ૭૦માં અરુણ, બૈદ ને ઉપમન્યુ એમ ત્રણ શિષ્યોની કથામાં ગુરુ ત્રણેની નિષ્ઠા ચકાસે છે. નિષ્ઠા ચકાસતા પહેલાં ગુરુ દરેક શિષ્યના સ્થૂળ દેહનો અને સૂક્ષ્મ દેહનો બરાબર અભ્યાસ કરે છે અને એને અનુરૂપ કાર્ય સોંપે છે. પરંતુ ગુરુની કસોટીમાંથી શિષ્ય એકવાર પાર ઉતરે એટલે સ્પર્શમાત્રથી જ એને જ્ઞાન આપે છે. પૂ.શ્રી લખે છે કે:

**મનઃશુદ્ધિ સમ્યક્ તપાસી નિષ્ઠા વળી તેમ,**
**મનવાંછિત અર્પી કરે કૃપા કલ્પદ્રુમ જેમ.**

(અ.૭૦ દો.૫૭)

ત્રણે શિષ્યોની વારાફરતી પરીક્ષા લીધા પછી જ્ઞાન આપવાની પદ્ધતિ કેવી છે? અરુણના કિસ્સામાં:

**વર આપી કહે વત્સ હે ! શિષ્યશિરોમણિ ધન્ય !**
**વેદશાસ્ત્ર વ્યાકરણવિદ્ થા સર્વજ્ઞ સુધન્ય !**
**ગુરુવાણીથી તૂર્ત એ થયો જ્ઞાનયુત બાળ,**
**દોડી લાગ્યો ચરણમાં, ભાવ થકી તત્કાળ.**

(અ.૭૦ દો.૮૪-૮૫)

બૈદના કિસ્સામાં:

**વર આપું થા વેદવિદ્ શાસ્ત્ર પારંગતપૂર્ણ,**
**વરમાત્રે સર્વજ્ઞ એ થયો શિષ્યવર તૂર્ણ.**

(અ.૭૦ દો.૧૦૮)

ઉપમન્યુના કિસ્સામાં:

**તુષ્ટ થયો સૌશિલ્યથી એમ કહી વરહસ્ત,**
**મૂકે મસ્તક પર તિહાં થયો શિષ્ય એ મસ્ત.**
**વેદશાસ્ત્રવિદ્ ક્ષણમહીં થયો બાળ ગુરુભકત !**
**કહે ગુરુ ઉપમન્યુ હે ! જઈ ઘેર સુરકત.**

(અ.૭૦ દો.૧૬૯-૧૭૦)

આમ ગુરુ પાસેથી જે કાંઈ મેળવવાનું છે તે એને અનન્યભાવે સેવી, એને તુષ્ટ કરીને મેળવવાનું છે. એક જ ગુરુ એક જ મંત્ર બે શિષ્યોને આપે અને છતાં બંનેને ફળ જુદું મળે એનું કારણ જે તે શિષ્યની ગુરુ પ્રત્યેની જુદી જુદી ભાવના, જુદી જુદી નિષ્ઠા છે. શ્રદ્ધા થવી સહેલી છે પણ ગુરુમાં પરબ્રહ્મની નિષ્ઠા થવી ખૂબ અઘરી છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસનું વાકય છે: "ગુરુ શોધવાની જરૂર નથી, સચ્છિષ્ય બનવાની જરૂર છે." વ્યક્તિ શિષ્ય તરીકે યોગ્ય બને તો એને સામેથી સદ્ગુરુ આવી મળે છે. આપણી કમનસીબી એ છે કે આપણે શિષ્ય તરીકેની લાયકાત કેળવ્યા વિના સદ્ગુરુની શોધમાં નીકળી પડીએ છીએ, લોકોની વાતો સાંભળીને સંતોના દર્શન જઈએ છીએ (ખરું પૂછો તો સંતોને જોવા જઈએ છીએ), એમનામાં શું છે અને શું નથી એનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીએ છીએ અને એવી કાગડાની દષ્ટિને કારણે દોષ પહેલાં દેખાય છે એટલે એનામાં ગુરુભાવ જાગતો નથી. હકીકતામાં આખો રસ્તો જ ઊંધો પકડયો કહેવાય.

આપણા ગુરુમહારાજની જ વાત કરીએ તો એમણે આઠ વર્ષની ઉંમરે એક જ વાર પૂ.વાસુદેવાનંદ સરસ્વતી (સ્વામી મહારાજ)ના દર્શન કર્યા હતા. સ્વામી મહારાજે ઈ.સ. ૧૯૧૪માં સમાધિ લીધી ત્યારે બાપજીની ઉંમર માંડ ૧૬ વર્ષની હતી. આમ છતાં એમની ગુરુભક્તિ કેવી ઉત્કૃષ્ટ હતી ! એમની ગુરુ નિષ્ઠા કેવી ઊંચી હતી? ગરુડેશ્વરની ધજા દેખાય એટલે વાહનમાંથી ઉતરી પડવું, ગરુડેશ્વરમાં પોતાની જય

નહિ બોલાવા દેવી, પોતાનો મહિમા ગાતાં ભજનો નહિ ગાવા દેવાં વગેરે આ બધુ ગુરુ નિષ્ઠાની પરાકાષ્ઠા બતાવે છે. ગુરુનો મઢાવેલો ફોટો જોઈને પણ સાક્ષાત્ સ્વામી મહારાજ બિરાજ્યા છે એવો ભાવ કેળવીને જીવન વ્યવહાર ગોઠવવો એ ગુરુ પ્રત્યેનો અનન્ય ભાવ સૂચવે છે અને પૂ.શ્રીએ પગ દુ:ખતો હતો છતાં લાંબો ન જ કર્યો.

પોતાની દરેક પ્રવૃત્તિનું સંચાલન ગુરુ મહારાજ કરે છે એટલે એની ઈચ્છામાં જ પોતાની ઈચ્છા ભેળવી દેવાની વૃત્તિ રાખવી એ જ એમનું ધ્યેય. સ્વામી મહારાજે દત્તપુરાણના એકસો આઠ પારાયણ કરવાનો સ્વપ્નમાં આદેશ કર્યો, **'ગાંડા તુજી વાટ પાહિતો'**, 'શ્રીગુરુલીલામૃતની રચના' જેવા ઘણા કાર્યો એ કેવળ ગુરુમહારાજના સ્વપ્નાદેશ પર જ આધારીત હતા. નર્મદા પરિક્રમા વખતે ગરુડેશ્વરમાં એક-બે દિવસ રહેવું હતું. પગ મચકોડાયેલો હતો પરંતુ ગુરુ આજ્ઞા વશ તરત જ ગરુડેશ્વર છોડી દીધું અને પોતાની ઈચ્છા પ્રગટ કરતું ભજન લખ્યું: "ઠેરન દે દિન ચાર, સાંઈ તેરે દ્વાર પે."

ગુરુમાં દેવભાવ કેળવવો, ગુરુને અનન્ય ભાવથી અને એકભાવથી ઉપાસવા અને 'ગુરુર્મે સર્વસ્વં' એવું માની જીવન જીવવું એ જ સાચું. એને માટે મોક્ષ તો હથેલીમાં રાખેલા આમળા જેવું, હસ્તામકલવત્- છે. પરંતુ આવો ભાવ પણ પ્રભુની કૃપાથી જ થતો હોય છે. દેવકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપા એમ ત્રણે કૃપા ભેગી થાય ત્યારે આવો ભાવ કેળવાય અને ટકાવાય. એકવાર ગુરુ હાથ પકડી લે પછી તો એ તાર્યા વગર છોડતા જ નથી ને ! પોતાના ગુરુમહારાજ પ્રત્યેનો અનન્ય ભાવ દર્શાવતાં પૂ.બાપજી "વાસુદેવનામસુધા"માં લખે છે કે:

**માણવં પાણ્ડુરંગાખ્યં સ્વપ્નદર્શનમાત્રતઃ |**
**ચકારાર્ચં ત્વનાર્ચાર્ધો વાસુદેવ નમોસ્તુ તે ||**

(શ્લોક:૭૩)

હૃદયમાંથી કામ જાય તો રામ આવી જાય.

બ્રહ્મચારી પાંડુરંગને જેણે સ્વપ્નમાં દર્શન આપીને જ અનાર્યમાંથી આર્ય બનાવ્યો એવા હે વાસુદેવ ! તને નમસ્કાર હો !

તળાવમાં ઉગતા કમળની પાસે ચોવીસ કલાક રહેતાં દેડકાં કાદવ ચૂંથતા હોય છે ત્યારે ભમરાઓ એ કમળ પર થોડીવાર બેસીને એનું રસપાન કરી જતા હોય છે. આ દોહરા દ્વારા પૂ.બાપજી આપણને અનન્ય ગુરુભક્તિ કેળવવાનો સંકેત આપે છે. આપણે તો પૂ.બાપજીને એ જ પ્રાર્થના કરવાની કે અમોને એવી સન્મતિ આપજો કે તમારામાં દેવભાવ રહે, એકભાવ રહે અને અનન્ય નિષ્ઠા રહે. આપણે સાચી ભાવનાથી શતાબ્દી ઉજવીશું તો શતાબ્દીની ભેટરૂપે ગુરુમહારાજ આટલું તો જરૂરથી આપશે જ.

●

- કોઈપણ જાતના બદલાની ઈચ્છા વગર; સ્વપ્નમાંયે કીર્તિનો લોભ રાખ્યા વગર ભૂખ્યાંને ભોજન, પ્યાસાને પાણી, નંગાને વસ્ત્ર, મૂર્ખને જ્ઞાન, દુ:ખીને દિલાસો, નિરાશ્રિતને આશરો વગેરે અપાય છે એજ સાચું દાન છે ને એવું દાન કરનાર કદી દુ:ખી થતો સાંભળ્યો નથી. ભગવાન દત્તનો આજ સનાતન ઉપદેશ છે.

# સંકેત-૩૦

**લખ્યા લલાટે લેખ જે ભલે હોય વિપરીત,**
**ગુર્વંઘ્રિ સ્પર્શે નકી થાય શુભદ આ રીત.**

(અ.૯૯ દો.૧૧૮)

કર્મના સિદ્ધાંત પ્રમાણે આપણા સંચિત કર્મો પૈકી જે કર્મો ફળ આપવા માટે તૈયાર થયા હોય એ કર્મો પ્રારબ્ધરૂપે ભોગવવા માટે જીવ અનુકૂળ દેહ ધારણ કરે છે. અને આવું પ્રારબ્ધ ભોગવ્યે જ છૂટકો. પ્રારબ્ધનો ક્ષય ભોગવીને થાય તે ઉત્તમ રસ્તો છે. કરેલા કર્મનું ફળ જીવે ભોગવવું જ પડે છે અને તેથી જ વ્યક્તિએ સારા કર્મો કરવાં જોઈએ એવી શિખામણ ધર્મશાસ્ત્રો આપે છે. જેમ લખેલો ચેક બેંકમાં રજૂ થાય એટલે આપણા ખાતામાંથી એની ચૂકવણી કરવી જ રહી તેમ આપણા જ કર્મો જ્યારે સુખ કે દુ:ખરૂપે આવે ત્યારે આપણે ભોગવવા જ રહ્યા.

જો આપણે બીજાને મદદરૂપ થવાનો પ્રયત્ન કરીએ, બીજાનું ભલું કરીએ તો એ પરોપકાર એ જ પુણ્ય છે અને એનું ફળ સુખ છે. આને બદલે બીજાને હેરાન કરવાનો, દુ:ખી કરવાનો, એનું બૂરું કરવાનો પ્રયત્ન કરીએ તો એ પરપીડનમ્ એ જ પાપ છે અને એનું ફળ દુ:ખ જ છે. આમ સુખ અને દુ:ખ આપણા કર્મોનાં જ ફળ છે, જે પ્રારબ્ધરૂપે આપણે ભોગવવાના રહે છે.

માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એનું સૂક્ષ્મ શરીર- સારા નરસા કર્મોનું પોટલું લઈને જતું હોય છે. આ બધા કર્મો પૈકી ફળ આપવા તૈયાર થયેલા કર્મો પ્રારબ્ધરૂપે- વિધિના લેખરૂપે- લલાટે લખાવીને જીવ મનુષ્ય યોનીમાં અવતરે છે.

માણસ બુદ્ધિશાળી પ્રાણી છે એટલે બધા બનાવોનો બુદ્ધિપૂર્વક ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે છે, પણ અનેક બ્રહ્માંડોનું સંચાલન કરતી

પરમ શક્તિની ઇચ્છા સમજવાનું કાર્ય મુશ્કેલ છે. જમીન ઉપર ઊભા રહીને જોનારને વધુ દેખાય અને તેનાથી ઊંચે ડુંગર પર ઊભા રહેનારની દૃષ્ટિ વધુ વિશાળ બને અને તેથી ડુંગર ઉપર ઉભા રહેનારની દૃષ્ટિને સમજવામાં જમીન ઉપર ઊભેલો માણસ કદાચ નિષ્ફળ પણ જાય.

તો પછી પ્રશ્ન એવો થાય કે પ્રારબ્ધમાં લખેલું જ ભોગવવાનું હોય તો પછી સત્સંગની શી જરૂર? સદ્‌ગુરુની શી જરૂર? સત્કર્મની શી જરૂર? પ્રારબ્ધ જો અટલ હોય, બદલી શકાતું ન હોય તો પછી ગુરુની મહત્તા શું? ગુરુને સર્વસ્વ ગણવાનો અર્થ શો?

ગીતામાં ભગવાને જેમ આશ્વાસનરૂપ અભયવચન આપ્યું છે તેમ આ દોહરામાં પણ ગુરુમહારાજ આપણને આશ્વાસનરૂપ અભયવચન આપે છે. ભગવાન કહે છે કે : સારી રીતે દુરાચાર કરનારો પણ જો મને અનન્ય રીતે ભજે તો હું એને સાધુ જ માની લઉં છું. આવી વ્યક્તિ તરત જ ધર્માત્મા બને છે અને નિરંતર શાંતિ પ્રાપ્ત કરે છે. હે અર્જુન ! મારો ભક્ત કદી નાશ પામતો નથી. કેવી મોટી વાત !

**અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્ભાક્ |**
**સાધુરેવ સ મન્તવ્ય: સમ્યગ્વ્યવસિતો હિ સ: ||**

**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શાશ્વચ્છાન્તિં નિગચ્છતિ |**
**કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્ત: પ્રણશ્યતિ ||**

ગીતાના આવા શ્લોકો કે ધર્મશાસ્ત્રના આવા વચનો નિરાશ અને હતાશ થયેલી વ્યક્તિના જીવનમાં જીવન જીવવાની હોંશ અને ઉત્સાહ પ્રેરે છે. પ્રારબ્ધ બદલી શકાતું જ ન હોય તો પછી વ્યક્તિમાં નિરાશા આવી જાય, અથવા ઉદ્ધતાઇ આવી જાય. નિરાશા અને હતાશામાંથી બહાર લાવે એવો આ દોહરો આપણને ગુરુશરણગમનનો સંકેત આપે છે. સુપ્રીમ કોર્ટ ફાંસીની સજા ફરમાવે એટલે પછી

સામાન્યત: એ વ્યક્તિનું મોત નક્કી જ થઇ ગયું કહેવાય. આમ છતાં રાષ્ટ્રપતિને બંધારણે વિશેષાધિકાર બક્ષેલો છે. અને કોકવાર રાષ્ટ્રપતિ એ વિશેષાધિકારનો ઉપયોગ કરીને ફાંસીની સજા રદ કરી શકે. સુદામાના લલાટમાં વિધિએ **શ્રી ક્ષય:** લખ્યું હતું અને પરિણામે એમના પર કારમી ગરીબાઇ આવી પડી હતી. એની ગરીબાઈનું વર્ણન કરતું પ્રેમાનંદનું આખ્યાન સાંભળીએ તો આજે પણ કમકમાટી આવી જાય છે. આવા સુદામાએ પોતાનું બ્રહ્મત્વ સાચવી રાખ્યું હતું અને પરિણામે પોતાના મિત્ર ભગવન શ્રીકૃષ્ણને મળવા ગયા ત્યારે ભગવાને એના લલાટે લખાયેલા વિપરીત લેખને બદલી નાંખ્યા હતા. ભગવાને લલાટના લેખને ઊંધો કરી નાંખ્યો હતો. **"શ્રી ક્ષય:"** હતું તેનું **"યશશ્રી:"** કરી નાંખ્યું.

સમર્થ સંતોમાં પ્રારબ્ધને પલટાવવાની શક્તિ છે, પરંતુ સામાન્ય રીતે તેઓ પરમશક્તિના કાર્યમાં વિઘ્ન કરતા નથી. કુદરત જે કરે છે તે સારા માટે છે એમ માની કુદરતના કાર્યને સ્વીકારી લે છે. પરંતુ એમની ચેતના વિશ્વચેતના સાથે એકરૂપ થયેલી હોવાથી ઘણીવાર એમની ઈચ્છાને અનુરૂપ વિશ્વસત્તા વર્તે છે. આપણા ગુરુમહારાજ સ્થૂલદેહે હતા ત્યારે ઘણાના પ્રારબ્ધને પલટેલા એ સર્વ વિદિત છે. મુ.ભવાનીશંકર શાસ્ત્રીને અને મુ.સુમનલાલ પુરોહિત (ભજન ભાસ્કર)ની માતાને જીવાડવામાં, માજીની સેવામાં ખડેપગે રહેનાર મનહરબહેનને સંતાન આપવામાં પૂ.શ્રીએ પોતાની શક્તિનો ઉપયોગ કરીને વિધિના વિપરીત લેખ પલટ્યાં હતાં.

કોઇ પણ વ્યક્તિની અનન્ય સેવાથી કે એકનિષ્ઠ ભક્તિથી ગુરુમહારાજ અતિ પ્રસન્ન થાય ત્યારે એના અંતરમાંથી પ્રવાહિત થતો આશીર્વાદ એના પ્રારબ્ધને પણ પલટાવી નાંખે છે. શિષ્યને તો એક અડગ શ્રદ્ધા હોવી જોઇએ કે મારી સંભાળ મારો ગુરુમહારાજ રાખે છે અને મારા હિતમાં હોય તે જ કરે છે :

**હું ગુરુનો ગુરુ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ,**
**ગુરુ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ.**

આપણા ધર્મશાસ્ત્રોના આવા આશ્વાસનદાયક વચનો જ આપણને કઠોર પરિસ્થિતિનો સામનો કરવાની અને સાચા રસ્તે ડગ માંડવાની શક્તિ આપે છે. અને આ બધા પોકળ વચનો નથી. એમાં આપેલું અભયપણું તદ્દન વાસ્તવિક છે. આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને અનન્ય ગુરુનિષ્ઠા કેળવવાનો સંકેત આપે છે. આ સંકેત આપણે ઝીલીશું?

●

## ભગવાનને પ્રાર્થના

- તું અમને પૂરતા પ્રમાણમાં સુખી બનાવજે જેથી અમે મઝામાં રહીએ અને પૂરતા પ્રમાણમાં દુ:ખ આપજે જેથી અમને માનવ બનીએ.
- તું અમને પૂરતા પ્રમાણમાં આશા આપજે જેથી અમે સુખી રહીએ પણ પૂરતા પ્રમાણમાં નિષ્ફળતા આપજે જેથી અમે મજબૂત બનીએ.
- તું અમને પૂરતા પ્રમાણમાં સફળતા બક્ષજે જેથી અમે નમ્ર બનીએ અને પૂરતા પ્રમાણમાં મિત્રો આપજે જેથી જીવન સુવિધાવાળુ બને.
- હતાશા ના પ્રવેશે તે માટે પૂરતી શ્રદ્ધા આપજે અને પૂરતા પ્રમાણમાં નિર્ણય શક્તિ આપજે જેથી કાલ કરતાં આજને વધુ સારી બનાવીએ.

જીવન વન છે. એને શું બનાવશો? ઉપવન કે તપોવન?

# સંકેત-૩૧

**સુધાતૃપ્તને ક્ષીરનું વૃથા પ્રયોજન જેમ,**
**નામામૃતથી તૃપ્તને જ્ઞાનયત્ન પણ તેમ.**

(અ.૧૦૧ દો.૪૩)

આ દોહરામાં પૂ.બાપજીએ નામસ્મરણનો મહિમા દર્શાવ્યો છે. જન્મ મરણના ચકકરમાંથી છૂટી જવાનો પુરુષાર્થ એ જ મહા પુરુષાર્થ છે. જ્ઞાન વિના મુક્તિ નથી એ જાણવા છતાં પૂ.શ્રીએ નામસ્મરણના અમૃતથી તૃપ્ત થયેલા માટે જ્ઞાન પ્રાપ્તિનો યત્ન જરૂરી નથી એમ કહ્યું છે.

ભાગવતમાં પણ નામસ્મરણનો મહિમા દર્શાવતા કહ્યું છે કે :

**નામસંકીર્તનમ્ યસ્ય સર્વ પાપ પ્રણાશનમ્ |**
**પ્રણામો દુ:ખશમનસ્તં નમામિ હરિં પરમ્ ||**

'ભવરોગનું અચૂક ઓસડ' પ્રવચનમાં પૂ.શ્રીએ ભવરોગનો ઈલાજ ભગવાન્નામસ્મરણ જ બતાવ્યો છે. ગુરુ નાનક કહે છે કે :

**નાનક દુ:ખિયા સબ સંસારા,**
**જો સુખિયા સો નામ અધારા.**

આમ સંસાર સઘળો દુ:ખથી ભરેલો છે. જે કોઈ પૂર્ણ સુખી છે તેના સુખનો પાયો ભગવન્નામસ્મરણ જ છે. શાસ્ત્રોને ટાંકતા પૂ.શ્રી જણાવે છે :

**હરેનર્મૈવ નામૈવ નામૈવ ભવતારણમ્ |**
**કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ||**

નિષ્કામ કર્મ બંધન ઊભું કરતું નથી.

ભગવાનના નામસ્મરણના માર્ગને રાજમાર્ગ તરીકે ઓળખાવતાં બાપજી આપણને કહે છે કે :

"આ અટપટા કલિકાળમાં એક ભગવન્નામ જ તારક છે. ભગવન્નામસ્મરણનું રહસ્ય એ છે કે- એણે આપણે માટે ઉત્પન્ન કરેલી અનેક વસ્તુઓનું સ્મરણ કરી, જાગ્રત રહી, આપણે પણ પ્રેરણા લઇ અન્ય માટે તેમ કરતાં રહીએ."

કબીર સાહેબ કહે છે :

**ભૂખે ભોજન, પ્યાસે પાની, નંગે બસ્તર દીજે,**
**સાધો ! રામ ભજન કર લીજે.**

પૂ.શ્રીએ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ | "સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત" દ્વારા નામસ્મરણનો જ મહિમા ગાયો છે. પૂ.શ્રી જણાવે છે કે "નામ (ન + આમ) એ આમ જનતાનું નેતિ (ન+ઈતિ=ન આમ) છે. જીવને શિવ સુધી પહોંચાડવાનો પૂલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુ:ખિયાનો વિસામો છે. સુખિયાના આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે અને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે."

નામસ્મરણની વિશિષ્ટતા એ છે કે એનો લાભ સ્ત્રી-પુરુષ, જ્ઞાની-અજ્ઞાની, શ્રીમંત-ગરીબ, નાની-મોટી કોઈ પણ વ્યક્તિ લઇ શકે છે. અરે! 'રામ' ને બદલે 'મરા' બોલવા છતાં 'મરા' 'મરા' કરતાં વાલ્મિકી પણ તરી ગયા હતા. ભગવાન તો એવો દયાળુ છે કે એમને યાદ કરવાના હેતુ વગર કાંઈ બોલાઈ જાય અને એમાં પણ 'રામ' શબ્દ આવે તો એ બોલનારને તારી દે છે. એક નાસ્તિકને પાછળથી ડુક્કરે ધક્કો માર્યો. એને ખબર નહિ કે શું થયું એટલે એનાથી બોલાઈ ગયું કે મને કોઈ હરામખોરે મારી નાંખ્યો. હારામેણ હતોઽસ્મિ માં પણ 'રામ' શબ્દ આવ્યો અને એનો ઉદ્ધાર થઇ ગયો તો ભાવભક્તિથી અને

શ્રદ્ધાથી નામસ્મરણ કરીએ તો ઉદ્ધાર કેમ ન થાય? નામસ્મરણમાં પ્રભુના કોઈ એક જ નામનો જપ કરવાથી આપણા મગજમાં એ 'નામ'ની અસર થાય છે. આ વાતને સમજાવતાં પૂ. બાપજી "દ્વારકાનાં ડિમ ડિમ" પ્રવચનમાં કહે છે કે "ચિત્ત (ચિત્+ત્)" માંથી 'ત'કાર એટલે કે વિષયાધ્યાસ નીકળી જાય અને વિષયને બદલે એ સર્વ વિષયનું અધિષ્ઠાન વિશ્વનાથનું ચિંતન કરવા લાગે કે એ તદ્રૂપ જ થઈ જાય છે ને એ અનાદિ- અનંત આનંદ સાગરમાં ભળી જતાં દુઃખ એને શોધ્યું યે જડતું નથી. ભગવાનના સતત નામસ્મરણને લીધે આપણા "ચિત્"- ચૈતન્યમાં વિષયાધ્યાસરૂપી 'ત'કારને ભળવાની જગ્યા જ નથી મળતી. એ જ પ્રવચનમાં પૂ.શ્રી કહે છે કે :

**રટનં ચ પ્રતિશ્વાસે હિ કૃષ્ણ કૃષ્ણેતિ પાવનમ્ |**
**દગ્ધ્વા પાપાન્યશેષાણિ દર્શયેત્ તત્પરં વિભુમ્ ||**

શ્વાસે શ્વાસે પરમાત્માનાં કૃષ્ણ કૃષ્ણ વિગેરે પાવન નામનું પથ્ય સાથે (દુર્ગુણના ત્યાગ સાથે) રટણ કરો. એનાથી તમારા પાપ સંસ્કાર બધા બળી જશે, પુણ્યનો ઉદય થશે અને એ પુણ્ય વડે જ્ઞાન જાગ્રત થઈ, એ સર્વવ્યાપી સુખ નિધાન પરમ પ્રભુના સર્વત્ર દર્શન સાક્ષાત્કાર થશે. નિશ્ચયપૂર્વક માનો કે આ કલિયુગમાં પરમાત્માનું નામસંકીર્તન એ જ સાક્ષાત્ મનોવાંછા પૂરી કરી ચિરશાંતિ આપનાર કલ્પવૃક્ષ છે.

ભગવન્નામસ્મરણમાં ધનની જરૂર નથી. જ્ઞાનની જરૂર નથી. એમાં શરીરને કષ્ટ પડે એવું નથી અને છતાં બધા શ્રેષ્ઠ સાધનોમાં એ વરિષ્ઠ સાધન છે. યજ્ઞ- યાગ, પૂજન-અર્ચન, કથા વગેરેની સરખામણીમાં નામસ્મરણ એકદમ સરળ છે અને મરણના ભયને દૂર કરનારું છે. દત્તનામસ્મરણમાં પૂ.શ્રી લખે છે કે:

'ગુરુ'નું સ્મરણ કરનાર અંતે ગુરુનું સ્વરૂપ પામે છે.

**"નડે ના અહીં કષ્ટ ના વિત્તહાની,**
**ન ખોવાપણું ના લગે કાવ્યવાણી,**
**સહુ શ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ,**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત !"**

(દ.ના.૨)

સતત ભગવાનનું નામ સ્મરણ કરવાથી રાગ-દ્વેષ, મારું-તારું વગેરેની ગ્રંથી નાશ પામે છે. ચિત્તની શુદ્ધિ થાય છે. પરંતુ નામસ્મરણમાં આટલી જ શક્તિ છે એવું નથી. નામસ્મરણમાં- નામમાં એવી શક્તિ છે કે નામી (જેનું નામ લેતાં હોઈએ તે ઈશ્વર) નામને વશ થઈ જાય છે અને એનાથી પણ એક ડગલું આગળ, નામ લેનાર પોતે જ નામી થઈ જાય છે. પૂ.શ્રી પોતાના ભજનમાં જણાવે છે કે:

**નામ નામીનો ભેદ મટે ને નામી આપ હો જાય !**
**ગાન ગેય ગાનાર ત્રિપુટી રંગ એક થઈ જાય !! હરિના નામનો.**

નામસ્મરણમાં નામ લેનારને નામી કરવાની શક્તિ હોય તેમાં શું આશ્ચર્ય? જો બીકનો માર્યો કીડો ભમરીનું ચિંતન કરવાથી ભમરી થઈ જતો હોય તો પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિથી ભગવાનનું નામ લેનાર ભકત પોતે ભગવાન બને તેમાં શું નવાઈ? પૂ.બાપજી લખે છે કે: હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા.

પૂ.ડોંગરે મહારાજ લખે છે કે: "પરમાત્માએ આ જગતમાં સ્વરૂપ છુપાવ્યું છે પણ એમનું નામ પ્રગટ રાખ્યું છે. પરમાત્માના નામ સાથે જે પ્રેમ કરે છે, એનું જ પાપ છૂટે છે." કલિકાળમાં રામ નામના સ્મરણથી પોતાનો ક્ષય (T.B.) રોગ દૂર કરનાર **'પુનિત' મહારાજ** એ નામસ્મરણના મહિમાનું જવલંત ઉદાહરણ છે. **નામ સુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે** એવું કહીને પૂ.શ્રીએ નામામૃતની સામે બીજા અન્ય સાધનોને ક્ષીર સમાન ગણ્યા છે. નામસ્મરણ કરનાર

ભકતની કાળજી ભગવાન લે છે. જ્ઞાની એ પુખ્ત ઉંમરનો દીકરો છે એટલે એ જાતે પોતાનું સંભાળે છે ત્યારે નામસ્મરણ કરનાર ભક્ત એ પ્રભુનો નાનો લાડકો દીકરો છે એટલે ભગવાન એને ખોળામાં લઇને સંભાળે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને અન્ય ઝઘડાળુ પ્રવૃત્તિ છોડી, નામસ્મરણ કરવાનો સંકેત કરે છે અને તે દ્વારા દુર્ગુણો દૂર કરી, સદ્‌ગુણોને પોષી પ્રભુના બની જવાનો સંકેત કરે છે.

●

## ચિદાનંદરૂપઃ શિવ કેવલોડહમ્ ।

- હું પુરુષ નથી, હું સ્ત્રી નથી તેમ જ હું નપુંસક પણ નથી. આ આખું જગત મારાથી જૂદું નથી. હું કોડહં (હું કોણ- એવો પ્રશ્ન કરનાર કર્તા) નથી તેમ જ હું સોડહં (હું તે છું- એમ અનુભવનાર સાક્ષાત્કારી) પણ નથી. હું તો ફકત આદિ રહિત એક સત્ તત્ત્વ જે ચિદ્ આનંદ સ્વરૂપ છે તે શિવ જ માત્ર છું.
- હું ગંગા નથી, હું ગોદાવરી નથી કે હું રેવા પણ નથી. તે તો માત્ર જળ જ છે. હું નદી પણ નથી કે સમુદ્ર નથી. આ બધામાં માત્ર જળ જ સત્ છે. હું પર્વતેય નથી અને વૃક્ષેય નથી. હું ફકત ચિદાનંદસ્વરૂપ શિવ જે એક માત્ર સત્ છે તે સત્ જ છું.
- હું દેહ નથી, મન નથી, બુદ્ધિ નથી, ઈન્દ્રિયો નથી કે પ્રાણ પણ નથી. મને જન્મે ય નથી અને મૃત્યુ પણ નથી. મને નથી વર્ણો કે નથી આશ્રમો, નથી બંધ કે નથી મોક્ષ, નથી ચિંતા કે નથી ભ્રમ. હું તો ચિદાનંદરૂપ માત્ર શિવ જ છું.

**- રંગ અવધૂત**

# સંકેત-૩૨

**અસાર દુસ્તર સંસૃતિ તરવા સુલભ ઉપાય,**
**ગુરુભજન વિણ અન્ય ના અત્ર પરત્ર સદાય.**
(અ.૧૦૧ દો.૪૭)

સંસાર- જન્મ મરણનો ચક્રાવો- એ માણસ માત્રને થયેલો એક રોગ છે, જેનું નામ છે: ભવરોગ. અશાંતિ, કલેશ, કલહ, અપમાન, અસમાધાન વગેરેથી જીવ આખી જીંદગી દુ:ખી થતો રહે છે. જે છે એનાથી સંતોષ નથી પરંતુ જે નથી એનો અસંતોષ છે અને એ મેળવવા ધમપછાડા કરે છે. આ ધમપછાડા પછી પણ વસ્તુ ના મળે તો એનાથી દુ:ખી થાય છે અને જો એ વસ્તુ મળે (યોગ) તો એને સાચવવાની ચિંતા(ક્ષેમ)માં જ જીવન પૂ રું થાય છે. જીવ અજ્ઞાનને કારણે વસ્તુની પ્રાપ્તિને સુખનું કારણ માને છે. સુખ-આનંદ તો પોતાનામાં રહેલા છે એની એને જાણકારી જ નથી.

આનંદ-શાંતિ એ માનસિક બાબત છે. પત્ની મૃત્યુ પામે ત્યારે ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ એવું ગાનાર નરસિંહ મહેતાની માનસિક ભૂમિકા એવી હતી કે તેની શાંતિ છીનવાઇ ગઇ નહિ અને એની સામે અજ્ઞાની જીવ મારી પત્ની મૃત્યુ પામે તો મારૂં શું થાય? એવા કાલ્પનિક વિચારથી દુ:ખી દુ:ખી થઇ જાય. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે:

**ઔષધિ કૌન પિલાવે ગુરુ બિન ઔષધિ.**
**ભવ વ્યાધિ યહ બહોત સતાવે,**
**સુધ બુધ ભૂલાવે... ગુરુ બિન.**

ત્યાગ એ શાંતિની જનેતા છે.

આ સંસાર એ રોગ છે એનું જ પહેલાં તો આપણને ભાન થતું નથી. વ્યક્તિને સોજા આવ્યા હોય અને તેથી એનું શરીર ફૂલી ગયું હોય તો એ ચિંતાનો વિષય છે, પણ અબુધ અને અજ્ઞાની વ્યક્તિ તો એ ફૂલેલું શરીર જોઇને પોતાનું સ્વાસ્થ્ય સારું થયું છે એવું માને અને મનમાં ફૂલાય તો એને શું કહેવું? ભૌતિક સુખ સગવડ, પત્ની, સંતાનો મળે તો આપણે એને ભગવદ્‌કૃપા કહીએ છીએ જ્યારે સંતો અને શાસ્ત્રો એમ કહે છે કે જ્યારે ભગવાન કૃપા કરવાનો હોય છે ત્યારે પહેલાં આ બધું લઈ લે છે. જેમ વરસાદ આવતા પહેલાં વીજળી થાય છે, વાદળાનો ગડગડાટ થાય છે તેમ ભગવાન કૃપા કરતાં પહેલાં દુનિયા જેને આપત્તિ માને છે તેને મોકલે છે અને સંપત્તિ છીનવી લે છે. પૂ.બાપજી ઉપાસના કાંડમાં જણાવે છે કે:

**રોગ નહિ એ ઈશની કૃપા નિશ્ચયે જાણ,**
**નિયમ એહ ભગવાનનો જે પર કૃપા મહાન-**

**કરવી હોય નિજાંતરે આધિ વ્યાધિમાં તેમ**
**સપડાવે એને હરિ, ઉપાધિમાં વા તેમ.**

**મિથ્યા પ્રપંચમાં યથા રહે ન એનું મન,**
**કંટાળી હરિને સ્મરે થાય અયત્ન સ્મરણ.**

(અ.૧૦૬ દો.૪૭ થી ૪૯)

જન્મ મૃત્યુના ચકકરમાં આંટા મારતા વિષયી જીવને અનેક પ્રકારનાં આધિ, વ્યાધિ અને ઉપાધિ હોય છે. જેમ જેમ વિષયો સંતોષાતા જાય તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. પૂ.શ્રી લખે છે કે :

**વિષય વિષમજવર અતિ ઘબડાવે,**
**તૃષ્ણા પ્યાસ બઢાવે..... ગુરુ બિન.**

પરંતુ આવી દુ:સહ્ય સ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ ખરો? પૂ.શ્રી ભજનમાં લખે છે:

વિષ કરતાં પણ વિષય વધારે ભયંકર છે.

**ઐસો કૌન કૃપાલુ જગમેં**
**આવા ગમન મિટાવે !..... ગુરુ બિન.**

આ ભવસાગર તરવાનો રસ્તો છે- ઉપાય છે ગુરુભજન. ગુરુનું ભજન કરવાથી, ગુરુ રાજી થવાથી એ આપણને જ્ઞાન આપે છે, સાચી વાત સમજાવે છે. ઔષધિ આપે છે એમ નહિ, ઔષધિ પિવડાવે છે અને અજ્ઞાન દૂર કરી આપણને સાચા અને સારા વિચારો આપી સ્વાથ્ય બક્ષે છે. પણ ગુરુભજન એટલે શું? ગુરુભજન એટલે ગુરુએ જે આદર્શો જીવનમાં પાળી બતાવ્યા તે આદર્શો આપણે પણ પાળવાનો પ્રયત્ન કરવાનો. ગુરુભજન એટલે ગુરુને ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું. આવી સાદી સમજ કેળવીએ તો પણ આ સંસાર સાગર સહેલાઈથી તરી જવાય.

માનાર્હ **કામતજીના "શ્રીગુરુચરિત્ર કથામૃત"** ગ્રંથના આવકાર-પુરસ્કારરૂપે લખેલા લેખમાં પૂ.શ્રી જણાવે છે કે: "દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઈ જ સાધન નથી."

**ન કરે સદ્‌ગુરુ ભજન | ન થાય ભવવૃક્ષનું છેદન.**
**ભલે કોટિ કોટિ સાધન | લાવ લઈ જાવ કર્યે.**

**દૂર કરવા દુરિત | જેમ ગંગાજળ સમર્થ |**
**તેમ ભવભયને ભસ્મ કરત | જાણે નક્કી ગુરુભક્તિ ||**

**કરવા ભવનું નિર્દલન | ખાસ કરવું ગુરુભજન |**
**એ જ શ્રેષ્ઠ છે સાધન | સદ્‌ભાગી જાણો ગુરુભક્ત ||**

( નાથ ભાગવત અ.૧૨)

સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી, સદ્‌ગુરુનું શરણું સ્વીકારવું, સદ્‌ગુરુની સેવા કરવી અને સદ્‌ગુરુને ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું અને એ દ્વારા સદ્‌ગુરુને રીઝવવા એ જ સદ્‌ગુરુનું ભજન છે. સદ્‌ગુરુની સેવા દ્વારા

થયેલી તપશ્ચર્યાથી સંચિત પાપ સંસ્કારોનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ થઇ એમની અમોઘ કૃપા- પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. અને એકવાર ગુરુકૃપા મળે એટલે જ્ઞાનપ્રાપ્તિ માટે કેટલો વખત લાગે? અને જ્ઞાન પ્રાપ્તિ થઇ એટલે સર્વ દુ:ખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે?

પરંતુ આવા સમર્થ સદ્‌ગુરુ મળે અને સાચા અર્થમાં એનું ભજન થાય એ પણ સુલભ નથી. જીવ પર ભગવાન જ્યારે અનન્ય કૃપા કરે છે ત્યારે જ એને સમર્થ સદ્‌ગુરુ આવી મળે છે, અને જીવ એમની શરણાગતિ એવા ભાવે સ્વીકારે છે કે પછી એને તારવાની જવાબદારી સદ્‌ગુરુ સ્વીકારી જ લે છે. પૂ.બાપજી ૧૯૬૨માં દ્વારકાથી લીંચ આવ્યા ત્યારની વાત છે. મુ.બચુભાઇ (હાલના પૂ.પ્રેમ અવધૂતજી)એ બાંધેલી નાની કુટિરમાં પાટ ઉપર પૂ.શ્રી આરામ કરતા હતાં અને મુ.બચુભાઇ સેવામાં હતા. પૂ.શ્રીએ લીંચથી નારેશ્વર કેટલું દૂર થાય એવું પૂછ્યું. મુ.બચુભાઇએ એનો જવાબ આપ્યો ત્યારે પૂ.શ્રી બોલ્યા “ઓહોહો ! આટલું બધું દૂર છે?” અને પછી કહ્યું કે “આ બધા સંબંધો તો આગળથી ચાલ્યા આવતા હોય છે” ત્યારે મુ.બચુભાઇએ ધીરેથી સ્વગતોક્તિ કરી કે હવે તારે જનમવું ન પડે એવું કરજે. આનો અર્થ શો? આનો અર્થ એ કે શિષ્ય તરીકે હવે મારે જન્મ ન લેવો પડે એવું કરજે, નહિતર હું જન્મીશ તો તારે પણ જન્મવું જ પડશે. જ્યાં સુધી શિષ્ય ભવસાગર ન તરે ત્યાં સુધી ગુરુએ જોડે રહેવું જ પડે. સદ્‌ગુરુભજન એટલે સદ્‌ગુરુની વૃત્તિમાં આપણી વૃત્તિ ભેળવી દેવી.

ગુરુભજન દ્વારા સંસાર સાગરને સહેલાઇથી તરવાનો આ રસ્તો આપણે પકડીએ એવો સંકેત છે તે ઝીલીએ.

●

# સંકેત-૩૩

**કામ માત્ર શ્રદ્ધા તણું, દેખે પરચો સંત,**
**રંગ વલ્ગના તર્કની નિરર્થ અહીંયા હન્ત !**

(અ.૧૦૧ દો.૫૦)

શ્રીગુરુલીલામૃતમાં પૂ.શ્રીએ આપણને અનેક સંકેતો આપ્યા છે. આપણે જો સંકેતો પકડી શકીએ, એ સંકેતો સમજી શકીએ અને એ પ્રમાણે જીવી શકીએ તો એ શ્રીગુરુલીલામૃતનું એકજ પારાયણ આપણને જન્મ-મરણના ચક્કરમાંથી છોડાવી દેશે. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના શબ્દોમાં કહું તો **"જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે."**

પૂ.શ્રીએ આપણને ભકત તરીકે, શિષ્ય તરીકે કે અભ્યાસુ તરીકે શ્રીગુરુલીલામૃતનું પારાયણ કરવાનું નથી કહ્યું. એમણે આપણને સંત થઈને શ્રીગુરુલીલામૃતનું પારાયણ કરવાનું, શ્રવણ કરવાનું કહ્યું છે. પહેલા અધ્યાયમાં વિપ્ર નિરંજનની કથા ૧૧૫માં દોહરાથી શરૂ થાય છે. એ પહેલાનો દોહરો લખતાં પૂ.શ્રી જણાવે છે કે :

**ગુરુકથા જ્ઞાનપ્રદા, કામધેનુસમ જાણ,**
**સત્ય વચન એ માહરું સૂણો સંત દઈ કાન.**

(અ.૧ દો.૧૧૪)

સમગ્ર ગ્રંથમાં આપણને અનેક વાર પૂ.શ્રીએ સંત તરીકે સંબોધન કર્યું છે, કારણ કે બ્રહ્મ રસાસ્વાદથી ભરેલા શ્રીગુરુલીલામૃતનું શ્રવણ-પારાયણ સંત જ કરી શકે. એ જ અધ્યાયમાં પૂ.શ્રી અધ્યાયને પૂરો કરતા પહેલાં લખે છે કે:

**"આગળ રસમય એ કથા સૂણો સંત ગભીર,**
**પ્રથમાધ્યાયે આ કર્યું, વંદન મંગલ ધીર."**

(અ.૧ દો.૧૨૯)

આવા તો કેટલાયે દોહરા છે જ્યાં આપણને સંત તરીકેનું સંબોધન કરીને, આપણને સંત થવાનો સંકેત આપ્યો છે. સંત કોને કહેવાય એ ચર્ચામાં ઊંડા ન ઉતરીએ તો પણ સત્ તત્ત્વને પામવા નીકળેલ, પામવા પ્રયત્ન કરનાર અને દૈવીગુણોથી જીવનને હર્યું ભર્યું બનાવનાર જરૂર સંત કહેવાય. શાંતિ પમાડે તેને સંત કહીએ એ વાત ધ્યાનમાં રાખીએ તો સંતત્વ ઓળખવું સરળ બની જાય.

અથાતો બ્રહ્મજિજ્ઞાસા | હવે બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી જોઈએ એ સૂત્ર ઉપર ભાષ્ય કરતાં ભાષ્યકાર પૂ.શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્ય 'અથ' શબ્દને સમજાવતાં લખે છે કે અથ (હવે) એટલે અમુક વસ્તુ મેળવ્યા પછી. તો બ્રહ્મ જાણવાની ઈચ્છા કરતાં પહેલા શું મેળવેલું હોવું જોઈએ?

બ્રહ્મ જાણવાની ઈચ્છા કરનારે વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષુપણું એવા ચાર સાધનો મેળવેલા હોવા જોઈએ. ટૂંકમાં સાધન ચતુષ્ટય સિદ્ધ કર્યા પછી બ્રહ્મ જાણવાની ઈચ્છા કરવી જોઈએ. તો શ્રીગુરુલીલામૃતમાં તો બાપજી આપણને બ્રહ્મનો રસાસ્વાદ કરાવવાની વાત કરે છે. "બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાદ્યંત" એમ કહીને શ્રીગુરુલીલામૃતમાં આદિથી અંત સુધી બ્રહ્મરસ જ ભરેલો છે અને પૂ.શ્રી આપણને તે બ્રહ્મરસ પાય છે અને આપણે એ બ્રહ્મરસ પીવાનો છે.

**"લે ચરિતામૃત ઘટ સુખે કરી પાન પિવાવડ,**
**હોય તૃષાતુર તેહને મોત પાડશે રાડ."**

(અ.૧ દો.૯૩)

કેવળ પ્રથમ અધ્યાયમાં જ દોહરા નં. ૮૯,૯૨,૧૧૩,૧૧૪ અને ૧૨૯માં આપણને સંત તરીકે સંબોધ્યા છે. સંતદૃષ્ટિ હશે તો જ પરચાઓ દેખાશે, અનુભવ થશે. પૂ.શ્રીએ પ્રથમ અધ્યાયના ૧૦૪મા દોહરામાં જ વિશ્વાસપૂર્વકનું કથન કરીને ચેતવણી પણ આપી છે.

**પ્રેમ** વગર આપી શકાય, પણ આપ્યા વગર **પ્રેમ** ન થઈ શકે.

**જોયું જે અનુભવ દગે બોલું તે જ પ્રમાણ,**
**રાખો શ્રદ્ધા હૃદયમાં નવ કરશો અનુમાન.**

(અ.૧ દો.૧૦૪)

ગુરુમહારાજના શરણે ગયા પછી, શરણાગતિ સ્વીકાર્યા પછી યોગક્ષેમની જવાબદારી એમની રહે છે અને એ યોગક્ષેમ વહન કરે છે જ એવી અડગ અને અતૂટ શ્રદ્ધા હોવી જોઇએ. શ્રદ્ધા એ હૃદયનો વિષય છે અને તર્ક એ બુદ્ધિનો વિષય છે. સંતો અને શાસ્ત્રો કહે તેમાં અતૂટ શ્રદ્ધા રાખીને જે જીવે છે તેને એનું ફળ મળે છે. **શ્રદ્ધા ફલતિ સર્વત્ર** એ વિધાન પણ શ્રદ્ધાનું મહત્ત્વ સૂચવે છે. આવી શ્રદ્ધા ક્યાં જન્મે? અને ક્યારે જન્મે?

ગીતા કહે છે કે **શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્** અને સાથે સાથે એમ પણ કહે છે કે: **સંશયાત્મા વિનશ્યતિ**. નિર્દોષ, ભોળા, નિષ્કપટી વ્યક્તિના હૃદયમાં શ્રદ્ધા જન્મે છે. જે બહુ ભણેલા હોય છે, કહેવાતા બુદ્ધિશાળી હોય છે તે વાદ વિવાદ ને તર્કમાં સમય વ્યતિત કરતા હોય છે. જ્યારે ભલો અને ભોળો માણસ ગુરુનું વાક્ય, શાસ્ત્રનું કથન સાચું જ છે એમ હૃદયથી સ્વીકારી જ લે છે.

શ્રદ્ધા અને વિશ્વાસ એ જીવન નાવને ચલાવનાર બે હલેસાં છે. અને આ હલેસા જેટલા શક્તિશાળી હશે તેટલી નૈયા જલદી ભવપાર થવાની. શ્રદ્ધા અને ભાવનાથી વ્યક્તિનું ચિંતન વિધેયક (Positive) થવાનું. આને કારણે એનો આત્મવિશ્વાસ (Will Power) મજબૂત બનવાનો. શ્રદ્ધાને કારણે મન શાંત રહેવાનું. આવું શાંત મન આત્મવિશ્વાસને કારણે સાચા નિર્ણય લઇ શકશે અને પરિસ્થિતિનો સામનો કરી શકશે.

શ્રદ્ધા રાખવાનું, સદ્ભાવના કેળવનારનું જીવન પણ નિખાલસતાથી અને નિષ્કપટતાથી ભરેલું હોવું જોઇએ. દેવ, મંત્ર, તીર્થ, વૈદ્ય, ગણક, ગુરુ અને બ્રાહ્મણમાં ભાવના- શ્રદ્ધા જ ફળે છે.

યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી એ વાત અહીં સો ટકા સાચી પડે છે.

મુ. દાસકાકાની પત્નીને પૂ. બાપજીમાં એટલી બધી શ્રદ્ધા હતી કે કોઈપણ વાતે ગભરાય જાય કે તરત બાપજીને યાદ કરે. ઘરમાં લીંપણ કરતાં હોય અને ગારો ખૂટે એવું લાગે તો પણ ગુરુમહારાજને યાદ કરે અને એનું કામ પૂરું થઈ જાય. કેટલાકને તો આ વાતમાં તથ્ય પણ ના લાગે. પરંતુ એ બુદ્ધિશાળી, તાર્કિક લોકોની વાત છે.

પૂ.શ્રી આ દોહરા દ્વારા આપણને ગુરુમહારાજમાં અનન્ય શ્રદ્ધા રાખવાનો અને તર્ક વિર્તક નહિ કરવાનો સંકેત આપે છે. પોતે ગુરુમહારાજનું રમકડું છે અને ગુરુમહારાજ જેમ રમાડે તેમ રમવાનું છે એવું સ્વીકારી લે તે સાચો ભક્ત.

નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજના કહેવાથી ખેડૂતે જુવાર કાપી નાંખી ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે “મેં તો તને હસવામાં- મશ્કરીમાં કહ્યું હતું.” ત્યારે ખેડૂતે કેવો સરસ જવાબ આપ્યો? મેં તો તમે કહ્યું એટલે કાપી નાંખ્યું. તમે હસવામાં કહ્યું હોય તો ભલે કહ્યું પણ મેં તો તમારી આજ્ઞા પ્રમાણે વગર વિચારે કરી નાંખ્યું છે. આનું નામ શ્રદ્ધા. આવી શ્રદ્ધા રાખનારનાં યોગક્ષેમની જવાબદારી ગુરુમહારાજે લેવી જ પડે અને લે છે જ. પૂ.શ્રી લખે છે કે :

**શરણાગતને વજ્રપંજર સમ જે નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**

(અ.૧૩૨ દો.૨૬)

આપણે પણ આપણા ગુરુમહારાજમાં આવી અનન્ય શ્રદ્ધા રાખીને અનન્ય શરણાગતિ સ્વીકારીએ એ આ દોહરા દ્વારા રજૂ થતો સંકેત છે.

●

# સંકેત-૩૪

**માટે જ્ઞાની જન્મથી કરે હર્ષ ના જાણ,**
**થતાં મરણ દુ:ખે કદી રડે ન તેજ પ્રમાણ.**
(અ.૧૦૪ દો.૧૫૪)

આ સંસારમાં જન્મેલા બધા જ માનવીઓ પોતાનું પ્રારબ્ધ ભોગવીને પછી જ દેહ છોડતાં હોય છે. પરંતુ એ પ્રારબ્ધવશ થતી પરિસ્થિતિને જોવાની દૃષ્ટિ જુદી જુદી હોવાને કારણે વ્યક્તિ મોહવશ દુ:ખી થતો હોય છે અથવા તો તટસ્થ રહીને દુ:ખથી પર રહેતો હોય છે. વ્યક્તિ સૃષ્ટિ બદલી શકતો નથી, પરંતુ દૃષ્ટિ જરૂર બદલી શકે છે અને બધાં પ્રશ્નો દૃષ્ટિનાં જ હોય છે ને !

પૂ.બાપજીના નાના ભાઈ નારાયણભાઈનું નારેશ્વરમાં અવસાન થયું ત્યારે એમની બળતી ચિતા સામે બેઠેલા બાપજીએ ભજન લખ્યું :

**"ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિ:સંગી હૈ,**
**સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ."**

આ ભજનમાં બાપજીએ લખ્યું કે: "ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ, જો હૈ સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈં."

મૃત્યુ વિશેની સાચી સમજ ન હોવાને કારણે અને ગેરસમજ હોવાને કારણે હંમેશા મૃત્યુનો ઘેરો શોક જોવા મળે છે. વ્યક્તિને મૃત્યુનો ભારે ડર હોય છે. વ્યક્તિનો જન્મ થાય છે ત્યારે જ તેનું મૃત્યુ નિશ્ચિત થઇ ગયું હોય છે પરંતુ એ તો દેહનું મૃત્યુ હોય છે. આત્મા તો અમર છે. એટલે વ્યક્તિ જે શોક કરે છે તે દેહ ગયાનો કરે છે. શરીરનો અર્થ જ નાશવંત થાય છે. **"ક્ષણે ક્ષણે શીર્યતે ઈતિ શરીર:"** ક્ષણે ક્ષણે ઘસાતું જાય તે શરીર કહેવાય.

બોલ બોલ બોલ **પ્રેમ** વેણ એક બોલ.

જો માણસમાં વિવેક આવી જાય તો એની દૃષ્ટિ, અવિવેકીની દૃષ્ટિ કરતાં જુદી થઇ જાય. પરંતુ **"બિનુ સતસંગ વિવેક ન હોઈ, રામકૃપા બિનુ સુલભ ન સોઈ"** એ ન્યાયે ભગવદ્કૃપા થાય ત્યારે સત્સંગ મળે અને સત્સંગ થાય ત્યારે વિવેક આવે.

વિવેક એટલે શું? નિત્યાનિત્ય વિચાર. કઇ વસ્તુ નિત્ય છે, કાયમની છે, શાશ્વત છે અને કઇ વસ્તુ અનિત્ય છે, કામ ચલાઉ છે, નાશવંત છે એનો વિચાર કરી એની સમજ પાકી કરવી એ વિવેકબુદ્ધિ છે. જે નિત્ય છે તે શ્રેયસ્કર છે. સામાન્ય જીવનમાં પણ આપણે ઘરેણાંને સાચવીએ છીએ, ઘરેણાંની ચિંતા કરીએ છીએ પણ જેમાં ઘરેણાં મૂકવામાં આવે છે તેની એટલી ચિંતા કરતાં નથી, કારણકે ઘરેણાંની પેટી તૂટી જાય તો બીજી પેટીમાં ઘરેણાં મૂકી શકાશે. ઘરેણાની પેટી અને ઘરેણાં એમાં સાચવવા જેવી વસ્તુ ઘરેણાં છે, ઘરેણાંની પેટી નહિ. એ સમજમાં વિવેક છે. તો એ જ રીતે દેહ એ ઘરેણાંની પેટી છે અને આત્મા એ ઘરેણું છે તેથી દેહનો નાશ એ શોકજનક બાબત નથી કારણકે આત્મા તો અજર-અમર હોવાથી એક દેહ પડતાં બીજા સારા-નવા દેહને ધારણ કરે છે. માણસમાં વિવેક આવે તો સાચી સમજ આવે ને મોહ દૂર થાય. પૂ.શ્રી લખે છે કે:

**જન્મ મરણ ઘટમાળ એ થાએ બંધ ન જાણ-**
**મોહ નષ્ટ થયા વિના, શાસ્ત્રે નિશ્ચય માન.**

(અ.૧૫ દો.૧૧૧)

કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ કરવા ગયેલા અર્જુનને ખબર તો હતી જ કે એણે કોની કોની સામે યુદ્ધ કરવાનું છે, પરંતુ એ બધાને મેદાનમાં જોયા ત્યારે એ મોહાન્વિત થઇ ગયો અને પરિણામે "કરવાનું કાર્ય નહિ કરું અને નહિ કરવાનું કાર્ય કરું એવા નિર્ણય પર આવી ગયો. આ વ્યાપેલા મોહને દૂર કરવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણે આખી ગીતાનું ગાન કરવું પડ્યું."

**પ્રેમ** એ જીવનનું સૌથી તાકાતવર બળ છે.

અજ્ઞાની અને જ્ઞાની એક જ જગતને જુએ છે પણ એની દૃષ્ટિમાં ફેર છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે,**
**મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ટસમ પૂરે |**
**બરફ ટૂકડો વહ્યો જળમાં, જનારાને જુદો ભાસે,**
**કઠણ-મૃદુ ભેદ દૃષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે.**
**બધા મનદૃષ્ટિના વાંધા અનંતે સાન્તતા ન્હોયે,**
**દિસે તે ના તથા અંતે ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે.**

"વાંચ વાંચ વિશ્વગ્રંથ વાંચવા જો ચાહના" એ ભજનમાં પૂ.શ્રી લખે છે કે :

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવાં,**
**મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં.**

આ દૃષ્ટિ ફેરવવા માટે, વિવેક જાગૃત કરવા માટે, સાચા અર્થમાં સત્સંગની, ચિંતન-મનનની જરૂર છે. દૃષ્ટિ ફેરવવાનું એટલું સરળ નથી. "કર સત્સંગ અભી સે પ્યારે, નહિતર આખર રોના હૈ" જેવી ચેતવણીયુકત શિખામણ બાપજીએ આપણને આપી છે. શ્રીગુરુલીલામૃતના ૨૦મા અધ્યાયમાં એક ગૂઢ પ્રશ્નનો બાપજી ઉલ્લેખ કરી એનો જવાબ પણ આપે છે.

**દૈવભોગ સમાન જો મૂઢ જ્ઞાનીને એમ,**
**શી શ્રેષ્ઠતા જ્ઞાનીમાં? ઊઠે શંકા તેમ.**

(અ.૨૦ દો.૧૧૧ પ્રશ્ન-શંકા)

**મા વ્યાકુળ થા મન વિષે સાંભળ આપી ધ્યાન,**
**જ્ઞાની ભોગ ન નોતરે થાએ બદ્ધ ન માન.**
**સ્વપ્નવત્ માની બધું રહે નિર્લેપ એમ**
**ઈંદ્રજાલવત્, મૂઢ ત્યાં થાય આસક્ત તેમ.**

**રાગ દ્વેષાદિક સહુ, ના મુક્તને એહ,**
**મોહ શોક તેથી નહીં, પીડે જડને જેહ.**
**અજ્ઞાની ભયમાં રહે, જ્ઞાની નિર્ભય જાણ,**
**અજ્ઞાની દુ:ખે મરે, જ્ઞાની અમૃત ખાણ.**

(અ.૨૦ દો.૧૧૧ થી ૧૧૫ શંકાનું નિવારણ)

વિવેક ન હોવાને કારણે અનિત્ય દેહમાં નિત્ય બુદ્ધિ, શરીર દુ:ખરૂપ હોવા છતાં તેમાં સુખબુદ્ધિ, લોહી, માંસ, હાડકાંથી બનેલો દેહ ગંદો હોવા છતાં તેને શણગારવાની બુદ્ધિ એટલે કે અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ અને પોતે દેહ નથી, પોતે દેહમાં રહેવાવાળો છે તેમ છતાં દેહને હું માનવાની બુદ્ધિ એટલે કે અનાત્મમાં આત્મબુદ્ધિ થાય છે. જન્મ-મરણનો આનંદ-શોક અવિવેકીને જ થાય છે. જે જન્મનો આનંદ કરતો નથી તેને મરણનો શોક પણ નથી.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને વિવેકદૃષ્ટિ કેળવીને રાગ-દ્વેષ, હર્ષ-શોક, મારું-તારું વિગેરેના દ્વંદ્વમાંથી બહાર નીકળીને પરમપદ પ્રાપ્તિના લક્ષને સિદ્ધ કરવાનો સંકેત કરે છે. જેની પાછળ જગત ગાંડું બને, તે બધા પાછળ જે ગાંડો ન થાય તે સંત એ પામી ગયેલો સંત ગણાય.

# સંકેત-૩૫

**"નથી અત્ર" ના બોલવું માટે નાસ્તિક વેણ,**
**દેખે સંતો આજ પણ, હોય નિરામિષ નેન !**
**જુએ અભાવિક ના કદિ, ભાવિકને દર્શન-**
**થાય નિત્ય, સૂપાય આ કર્યો તદર્થ ગહન.**

(અ.૧૦૫ દો.૩૨-૪૧)

દિવ્ય ચેતનાનો અનુભવ કરવા માટે વ્યક્તિએ પુરુષાર્થ કરવો જ પડે છે. સામાન્ય વ્યક્તિ કરતાં આવા પરમ પુરુષાર્થ કરનારા દિવ્ય પુરુષોનું જીવન અલૌકિક હોય છે. જ્યાં સુધી શરીરને સંબંધ છે ત્યાં સુધી તો દરેકનું શરીર શાંત થાય જ છે. ભગવાન રામ અને કૃષ્ણ જેવા પણ દેહધારી થયા તેથી તેમણે પણ દેહનો ત્યાગ કરવો પડ્યો. પરંતુ એ દેહનું બંધન જતાં એ પરમ તત્ત્વ વધુ અસરકારક રીતે અને વધુ વિસ્તૃતરૂપે કાર્ય કરે છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**"કારણકે જન દૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,**
**તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર."**

(અ.૧૨૨ દો.૧૨૨)

સમર્થ પુરુષની શક્તિ વિષે સામાન્ય માનવીને ખબર હોતી નથી, ખબર હોય છે તો ત્યાં અડગ શ્રદ્ધા અને નિષ્ઠા હોતી નથી અને પરિણામે એ તર્ક-વિતર્કમાં જીવન વ્યતિત કરતો હોય છે અને સારી વસ્તુનો લાભ ગુમાવતો હોય છે.

પૂ.શ્રી માટે મુ.ભવાનીશંકર શાસ્ત્રીએ રચેલો શ્લોક આપણે બોલીએ છીએ ખરા પણ એની ભાવનાને સમજી શકીએ છીએ ખરા? એ ભાવનામાં દૃઢ શ્રદ્ધા ને વિશ્વાસ છે ખરા? પૂ.શ્રી માટે એમણે વાપરેલાં વિશેષણો જુઓ કેવાં છે?

માતાના બે ચરણ છે: એક સમતા અને બીજું મમતા.

**શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં**
**દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ |**
**સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં**
**સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ||**

પૂ.બાપજી યોગી નથી પણ યોગીન્દ્રોમાં પણ શ્રેષ્ઠ છે. શ્રોત્રિયં (શ્રુતિ જાણનાર) છે, બ્રહ્મનિષ્ઠ છે (બ્રહ્મજ્ઞ નહિ પણ બ્રહ્મનિષ્ઠ), સચ્ચિદાનંદમાં મગ્ન છે, સિદ્ધ છે વગેરે. આવી વ્યક્તિની કક્ષા, શક્તિ, તાકાતનો આપણને શું ખ્યાલ આવે? **'યોગીકથામૃત'**માં ક્રિયાયોગ દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિના વર્ણનો આવે છે તે બધા જ બાપજી જેવા પુરુષોને લાગુ પડે છે. આવા સિદ્ધ પુરુષો પોતાની શક્તિનો જનહિત માટે ઉપયોગ કરે તો પણ કોઈને ખબર પડવા દેતા નથી. એમની ચેતના વિશ્વ ચેતના સાથે એવી સંલગ્ન હોય છે કે એમને કશું કરવું પડતું જ નથી, પરંતુ વિશ્વચેતના જ એમની ઈચ્છા પ્રમાણે વર્તે છે. નારેશ્વરમાં સ્થૂલ દેહે રહેતા હોય અને છતાં રાજપીપળાના પ્રાગજી મિસ્ત્રીના પુત્રને લાકડા વહેરવાના મશીનમાંથી કપાઈ જતાં બચાવે અથવા મગનભાઈ વશીના મનમાં ચાલતા વિચારોને પ્રગટ કરે, દામજીકાકાને પોતાના પરબ્રહ્મપણાનો અનુભવ કરાવે એ બધા વાસ્તવિક પ્રસંગો આવી દિવ્યશક્તિનો પરિચય કરાવે છે. “આ તો આપણી ચાર આની લીલા છે, બાકીની બાર આની તો પછી થશે.” એવું પૂ.શ્રી સહજતાથી બોલી ગયા હોય તો તે પાછળ પણ આપણે ઊંઘતા ઝડપાઈએ નહિ એવો જ ખ્યાલ હશે.

નારેશ્વરમાં રહ્યા રહ્યા અનેક ભક્તોનો આર્તનાદ સાંભળીને તેમણે એ રીતે મદદ કરી જ છે અને જ્યારે ભક્ત આવો પરચો વર્ણવે ત્યારે પૂ.બાપજી તો એવું જ કહે છે કે આપણા ગુરુમહારાજ છે ને ! પૂ.બાપજીએ માનનીય કામતજીને “શ્વાસેઽશ્વાસે દત્તનામ સ્મરાત્મન્” શબ્દનો અર્થ સમજાવતો એક પત્ર લખ્યો હતો.

એક માતા સો શિક્ષકની ગરજ સારી શકે છે.

એમાં શ્વાસે શ્વાસેનો એક અર્થ પ્રત્યેક શ્વાસે તો કર્યો જ હતો પણ શ્વાસેઽશ્વાસે (શ્વાસે + અશ્વાસે) એમ અવગ્રહ મૂકીને, જીવતાં હોઈએ ત્યારે દરેક શ્વાસે અને મૃત્યુ પામીએ (અશ્વાસે) ત્યારે પણ દત્તના નામનું સ્મરણ થવું જોઈએ એમ જણાવતાં એમણે ઉમેર્યું કે ચોખામેળાના મૃત અસ્થિમાં દષ્ટિગોચર થયેલ તેમ.

વિજ્ઞાન પણ સ્વીકારે છે કે શક્તિનો નાશ થતો નથી પરંતુ એનું રૂપાંતર થાય છે. સમર્થ પુરુષો પોતાનું શરીર છોડી દે પછી તો સમગ્ર વાતાવરણમાં વ્યાપ્ત રહે છે. એને શરીરનું બંધન રહેતું નથી. ફક્ત એ શક્તિને એની રીતે કામ કરવા દઈને આપણે એને અનુકૂળ બનીએ અને એ શક્તિની મદદ ઝીલવાને પાત્ર બનીએ તો પછી આ દોહરાની વાત સમજાઇ જાય છે.

પૂ.શ્રી સ્થૂલ દેહે હતા ત્યારે ઘણાને સ્વપ્ન દ્વારા પોતાના પ્રવાસની માહિતી આપતાં એ તો સર્વ વિદિત છે જ, પણ બ્રહ્મલીન થયા પછી પણ સંદેશા આપવાનું હજી ચાલુ છે. “યોજકસ્તત્ર દુર્લભ:” નામના લેખમાં (જુઓ સેવાતપ કલિતાર- પ્રકાશક : પ્રેમ જયંતી સમિતિ) મુ.જયંતિલાલ આચાર્યએ જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે એ પ્રસંગમાં પ.પૂ.બાપજીએ બ્રહ્મલીન થયા પછી પૂ.પ્રેમ અવધૂતજીને જે રીતે સંદેશા દ્વારા માર્ગદર્શન આપ્યું તેનો ઉલ્લેખ છે. પૂ.પ્રેમ અવધૂતજી પોતાના ઘરેથી કુટિર જાય ત્યારે ગામની ભાગોળ આવતાં જ કાને શબ્દ પડે, “આપણા ગુરુલીલામૃતમાં શું નથી?” અને આવું એક વાર નહિ, પણ ત્રણ-ચાર વાર બન્યું ત્યારે જે તે વ્યક્તિને ગુરુલીલામૃતમાંથી અનુષ્ઠાન આપ્યું અને એ અનુષ્ઠાન પણ વાંચી વિચારીને નહિ, પરંતુ સર્વ શક્તિમાનની ઇચ્છા અનુસાર જ આપ્યું ત્યારે એ અનુષ્ઠાન ઇચ્છેલું ફળ આપનાર બન્યું.

બ્રહ્મલીન થયા પછી એ દિવ્ય ચેતના પોતાનું કામ કરતી જ હોય છે અને એ સૂક્ષ્મરૂપે ત્યાં વિચરતી જ હોય છે. ફક્ત એને જાણવા

‘મા’ જન્મ આપતી વખતે રક્ત વહાવે છે તેથી વિરક્ત થઇ શકે છે.

માટે, માણવા માટે, અનુભવવા માટે આપણે નિર્મળ મનનાં, નિર્મળ હૃદયનાં થવું પડે. સાધુને ઓળખવા માટે સ્વયં સાધુ થવું પડે એ સર્વસ્વીકૃત સત્ય છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને આપણો જીવન વ્યવહાર શુદ્ધ, પ્રેમાળ અને નિખાલસ બનાવવાનો સંકેત આપે છે. જો હજી પણ બાપજીની ઉપસ્થિતિ હોય જ તો પછી એની સ્થૂળ હાજરીમાં જે આમન્યા રાખીને આપણે વર્તતા હતા તે જ રીતે અત્યારે પણ વર્તવું જોઈએ. પૂ.શ્રી તો છે જ અને આપણને જુએ જ છે. આપણે કદાચ એને નથી જોઈ શકતા. પરંતુ નથી દેખાતા એટલે નથી એવું તો કેમ કહેવાય? નારેશ્વર કે જે બાપજીની તપોભૂમિ છે તેના કણ કણમાં, ઝાડના પાંદડે પાંદડે અને ત્યાં રહેનારી કોઈપણ વ્યક્તિમાં બાપજી આજે પણ વિરાજમાન છે જ અને તેથી પૂ.શ્રીના દરેક સ્થાનમાં જઈએ ત્યારે તન-મનથી શુદ્ધ થઈને જઈએ, વાણીમાં સત્ય અને નિર્દોષતા, વર્તનમાં પ્રેમ અને નિખાલસતા રાખીએ તો જ ગુરુમહારાજની સાચી ભક્તિ કરી કહેવાય. આપણા વર્તનથી ગુરુમહારાજ લેશમાત્ર નારાજ ન થાય અને રાજીના રેડ થઈ જાય તો પછી જીવીએ ત્યાં સુધી રોજ જ રંગજયંતીનું પર્વ રહે અને રંગશતાબ્દી પર્વને બદલે સમગ્ર જીવન જ શતાબ્દી વર્ષનું પર્વ બની જાય. પૂ.શ્રીના આ સંકેતને ઝીલીએ, જીવીએ અને એને અનુરૂપ શતાબ્દી પર્વ ઉજવીએ.

●

- પ્રેમ આપવાથી વધે છે અને જેટલો આપો તેનાથી બમણો મળે છે.
- આપી દીધા પછી અકળામણ ના થાય, પણ આનંદ થાય તો સમજજો કે પ્રેમ છે.
- પ્રેમ વગર આપી શકાય, પણ આપ્યા વગર પ્રેમ ન કરી શકાય.
- પ્રેમનો એક શબ્દ ઘણીવાર વ્યક્તિના જીવનને ટર્નીંગ પોઈન્ટ આપી દે છે.
- દૂધમાં ખટાશ ભળે તો દહીં થાય, પ્રેમમાં અશુદ્ધતા ભળે તો વાસના બની જાય.
- પ્રેમ વહેંચવાનો હોય. પ્રેમ ગુણોનો ગુણાકાર કરે છે અને દોષોનો ભાગાકાર કરે છે.
- પ્રેમમાં ત્યાગ છે, સમર્પણ છે, બીજા માટે કંઈક કરી છૂટવા ની તમન્ના છે.
- પ્રેમને પૈસાથી ન તોલાય
- શેતાનને માથે શિંગડાં નથી હોતાં, હોય છે કેવળ પ્રેમ વિનાનું હૈયું.
- Love is the master key to success.

# જીવન વ્યવહાર

જીવનનો વ્યવહાર તને શીખવાડે છે અવધૂત,
ઘરમાં સ્વર્ગ ઉતારવા કાજે વાંચ ગુરુલીલામૃત,
અમૃતનું પાન કરાવે, સાચું તને ભાન કરાવે.

પથ્થરને તેં દેવ ગણ્યા ને ખર્ચ્યાં લાખો ભાઈ,
માત-પિતાને કાજ કદી ના ખર્ચી તેં રાતી પાઈ,
દેવ રહે ક્યાંથી રાજી ? ગોઠવી ઊંધી બાજી... જીવનનો...

પતિ એ મારો પરમેશ્વર એ મંત્ર જ ભૂલી ગઈ,
મંત્ર જપ્યા બીજા લાખ હજારો સ્વચ્છંદે ડૂલી ગઈ,
વળે ક્યાંથી તારો દહાડો, સાચા પંથે રે ચાલો... જીવનનો...

એક બીજાને દેવ ગણો[1] એ ભૂલ્યા ગુરુ ઉપદેશ,
દેવને ભૂલી મંદિર પૂજે, વધાર્યા રાગ ને દ્વેષ,
વધી જીવનમાં ભ્રાંતિ, મળે તને ક્યાંથી શાંતિ ?... જીવનનો...

**પાપીગણુ** તો રંગ ચરણમાં મૂકી દઈને શીશ,
વિનવે વ્હાલા ! આપી દેજો અંતરના આશિષ,
તારું કહેલું હું માનું, સાચા પંથે રે ચાલું... જીવનનો...

---

૧. પરસ્પરદેવો ભવ

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય